gujaratvandan.com



જાન્હવી કપૂરે મુંબઈના બાન્દ્રામાં રૂ.65 કરોડમાં ખરીદ્યુ ડુપ્લેક્સ

પેજ 11

ગુરૂવાર 10 નવેમ્બર 2022

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

કારતક વદ 02, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 27 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**


સમય એવી વસ્તુ છે કે... ગણે રાખો તો ખૂટે, વાપરો તો વધી પડે, સંઘરો તો નીકળી જાય, પણ...સાચવી લ્યો તો તરી જાય...

## નેપાળ-ભારત અને ચીનમાં ભૂકંપથી લોકો ભયભીત

# ત્રણ દેશોમાં ભૂકંપના આંચકા: શુ ચંદ્ર ગ્રહણની અસર?

### ગઈ કાલે રાત્રીએ ચંદ્ર ગ્રહણ પુરુ થયા બાદ 6.3ની તીવ્રતાનો ભૂકંપ નોધાયો, 6 લોકોના મોત

ગુજરાત | વંદન



ચંદ્ર ગ્રહણ- સૂર્ય ગ્રહણના પગલે કુદરતી અને માનવ સર્જિત આપત્તિ આવતી હોવાની માન્યતાને બળ મળે તેવી એક ઘટનામા ગઈ કાલે રાત્રે ચંદ્ર ગ્રહણ પૂર્ણ થયા બાદ ભારત સહિત ત્રણ દેશોમાં ભૂકંપ સર્જાયો છે. જેમા પડોશી દેશ નેપાળમાં સૌથી વધુ નુકશાન થયુ હોવાના અહેવાલ છે. ભારત-નેપાળ અને ચીનમાં તેની અસરો જોવા મળી છે. ભારતમાં ઉત્તરીય રાજ્યોના શહરોમાં ભૂકંપના આચંકા અનુભવવામાં આવ્યા હતા. નેપાળમાં ઓછામાં ઓછા 6 લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં મકાનોને નુકશાન પહોંચ્યુ છે. બચાવ અને રાહત કાર્યવાહી યુધ્ધના ધોરણે ચાલી રહી છે. ભારતમાં જોકે કોઈ જાનહાનિ કે નુકશાનના અહેવાલ નથી.

ભારતના પડોશી દેશ નેપાળમાં ગઈ મોડી રાત્રે 6.3ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના આંચકા રાજધાની દિલ્હી સુધી અનુભવાયા હતા. દિલ્હી ઉપરાંત નોઈડા, ગાઝિયાબાદ, લખનૌ, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ભૂકંપના આંચકાથી ભયભીત થઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. આ ભૂકંપના કારણે અડધા ભારતની

...અનુસંધાન પાના નં. 06

## ચંદ્રગ્રહણ અને ભૂકંપ વચ્ચેનુ શું છે કનેક્શન?



જ્યોતિષો અનુસાર, ચંદ્રગ્રહણનો સીધો સંબંધ કુદરતી આફતો સાથે પણ હોય છે. જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણને અશુભ માનવામાં આવે છે. આ ઉપરથી કહી શકાય એમ છે કે દિવાળીના દિવસે સૂર્યગ્રહણ હોવાના કારણે મોરબી દુર્ઘટના બની હતી, જેમાં 135થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એવી જ રીતે ગઈકાલે (મંગળવાર) ચંદ્રગ્રહણ હોવાના કારણે તેની અસરના પગલે ભારત સહિત વિશ્વના ત્રણ દેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

આ ખગોળીય ઘટનામાં ચંદ્ર પૃથ્વીની એકદમ નજીક આવે છે. વિજ્ઞાન અનુસાર, ભૂકંપ ટેક્ટોનિક પ્લેટો એકબીજી સાથે ટકરાય તેના કારણે આવે છે તથા ભૂકંપના કારણે જ સુનામીનો જન્મ થતો હોય છે. અને જ્યોતિષના, મતે ટેક્ટોનિક પ્લેટો ગ્રહોના પ્રભાવથી ખસતી હોય છે. ભૂકંપની તીવ્રતા પ્લેટો પર પડતા ગ્રહોના પ્રભાવ પર નિર્ભર કરે છે.જ્યોતિષો અનુસાર, ગ્રહણ વિશે માન્યતા છે કે, સૂર્યગ્રહણ જન-માણસોને તથા ચંદ્રગ્રહણ પાણી અથવા સમુદ્રને પ્રભાવિત કરે છે. ગ્રહણ લાગે તો એ કુદરતી આફત આવશે તેના પર ઈશારો કરે છે, જેમાં પૂર, તોફાન, ભૂકંપ, મહામારી જેવી આફતોથી પૃથ્વીને નુકશાન પહોંચાડી શકે છે. ખગ્રાસ ચંદ્રગ્રહણ પણ એજ શ્રુંખલામાં આવે છે. જોકે, કેટલાક લોકો આને માત્ર અંધવિશ્વાસ માને છે અને તેના પર વિશ્વાસ કરતા નથી.

## ભારતમાં ક્યાં ક્યાં અનુભવાયા આંચકા?

ભારતમાં દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ અને ગુરુગ્રામમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લખનૌમાં પણ ભૂકંપના આંચકાએ લોકોની ઊંઘ ઉડાડી દીધી. USGS અનુસાર, ભૂકંપનું કેન્દ્ર નેપાળના દિપાયલથી 21 કિમી દૂર હતું. સાંજે પણ અહીં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમની તીવ્રતા 4.9 અને 3.5 હતી. આ પહેલા ઉત્તરાખંડમાં રવિવારે સાંજે પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

### ભૂકંપથી સૌથી વધુ નેપાળમાં નુકસાન

નેપાળમાં આવેલા ભૂકંપથી સૌથી વધુ નુકસાન નોંધાયું છે. અહીંના ડોટીમાં ભૂકંપના આંચકાને કારણે એક મકાન ધરાશાયી થયું હતું. આ અકસ્માતમાં 6 લોકોના મોત થયા હતા. જ્યારે 5 લોકો ઘાયલ થયા છે. ડોટીમાં 6.6ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મૃતકોમાં એક જ પરિવારના 3 લોકોનો સમાવેશ થાય છે. ભૂકંપમાં ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

### ભારતમાં નુકસાનના કોઈ અહેવાલ નહીં

ગૃહ મંત્રાલયના કંટ્રોલ રૂમે ભૂકંપથી પ્રભાવિત રાજ્યો પાસેથી માહિતી મેળવી છે. અત્યાર સુધી દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાંથી કોઈ જાનહાની કે જાનહાનિના અહેવાલ નથી. ગૃહ મંત્રાલય સતત રાજ્યોના સંપર્કમાં છે.

## બજાર અપડેટ



| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 61033.55 | 18157.00 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| પીઆઈ ઇન્ડસ્ટ્રીઝ | +9.9 % |
| પીએનબી | +7.41 % |
| બેંક ઓફ બરોડા | +5.02 % |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| ડો.લાલપેથલેબ | -6.86 % |
| ડો.લાલપેથલેબ | -6.22 % |
| જુબીલન્ટ ફૂડ | -7.55 % |



| સોનું | ચાંદી |
|---|---|
| 53,070 | 67,400 |



## ન્યૂઝ બ્રિફ

### બ્લૂ ટીક હોય કે ના હોય- પૈસા તો ચુકવવા જ પડશે: મસ્ક

જો તમે ટ્વિટર યુઝર છો અને તમારી પાસે બ્લુ ટિક નથી, તો પણ તમારે ફી ચૂકવવી પડી શકે છે. ટ્વિટરની કમાન હાથમાં આવતાની સાથે જ એલોન



મસ્કએ કઠિન નિર્ણયો લેવાનું શરૂ કર્યું, સૌથી પહેલા તેણે ટ્વિટરની ઉચ્ચ પોસ્ટ પર બેઠેલા ભારતીયોને કંપનીમાંથી બહારનો રસ્તો બતાવ્યો અને ત્યારપછી જે યુઝર્સ પાસે બ્લુ ટિક માર્ક છે. મસ્કે જાહેરાત કરી હતી કે બ્લુ ટિક યુઝર્સને દર મહિને લગભગ 650 રૂપિયા ચૂકવવા પડશે. બ્લુ ટિક યુઝર્સ આ નિર્ણયથી ગભરાઈ ગયા હતા કે હવે સમાચાર આવી રહ્યા છે કે જો તમે બ્લુ ટિક યુઝર ન હોવ તો પણ તમારે ટ્વિટરનો ઉપયોગ કરવા માટે ફી ચૂકવવી પડી શકે છે.

### ચંદ્રચુડ દેશના 50મા મુખ્ય ન્યાયાધીશ બન્યા, રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યાં

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આજે દેશના 50મા મુખ્ય ન્યાયાધીશ તરીકે પદ સંભાળ્યું છે. ચંદ્રચુડને બુધવારે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત



એક કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. તેઓ CJI યૂયૂ લલિતનું સ્થાન લેશે, જેઓ આજે નિવૃત્ત થઈ રહ્યા છે. અગાઉ 6 નવેમ્બરે CJI યૂયૂ લલિતને ઔપચારિક સેરેમોનિયલ બેંચની રચના કરીને વિદાય આપવામાં આવી હતી. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડના પિતા યશવંત વિષ્ણુ ચંદ્રચુડ વાયવી ચંદ્રચુડ દેશના 16મા મુખ્ય ન્યાયાધીશ હતા. વાયવી ચંદ્રચુડનો કાર્યકાળ 22 ફેબ્રુઆરી 1978થી 11 જુલાઈ 1985 સુધી લગભગ સાત વર્ષ સુધી ચાલ્યો હતો. CJIનો આ અત્યાર સુધીનો સૌથી લાંબો કાર્યકાળ છે. તેમના પુત્ર જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ તેમના પિતાની નિવૃત્તિના 37 વર્ષ બાદ CJI બન્યા છે. સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં આ પહેલું ઉદાહરણ છે કે પિતા પછી પુત્ર પણ CJI બનશે.

### સંજય રાઉતને જામીન મળ્યા: પત્રા ચાલ કૌભાંડ કેસમાં PMLA કોર્ટનો નિર્ણય

ઠાકરે જૂથના નેતા સંજય રાઉતને પત્રા ચાલ કૌભાંડ કેસમાં જામીન મળી ગયા છે. પત્રા ચાલ કૌભાંડ કેસમાં પીએમએલએ કોર્ટમાંથી તેમને મોટી રાહત મળી છે. તેમજ આ કેસમાં કોર્ટે પ્રવિણ રાઉતના જામીન પણ મંજૂર કર્યા છે. સંજય રાઉત છેલ્લા 100 દિવસથી કસ્ટડીમાં છે. આજે જામીન મળતાં ઠાકરે જૂથમાં આનંદ છવાયો છે. ઠાકરે જૂથના નેતાઓએ એવી પ્રતિક્રિયા આપી છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની તોપ બહાર આવશે અને ફરી ગોળીબાર કરશે.

# જી-20 સમિટના ''લોગો''માં કમળના સમાવેશ સામે કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

### • વડાપ્રધાન મોદીએ જાહેર કર્યો હતો આગામી જી-20 સમિટનો લોગો અને વેબસાઇટ

ગુજરાત | વંદન

ભારત G-20 સમિટની યજમાની કરવા જઈ રહ્યું છે. આ સમગ્ર દેશ માટે ગર્વની વાત છે. પીએમ નરેન્દ્ર મોદીએ થોડા સમય પહેલા તેનો લોગો અને વેબસાઈટ લોન્ચ કરી હતી. હવે G-20 ના લોકો પર કોંગ્રેસ નેતા જયરામ રમેશે ભાજપ પર નિશાન સાધતા મોટું નિવેદન આપ્યું છે. જી-20ના લોગો પર બનેલા કમળના ફૂલની કડક શબ્દોમાં નિંદા કરતા જયરામ રમેશે કહ્યુ કે, 'જી-20નો લોગો હવે ભાજપનું ચૂંટણી પ્રતીક બની ગયો છે. ભાજપ તેના પ્રચાર માટે કોઈ તક છોડતું નથી, તેથી વૈશ્વિક સંસ્થાને હોસ્ટ કરવા માટે જારી કરાયેલ લોગો પર કમળનો ફોટો મૂકવો તે એક પ્રકારની બેશરમી છે.જયરામ રમેશે પણ નારાજગી વ્યક્ત કરતા ટ્વિટ કર્યું હતું, જેમાં તેમણે લખ્યું હતું કે, 'આજથી 70 વર્ષ પહેલા જવાહરલાલ નેહરુજીએ કોંગ્રેસના ધ્વજને ભારતનો ધ્વજ બનાવવાના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. હવે દેશ દ્વારા બનાવવામાં આવેલ જી-20ની યજમાનીનો લોગો ભાજપનું ચૂંટણી પ્રતીક બની ગયો છે. આ બધી ચોંકાવનારી ઘટના છે. અમે અત્યાર સુધીમાં જાણીએ છીએ કે પીએમ મોદી અને ભાજપ પોતાના માટે પ્રચાર કરવાની એક પણ તક છોડશે નહીં!' કોંગ્રેસ ભાષણબાજી કરતી વખતે આ લોકો પર હુમલો કરી રહી છે. તમને જણાવી દઈએ કે G-20 નો લોગો, થીમ અને વેબસાઈટ રિલીઝ કરતી વખતે વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત માટે આ એક ઐતિહાસિક અવસર છે. G-20 લોગોમાં કમળનું ફૂલ ભારતની પૌરાણિક વિરાસત, આપણી શ્રદ્ધા, આપણી બુદ્ધિમત્તાનું નિરૂપણ કરે છે. નોંધપાત્ર રીતે, 1 ડિસેમ્બરના રોજ, ભારત વર્તમાન પ્રમુખ ઈન્ડોનેશિયાના શક્તિશાળી જૂથ G20 ની અધ્યક્ષતા ગ્રહણ કરશે.

## ભાજપનું કમળ હવે... वसुधैव कुटुम्बकम्..!




## ભાગેડુ નીરવ મોદીને ભારત લાવવાનો રસ્તો સાફ

### • UK હાઈકોર્ટે નીરવની અરજી ફગાવી દીધી

ગુજરાત | વંદન



ભારતીય માનક બ્યુરો (BIS) દ્વારા અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલ અને LED બલ્બ બનાવતી કંપની પર દરોડા પાડવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે દરોડા દરમિયાન અધિકારીઓએ ખૂબ મોટી સંખ્યામાં સ્ટાન્ડર્ડ માર્ક વગરના એલઈડી બલ્બનો જથ્થો તેમજ વેચાણના બિલ સહિત કમ્પ્યૂટરમાંથી ડિજિટલ ડેટા જપ્ત કર્યો છે.

અસારવા ખાતે આવેલી એલઈડી બલ્બ ઉત્પાદક શ્રીજી પાવર ટેક એકમ પર દરોડા પાડવામાં આવ્યા હતા. કંપની BISના લાઈસન્સ વિના બલ્બનું ઉત્પાદન કરતી હતી. ભારતીય માનક બ્યુરો (BIS) ના અધિકારીઓ દ્વારા બ્યુરો પાસેથી લાઈસન્સ લીધા વિના એલઈડી બલ્બના ઉત્પાદનમાં સંડોવણીની માહિતી સામે આવી હતી.

જેના આધારે સોમવારે અસારવાના અષ્ટમંગલ એસ્ટેટ ખાતે આવેલા શ્રીજી પાવરટેક પર દરોડા પાડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભારતીય માનક બ્યુરોના માન્ય લાઈસન્સ વગર ઉત્પાદન કરનાર વિરૂદ્ધ બે વર્ષ સુધીની જેલ અને ઓછામાં ઓછાં રૂ. 2 લાખના દંડની જોગવાઈ છે.

## ભાજપમાં 'હું નહીં તૂ' સિદ્ધાંતનો ફરી અમલ: નેતાઓએ કહ્યું-ચૂંટણી નહીં લડીએ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ઉમેદવારોના નામો પર ચર્ચા કરવા હાલ દિલ્હીમાં ભાજપની ચર્ચા-વિચારણા ચાલી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી સરકારના સમયના મંત્રી અને ભાજપના સિનિયર નેતા ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા તેમજ પ્રદીપસિંહ જાડેજા પણ ચૂંટણી નહીં લડે. દિલ્હીથી યાદી જાહેર થાય તે પહેલા ભાજપના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ પ્રદીપસિંહ જાડેજા સહિતના નેતાઓએ સ્વૈચ્છિક જાહેરાત કરી દીધી છે. અગાઉ વિજય રૂપાણી અને નીતિન પટેલે ચૂંટણી ન લડવાની જાહેરાત કરી હતી.

ગુજરાત વિધાનસભા ચૂંટણી રાજ્યના આંગણે આવીને ઊભી છે ત્યારે સામાન્ય રીતે ઉમેદવારો ચૂંટણી લડવાની જાહેરાતો કરતા હોય છે. પરંતુ ભાજપમાં તો ઉલ્ટી ગંગા ચાલી રહી છે કારણ કે આજે મોડી રાત્રે ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થવાની વકી છે ત્યારે અહીં સિનિયર નેતાઓએ ધડાધડ ચૂંટણી નહીં લડવાની જાહેરાતો કરી છે. આવામાં સવાલ એ થાય છે કે મોડી સાંજે જ તમામ સિનિયર નેતાઓ કેમ એક પછી એક ચૂંટણી નહીં લડવાની સ્વૈચ્છિક તૈયારી બતાવી રહ્યાં છે. ચર્ચા એવી થઈ રહી છે કે આ નેતાઓની ટિકિટ પહેલેથી જ ઉંમર કે પર્ફોર્મન્સને આધારે કાપી દેવામાં આવી છે. જેથી સત્તાવાર યાદી જાહેર થાય તે પહેલા જ તેમને સ્વૈચ્છિક જાહેરાત કરી દેવાની સૂચના આપી હોઈ શકે. અત્યાર સુધી જુઓ કેટલા નેતાઓએ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે.

ચૂંટણીમાં આ મોટા માથાઓના નામો પણ કપાવાની શક્યતા વલ્લભાઈ કાકડીયા, નીમાબેન આચાર્ય, વાસણ આહીર યોગેશ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી કુમાર કનાણી, કાંતિ બલર પૂર્ણેશ મોદી, ઝંખના પટેલ, પંકજ દેસાઈ, પ્રદીપ પરમાર આઈ.કે.જાડેજા, સૌરભ પટેલ કૌશિક પટેલ, વિભારી દવે રાઘવજી પટેલ, શંભુજી ઠાકોર બલરામ થવાણી, અરવિંદ રૈયાણી ગોવિંદ પટેલ, બાવકુ ઊંધાડ, કેવલ જોશીયારા, આત્મારામ પરમાર રમણ પાટકર, ઈશ્વર પરમારનો સમાવેશ થાય છે.

## કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર, વિકાસમાં અવરોધ:પીએમ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે હિમાચલ પ્રદેશની મુલાકાતે છે. તેઓ અહીં કાંગડાના ચંબી મેદાનથી લોકોને સંબોધિત કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે ભાજપની ડબલ એન્જિન સરકાર જ હિમાચલ પ્રદેશના લોકોને સ્થિરતા અને સુશાસન આપી શકે છે. કોંગ્રેસ હિમાચલમાં ક્યારેય સ્થિર સરકાર આપી શકતી નથી અને ઈચ્છતી પણ નથી. તમે જુઓ, સરકાર માત્ર બે-ત્રણ જગ્યાએ રહી ગઈ છે. શું ક્યારેય કોંગ્રેસના રાજ્યમાંથી વિકાસના સમાચાર આવે છે? ઝઘડાના સમાચાર જ આવે છે. કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર, કોંગ્રેસ એટલે વિકાસમાં અવરોધ. કોંગ્રેસનો આધાર હજુ પણ પરિવારવાદ છે. આવી સરકાર ક્યારેય વિકાસ કરી શકશે નહીં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, હું હિમાચલ પ્રદેશ ભાજપને આટલો સારો મેનિફેસ્ટો બનાવવા માટે શુભેચ્છા પાઠવું છું. આ મેનિફેસ્ટો હિમાચલના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. હિમાચલ ભાજપના 11 શુભ સંકલ્પો હિમાચલના વિકાસને નવી ગતિ આપશે. તેમણે કહ્યું, "કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજના શરૂ કરી, હિમાચલની ભાજપ સરકારે ગૃહિણી યોજના ચલાવીને તેમાં વધુ લોકોને ઉમેર્યા. કેન્દ્ર સરકારે આયુષ્માન યોજના શરૂ કરી,

...અનુસંધાન પાના નં. 06

# પાકિસ્તાન T20 વર્લ્ડ કપ 2022ની ફાઈનલમાં

### સેમીફાઈલમાં ન્યૂઝીલેન્ડને 7 વિકેટે હરાવ્યું

ગુજરાત | વંદન



T20 વર્લ્ડ કપ 2022ની પ્રથમ સેમિફાઈનલમાં પાકિસ્તાને ન્યૂઝીલેન્ડને 7 વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે, પાકિસ્તાનની ટીમ T20 વર્લ્ડ કપ 2022ની ફાઈનલમાં પહોંચી ગઈ છે, જ્યાં તેનો મુકાબલો રવિવારે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલના વિજેતા સાથે થશે. ન્યૂઝીલેન્ડે બુધવારે પાકિસ્તાન સામે T20 વર્લ્ડ કપ સેમિફાઈનલમાં ચાર વિકેટે 152 રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ માટે ડેરીલ મિશેલે 35 બોલમાં અણનમ 53 રન અને કેપ્ટન કેન વિલિયમસને 42 બોલમાં 46 રન ફટકારીને સ્કોર 150ની પાર પહોંચાડ્યો હતો. જવાબમાં બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાને પ્રથમ વિકેટ માટે 75 બોલમાં 105 રનની ભાગીદારી કરીને ટીમને જીતની નજીક પહોંચાડી હતી. બાબર આઝમે 53 અને મોહમ્મદ રિઝવાને 57 રન બનાવ્યા હતા. પાકિસ્તાને 5 બોલ બાકી રહેતા 3 વિકેટે 153 રન બનાવીને મેચ જીતી લીધી હતી.

ગ્રુપ સ્ટેજમાં સરેરાશ પ્રદર્શન બાદ નસીબના આધારે સેમીફાઈનલમાં પહોંચેલી પાકિસ્તાની ટીમનું વલણ આજે સંપૂર્ણપણે બદલાઈ ગયું હતું. તેના બેટ્સમેનોની સાથે બોલરોએ પણ શિસ્તબદ્ધ પ્રદર્શન કર્યું હતું અને ફિલ્ડિંગ પણ ખૂબ જ ઝડપી હતી.

...અનુસંધાન પાના નં. 06

### આજે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે સેમિફાઈનલ

ટી20 વર્લ્ડ કપ 2022ની સેમિફાઈનલમાં ટીમ ઈન્ડિયાનો મુકાબલો ઈંગ્લેન્ડની ટીમ સાથે થશે. આ મેચ ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલમાં 10 નવેમ્બરે રમાશે. ટી-20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા ચોથી વખત ઈંગ્લેન્ડ સામે ટકરાશે. ભારતીય ટીમે T20 વર્લ્ડ કપમાં બે વખત ઈંગ્લેન્ડને હરાવ્યું છે. ઈંગ્લેન્ડની ટીમ એક મેચ જીતવામાં સફળ રહી છે. તે જ સમયે, બંને ટીમો T20 ક્રિકેટમાં અત્યાર સુધીમાં 22 વખત ટકરાયા છે. ભારતીય ટીમ 12 વખત જીતવામાં સફળ રહી છે. તે જ સમયે, ઈંગ્લેન્ડની ટીમે ભારત સામે 10 વખત જીત મેળવી છે.

## વાંકી નજરે...





સૌજન્યથી...

## ગાંધીનગરમાં બીજા તબક્કામાં 5 ડિસેમ્બરના થશે મતદાન

# ગાંધીનગર જિલ્લાની વિધાનસભા બેઠકોમાં કોંગ્રેસનો રહ્યો છે પ્રભાવ

■ વર્ષ 2017ની ચૂંટણીમાં પાંચમાંથી ત્રણ બેઠકો કોંગ્રેસે જીતી હતી

ગુજરાત | વંદન




ગુજરાતમાં 15મી વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે, એવામાં રાજ્યની રાજધાની ગાંધીનગરની વાત કરીએ તો ગાંધીનગર જિલ્લામાં બીજા તબક્કા તબક્કામાં 5 ડિસેમ્બરના રોજ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કુલ પાંચ વિધાનસભા સીટ પર ચૂંટણી યોજવામાં આવે છે. વર્ષ 2017ની ચૂંટણીની વાત કરીએ તો ગાંધીનગર જિલ્લાની ત્રણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની જીત થઈ હતી. જ્યારે બે બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી.

### જિલ્લાની 5 વિધાનસભા બેઠકો પર કુલ 13,25,604 મતદારો

પ્રસિદ્ધ થયેલી ફાઈનલ મતદાર યાદી મુજબ ગાંધીનગર-દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાં 1,90,927 પુરુષ મતદારો, 1,80,660 મહિલા મતદારો અને અન્ય 11 સહિત કુલ 3,71,598 મતદારો છે.ગાંધીનગર-ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં 1,29,938 પુરુષ મતદારો, 1,23,739 મહિલા મતદારો અને અન્ય 11 સહિત કુલ 2,53,688 મતદારો છે. દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં 1,11,876 પુરુષ મતદારો, 1,08,796 મહિલા મતદારો અને અન્ય 15 સહિત કુલ 2,20,687 મતદારો છે.માણસા વિધાનસભા મતવિસ્તારમાં 1,18,676 પુરુષ મતદારો, 1,12,162 મહિલા મતદારો અને 9 અન્ય સહિત કુલ 2,30,847 મતદારો છે. જ્યારે કલોલ વિધાનસભા મતવિસ્તારમાં 1,27,795 પુરુષ મતદારો, 1,20,986 મહિલા મતદારો અને અન્ય 3 સહિત કુલ 2,48,784 મતદારો છે. આમ ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો પર કુલ પુરુષ મતદારોની સંખ્યા 6,79,212 છે જ્યારે અને મહિલા મતદારોની સંખ્યા 6,46, 343 અને અન્ય 49 મળીને કુલ મતદારો 13,25,604 છે.

| No | બેઠક નામ | બીજેપી | કોંગ્રેસ | વિજેતા |
|---|---|---|---|---|
| 34 | દહેગામ | બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ | કામીનીબા રાઠોડ | BJP |
| 35 | ગાંધીનગર દક્ષિણ | શંભુજી ચેલાજી ઠાકોર | ગોવિંદ ઠાકોર | BJP |
| 36 | ગાંધીનગર ઉત્તર | અશોકભાઈ પટેલ | સી.જે. ચાવડા | INC |
| 37 | માણસા | અમિતભાઈ ચૌધરી | સુરેશ પટેલ | INC |
| 38 | કલોલ | અતુલભાઈ પટેલ | બળદેવજી ઠાકોર | INC |

### 6,000 પોલીસ કર્મચારીઓને ઇલેક્શનની ડ્યુટી ફાળવાઈ

6000 જેટલા પોલીસકર્મીઓ ગુજરાત વિધાનસભાની ચૂંટણી શાંતિ રીતે થાય તેને ધ્યાનમાં લઈને ગાંધીનગર જિલ્લામાં 5 વિધાનસભા બેઠક અંતર્ગત 6,000 જેટલા પોલીસ કર્મચારીઓને ઈલેક્શનની ડ્યુટી ફાળવવામાં આવી છે. આ ઉપરાંત આદર્શ આચારસંહિતા અને ખર્ચ નિયંત્રણ માટે પણ અલગ-અલગ ટીમોની રચના ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

### 2017ની ચૂંટણીમાં આ હતું પરિણામ...

ગુજરાતમાં 14મી વિધાનસભાની ચૂંટણી 9મી ડિસેમ્બર, 2017 અને 14 ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. 18મી ડિસેમ્બરના રોજ મતગણતરી કરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી હતી. જોકે, 2012ની ચૂંટણીની સરખામણીમાં કૉંગ્રેસનો વોટ શેર અને બેઠકમાં વધારો થયો હતો. ગુજરાતમાં 1985 પછી કોંગ્રેસ પાર્ટીએ સૌથી વધારે બેઠક મેળવી હતી. આ ચૂંટણીમાં બીજેપીને 99 બેઠક મળી હતી. કૉંગ્રેસને 77 બેઠક મળી હતી.

# પાંચ મહિનાના પક્ષીએ નોન-સ્ટોપ 13560 કિલોમીટરનો પ્રવાસ કરી દુનિયાને ચોંકાવી!

■ અલાસ્કાથી ઓસ્ટ્રેલિયાના તાસ્માનિયા સુધી સતત ઉડાન કર્યું, નવો રેકોર્ડ

ગુજરાત | વંદન



બાર પૂંછડીવાળા ગોડવિટ પક્ષીનું નામ સાંભળ્યું છે? આ પક્ષીને ઈન્ટરનેટ પર ખૂબ જ વખાણ મળી રહ્યા છે, જેના કારણે તેણે એક રેકોર્ડ બનાવ્યો છે. હા, આ પક્ષીએ તમામ જૂના રેકોર્ડ તોડીને જબરદસ્ત નવો રેકોર્ડ બનાવીને દુનિયાને ચોંકાવી દીધી છે. અને અલબત્ત, આ પક્ષીની ઉંમર આશ્ચર્યજનક છે. વાસ્તવમાં, આ 5 મહિનાના પક્ષીએ અલાસ્કાથી ઓસ્ટ્રેલિયાના તાસ્માનિયા સુધી 13,560 કિમીનો પ્રવાસ કર્યો છે, તે પણ નોન-સ્ટોપ.

રિપોર્ટ અનુસાર, આ પક્ષી નોન-સ્ટોપ ઉડતું રહ્યું, આટલું લાંબુ અંતર કાપવામાં આ પક્ષીને 11 દિવસ અને 1 કલાકનો સમય લાગ્યો. માત્ર 5 મહિનાની ઉંમરના આ 'બાર-ટેલેડ ગોડવિટ' પક્ષીએ રોકાયા વિના આટલી લાંબી ઉડાન પુરી કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. 13 ઓક્ટોબર, 2022 ના રોજ, અલાસ્કામાં પ્રવાસ શરૂ કરતા પહેલા, તેની પીઠના નીચેના ભાગમાં એક સેટેલાઇટ ટેગ મૂકવામાં આવ્યું હતું, જેનો નંબર 2324684 હતો, જે આ પક્ષીની ઓળખ છે.

વૈજ્ઞાનિકોએ આ 5G ટેગને ટ્રેક કર્યો અને તેમાંથી મળેલા ડેટા અનુસાર જાણવા મળ્યું કે આ પક્ષીએ 25 ઓક્ટોબરે આ મેરેથોન યાત્રાને રોક્યા વિના પૂર્ણ કરી હતી. તમને જણાવી દઈએ કે, આ 'બર્ડ ટ્રેકિંગ પ્રોજેક્ટ' મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટના પક્ષીવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા ચલાવવામાં આવ્યો હતો. પુકોરોકોરો મિરાન્ડા શોરબર્ડ સેન્ટર નામની એનજીઓએ ફ્લાઇટ વિશે ફેસબુક પર જાણ કરી હતી કે તાસ્માનિયામાં એક સ્થાનિક પક્ષી પ્રેમી સંભવિત લેન્ડિંગ જોવા માટે મુલાકાત લેવા માંગતો હતો, પરંતુ કદાચ ભારે વરસાદે તેને આમ કરતા અટકાવ્યું હોત.

આ પક્ષી અધવચ્ચે ક્યાંય અટક્યું નહીં, પ્રવાસના નકશાને જોતા એવું લાગે છે કે આટલી દૂરની મુસાફરીમાં તેણે પૃથ્વી પર ક્યાંય પગ મૂક્યો નથી અને સતત ઉડતું રહ્યું છે. રસ્તામાં તેને ઓશનિયા, વનુઆતુ અને ન્યુ કેલેડોનિયા જેવા ટાપુઓ પણ મળ્યા, પરંતુ તેણે સફર પર જવાને બદલે સીધા તાસ્માનિયામાં ઉતરવાનું મન બનાવ્યું હોય તેવું લાગે છે. નોંધનીય છે કે આ રીતે આ નાનકડા પક્ષીએ પ્રથમ નર '4BBRW'ના બે રેકોર્ડ તોડ્યા છે. 2020 માં, તેણે અલાસ્કાથી ન્યુઝીલેન્ડ સુધીનું 12,854 કિમીનું અંતર કાપ્યું. ત્યારબાદ તેણે 2021માં આ જ રૂટ પર 13,050 કિમીની મુસાફરી કરીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો.

# મોહનસિંહ રાઠવાએ પોતાના જીવન પર લગાવ્યો પક્ષ પલટાનો દાગ

■ કોંગ્રેસમાં 50 વર્ષ રહેનાર મોહનસિંહ ભાજપમાં જોડાયા-કારણ?

ગુજરાત | વંદન



ગુજરાતમા કોંગ્રેસ પક્ષમાં નેતાગીરી પ્રત્યે એટલો બધો અવિશ્વાસ અને કોંગ્રેસ આ વખતે પણ નહી જીતે એવી કોઈ રાજકીય ગણતરી અને અનુભવના અધારે જેમણે 50 વર્ષ કોંગ્રેસને આપ્યા એવા ગુજરાતના સીનિયર મોસ્ટ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાએ 82માં વર્ષે પોતાના જીવન પર પક્ષ પલટાનો દાગ લગાવી ભાજપમાં જોડાયા છે. જોકે પોતાની ટિકિટને બદલે પુત્ર પ્રેમ ખાતર ભાજપના પગથિયા ચઢ્યા હોવાનુ મનાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મીડિયા સેન્ટર ખાતે ગુજરાત ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલ સહિત અનેક નેતાઓ અને કાર્યકરોની હાજરીમાં મોહનસિંહ રાઠવાએ કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. મોહનસિંહ રાઠવાએ જણાવ્યું કે, સમય-સમય બળવાન હોવાને કારણે આજે જે પ્રસંગ ઉપસ્થિત થયો છે તેમાં મારું જીવનનું સદભાગ્ય સમજું છું. દિલિપભાઈ સંઘાણીને લીધે આ તક મને પ્રાપ્ત થઈ છે. સાથીઓ આવતા દિવસોમાં વિકાસના કામોની જે લાગણી છે, તે બધા સાથે મળીને ખૂબ સારી થાય તેવી ભાવના મારા દિલમા હમેશા માટે રહી છે. વડાપ્રધાન મોદી પર વિશ્વાસ છે એટલે પાર્ટીમાં જોડાયો છું.

છોટાઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવાએ રાજીનામું આપી દેતા કોંગ્રેસને ચૂંટણી પહેલા મોટો ઝટકો લાગ્યો છે. મોહનસિંહ રાઠવાએ જગદીશ ઠાકોરને રાજીનામું મોકલ્યા બાદ ભાજપમાં જોડાશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. કોંગ્રેસમાં પુત્રને ટિકિટ અપાવવા મુદ્દે થયેલા વિવાદને લઈને પણ કદાચ મોહનસિંહ રાઠવાએ પાર્ટી નિર્ણય બદલવાનો નિર્ણય કર્યો હોય તેવી ચર્ચા ચાલી રહી છે.

# જાગ્યા ત્યારથી સવાર; આ વખતે ભૂલ નહી કરીએ: અશોક ગેહલોત

■ કોંગ્રેસ ઉમ્મેદવારોની પસદંગીમાં રખી રહી છે વિશેષ કાળજી

ગુજરાત | વંદન




રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના સીનિયર ઓબ્ઝર્વર અશોક ગેહલોત મધ્ય ગુજરાતમાં પ્રચાર કરી રહ્યા છે. અશોક ગેહલોતે આંકલાવમાં પરિવર્તન સંકલ્પ સંમેલનમાં હાજરી આપી અને સાથે જ વડોદરાના સાવલીમાં જનસભાને સંબોધન પણ કર્યું. આ સાથે અશોક ગેહલોતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે, 2017 માં અમે જીતની નજીક પહોંચી ગયા હતા, આ વખતે કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં કોઈ ભૂલ નહીં કરે.

અશોક ગેહલોતે ખાસ વાતચીતમાં જણાવ્યું કે, અમારી રણનીતિ સારી ચાલી રહી છે. અમે ગામે ગામ ફરી રહ્યા છીએ. અમારી 5 યાત્રાઓ સફળ રહી છે. અમારા કાર્યકર્તાઓમાં ઉત્સાહ છે. એન્ટી ઈન્કમબન્સી ભયંકર ચાલી રહી છે. ગુજરાતમાં કોંગ્રેસ સરળતાથી જીતી જશે. 2017 માં પણ અમે જીતની નજીક પહોંચી ગયા હતા. ગયા વખતે અમે જીતવાથી ચુકી ગયા હતા. છેલ્લે અમને કેટલીક બેઠકો ના મળી. ભાજપ ગઈ વખતે 99 પર અટકી હતી. તે વખતે ભાજપ સફળ ન થઈ તો આ વખતે કઈ રીતે સફળ થશે.

તેમણે ભાજપ પર પોતાના નેતા ખરીદવાનો આરોપ મૂકતા કહ્યું કે, આ વખતે કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં કોઈ ભુલ નહીં કરે. જ્યાં જ્યાં ભાજપ છે ત્યાં સોદા થઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીને શુ ઓફર કરાઈ છે. ગુજરાતમાં અમારા ધારાસભ્યને તોડાય છે. હોર્સ ટ્રેડિંગનું નવુ મોડલ બન્યુ છે તે તોડવુ છે. ભાજપ સોદો કરે છે. 30-30 કરોડમાં હોર્સ ટ્રેડિંગ થઈ રહી છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે જીતની આશા વ્યક્ત કરતા કહ્યું કે, ગુજરાતમાં આ વખતે કોંગ્રેસ ચુટંણી જીતી રહી છે. 27 વર્ષમાં ભાજપાની સરકારે માર્કેટીંગ કર્યા સિવાય કંઇ કર્યું નથી. ધીરે ધીરે તેમની પોલ ખુલી રહી છે, કોરોનાની મહામારીમાં પોલ ખુલી છે. અહીં ગુડ ગવર્નન્સનો અભાવ જોવા મળ્યો. લઠ્ઠાકાંડમાં અનેક લોકો મરી ગયા તપાસ થતી નથી. મોરબીની ઘટનામાં લોકો મર્યા તો કમિશન કેમ નથી બેસાડવામાં આવતું. આ સરકારને કોઈની પરવાહ નથી, અમે કમિશન નિમવાની માંગ કરી છે. હાઈકોર્ટ સુઓમોટો લેવાની ફરજ પડી. ગુજરાત જેવી એન્ટીઈન્કમબન્સી ક્યાંય જોઇ નથી. ભાજપે મુખ્યમંત્રી સાથે આખી સરકાર બદલવી પડી એ શુ દર્શાવે છે.

### નરોડા હાઇવે પર ટ્રકના ચાલકને છરી બતાવી લૂંટ ચલાવાઇ



ગુજરાત | વંદન

ચિલોડા નરોડા હાઈવે ઉપર ટ્રક ચાલકોને માર મારી લુંટવામા આવી રહ્યા હોવાના બનાવ સામે આવી રહ્યા છે. ત્યારે હાઈવે પર બે દિવસમાં મારામારી કરી લુંટના બે બનાવ સામે આવ્યા છે. શનિવાર રાતના સમયે નાના ચિલોડા સર્કલ પાસે બે પિતરાઇ ભાઈઓને બે શખ્સએ ચપ્પુ મારી લુંટ કરી હતી. જ્યારે સતત બસજા દિવસે પ્રાંતિયા લવારપુર વચ્ચે એક ટ્રક ચાલકને માર મારી બે વાહન ઉપર આવેલા 6 લોકોએ હુમલો કરી લુંટ કરી ફરાર થઇ ગયા હતા. આ બનાવને લઈને પોલીસે તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતમાં ગુનાઈત રેકર્ડ ધરાવનાર ઉમેદવારોની જીતવાની તકો બમણી

■ ગુજરાતની ચૂંટણીઓના ઉમ્મેદવારોનું રસપ્રદ વિશ્લેષણ

ગુજરાત | વંદન

એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા ગુજરાતમાં 2004 થી ચૂંટણીઓનું વિશ્લેષણ દર્શાવે છે કે ગુનાહિત રેકર્ડ ધરાવતા ઉમેદવારો કરતાં ગુનાહિત બેકગ્રાઉન્ડ ધરાવતા ઉમેદવારોની જીતવાની શક્યતા વધારે છે.ADR નું વિશ્લેષણ દર્શાવે છે કે તેમની સામે ફોજદારી કેસ ધરાવતા ઉમેદવારોની જીતવાની 20% શક્યતા વધી જાય છે, જ્યારે સ્વચ્છ રેકર્ડ ધરાવતા ઉમેદવારોની જીતવાની માત્ર 10% જ તક હોય છે.

પક્ષવાર વિશ્લેષણ દર્શાવે છે કે ભાજપ એકમાત્ર એવો પક્ષ છે જેની સામે ફોજદારી કેસ ધરાવતા અને ફોજદારી કેસ ન હોય તેવા ઉમેદવારો માટે જીતવાની શક્યતા લગભગ સમાન હતી. 684 ઉમેદવારો અને 442 ધારાસભ્યો/સાંસદોના વિશ્લેષણ દર્શાવે છે કે ગુનાહિત રેકોર્ડ ધરાવતા લોકો પાસે ચૂંટણી જીતવાની 63% તક હતી અને ગુનાહિત રેકોર્ડ ન ધરાવતા લોકો પાસે 65% તક હતી.


કોંગ્રેસ પક્ષની વાત કરીએ તો, ગુનાહિત રેકોર્ડ ધરાવતા ઉમેદવારોને જીતવાની 38% તક અને સ્વચ્છ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોની 33% તક હતી. વિશ્લેષણ દર્શાવે છે કે 44% સાંસદો અને ધારાસભ્યો કે જેમણે ગ્રેજ્યુએશન અને તેથી વધુ અભ્યાસ કર્યો છે એવા 52% કે જેમણે 12મા કે તેથી નીચેનો અભ્યાસ કર્યો છે તેમની સામે ફોજદારી કેસ નોંધાયેલા છે.

# ગાંધીનગરના રાંધેજાનાં ઈસમને ચેક રિટર્નના કેસમાં એક વર્ષની કેદની સજા

■ સાદી કેદની સજા અને રૂ. ૧.૦૫ લાખનો દંડ

ગુજરાત | વંદન


ગાંધીનગર રાંધેજાનાં ઈસમે હાથ ઉછીના લીધેલા ૭૭ હજારની સામે આપેલો ચેક બાઉન્સ થવાના કેસમાં ગાંધીનગરનાં પાંચમા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ આર એમ ક્લોત્રાએ એક વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૧.૦૫ લાખનો દંડ ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. ગાંધીનગરના રાંધેજા મુકામે રહેતાં અલ્પાબેન ત્રિવેદીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી કે, તેમના પતિ સંજયકુમાર અને કેતન ભીખાભાઈ પટેલ બંને મિત્રો છે. અને કેતન પટેલ ગામમાં રહેતાં હોવાથી ઓળખતા પણ હતા. ત્યારે કેતન પટેલને પૈસાની જરૂર હોવાથી માર્ચ ૨૦૧૮ માં રૂ. ૭૭ હજારની માંગણી કરવામાં આવી હતી. જેનાં પગલે અલ્પાબેને ૭૭ હજાર રોકડા કેતનને આપ્યા હતા. જેની સામે વાયદા મુજબ પૈસા પરત કરી દેવાની કેતને



બાંહેધરી પણ આપી હતી. પરંતુ વાયદા મુજબનો સમય વીતતા કેતન પાસે રૂપિયા પરત માંગ્યા હતા. જેનાં બદલામાં તેણે જોકે, આ ચેક જમા કરાવતા ચેક ફંડસ ઈનસફીસીયન્ટના શેરા સાથે રીટર્ન થયો હતો. બાદમાં અલ્પાબેને વકીલ મારફતે તા.૧૭/૭/૨૦૧૮ ના રોજ આર.પી.એ.ડી. થી કેતનને નોટીસ મોકલી આપી હતી. જે પણ લેફ્ટના શેરા સાથે પરત આવી હતી. આથી અલ્પાબેને ગાંધીનગર કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેનટ એકટની કલમ -૧૨૮ મુજબની ફરીયાદ કરી હતી. જે કેસ ચાલી જતાં પાંચમા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ આર એમ ક્લોત્રાએ આરોપી કેતન પટેલને ઉક્ત ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૧. ૦૫ લાખનો દંડ ભોગવવાનો કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# 'મિશન ગુજરાત' માટે રાહુલ ગાંધીના 8 વાયદા- 'યુવાઓને રોજગાર, રૂપિયા 500માં ગેસ અને ખેડૂતોનું દેવું માફ...'

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે, ત્યારે કોંગ્રેસ દ્વારા પોતાની પ્રથમ યાદીમાં 43 ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યાં છે. જેમાં કોંગ્રેસે અનેક જૂના જોગીઓને ટિકિટ આપી છે. એવામાં 'ભારત જોડો યાત્રા'માં વ્યસ્ત રાહુલ ગાંધીએ ગુજરાતની જનતાને 8 વચન આપ્યાં છે.

રાહુલ ગાંધીએ પોતાના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પરથી ટ્વીટ કરતાં ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ભાજપના ડબલ એન્જિનના બોગસ દાવાથી બચાવીશુ, પ્રદેશમાં પરિવર્તનનો ઉત્સવ મનાવીશું.

કોંગ્રેસ નેતાએ ટ્વીટ થકી કહ્યું છે કે, 500 રૂપિયામાં સિલિન્ડર, 10 લાખ યુવાઓને રોજગાર, ખેડૂતોનું 3 લાખ સુધીનું દેવું માફ કરીશું. આ સાથે જ રાહુલ ગાંધીએ કહ્યું કે, તેઓ ગુજરાતની જનતાને આપેલા 8 વચનો નીભાવશે.

ગુજરાતમાં 1 ડિસેમ્બર અને 5 ડિસેમ્બર એમ બે તબક્કામાં મતદાન થશે અને 8 ડિસેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે.

છેલ્લા 24 વર્ષોથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. આ વખતની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ એડીચોટીનું જોર લગાવી રહી છે. જેના કારણે ત્રિપાંખીયો જંગ જામી શકે છે.

ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ 18 ફેબ્રુઆરી, 2023ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ગુજરાતમાં 2017ની ચૂંટણી વખતે પણ બે તબક્કામાં ચૂંટણી થઈ હતી. પ્રથમ તબક્કામાં 89 અને બીજા તબક્કામાં 93 બેઠકો પર મતદાન થયું હતુ, જ્યારે 14 ડિસેમ્બરે પરિણામ જાહેર થયા હતા.

### કોંગ્રેસે ગુજરાતની જનતાને આપ્યા વચનો...

- ગૃહિણીઓ માટે 500 રૂપિયામાં ગેસ સિલિન્ડર
- 300 યુનિટ વીજળી મફત
- સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવામાં આવશે
- KG થી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી છોકરીઓને નિઃશૂલ્ક એજ્યુકેશન
- ગુજરાતમાં 3 હજાર અંગ્રેજી મીડિયમની સ્કૂલો ખોલવામાં આવશે.
- 10 લાખ યુવાઓને નોકરી, 3000 રૂપિયા બેરોજગારી ભથ્થુ આપવામાં આવશે
- કોવિડ મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયાની આર્થિક સહાયતા
- અદ્યતન સુવિધાથી સજ્જ નવી સરકારી હોસ્પિટલ બનાવવામાં આવશે. 10 લાખ સુધી મફત સારવાર
- ખેડૂતોનું 3 લાખ રૂપિયાનું દેવું માફ કરવામાં આવશે
- ડ્રગ્સ માફિયા વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે
- ઈન્દિરા રસોઈ યોજના અંતર્ગત જરૂરિયાતમંદોને માત્ર 8 રૂપિયામાં ભોજનની ગેરંટી

# ચૂંટણી દરમ્યાન બેફામ લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ

ગુજરાત | વંદન



વિધાનસભા ચૂંટણી દરમ્યાન ગાંધીનગર શહેર-જિલ્લામાં ધ્વનિ પ્રદૂષણ પેદા ન થાય તેમજ સામાન્ય નાગરિકોની શાંતિમાં ખલેલ ન પહોંચે, તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર દ્વારા જાહેરનામું બહાર પાડીને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરાશે.

આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરત જોષી દ્વારા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી માટે આગામી તા. ૦૫મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીયપક્ષોના ઉમેદવારો, કાર્યકર્તાઓ અપક્ષ ઉમેદવારો, ચૂંટણી એજન્ટો, સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચાર ઝૂંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરવામાં આવે છે.

પ્રચાર માટે ઊંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખૂબ જ ધ્વનિ પ્રદૂષણ પેદા થાય છે. સામાન્ય જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મૂકવાનું જરૂરી છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીની પરવાનગી મેળવ્યા બાદ જ સવારના ૬ કલાકથી રાતના ૧૦ કલાક સુધી થઈ શકશે.

# અમદાવાદ મેટ્રોમાં પિચકારી મારશો કે નુકસાન પહોંચાડશો તો થઈ શકે છે મસમોટો દંડ અને કેદ

ગુજરાત | વંદન

શહેરમાં મેટ્રો શરૂ થયાને એક મહિનો પૂરો થયો છે. આ દરમિયાન લાખો લોકોએ દિવાળીની રજામાં મેટ્રોની મુસાફરીની મઝા પણ માણી છે અને રોજબરોજનાં ટ્રાન્સ્પોર્ટેશન તરીકે પણ અપનાવ્યું છે. ત્યારે મેટ્રોમાં જો કોઈપણ વ્યક્તિ કચરો કરશે કે તેની અંદર બહાર નુકસાન પહોંચાડશે તો પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ થશે.

આ ઉપરાંત ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા વિવિધ વિસ્તારની છ હોસ્પિટલ સાથે એમઓયુ પણ કર્યા છે. જેથી જો મેટ્રોમાં કોઈની પણ તબિયત બગડે તો તેને હોસ્પિટલ પહોંચાડવાની જવાબદારી મેટ્રોની રહે છે.

મેટ્રોમાં મુસાફરોની સારવાર મળી રહે તે માટે પ્રથમ તબક્કામાં જુદાજુદા વિસ્તારની છ હોસ્પિટલ સાથે કરાર કર્યા છે. હજુ આગામી સમયમાં નવી 10 અન્ય હોસ્પિટલો સાથે પણ એમઓયુ કરીને કરાર કરવામાં આવશે. મેટ્રો સ્ટેશન પરથી કોઈ અધિકારી કે મુસાફરોનો 108 પર કોલ આવશે તો નજીકના લોકેશનમાં જે એમ્બ્યુલન્સ હશે તે મોકલવામાં આવશે. પરંતુ કોઈ મેટ્રો સ્ટેશન પર સ્ટેન્ડબાય રહેશે નહીં.

મેટ્રોનાં કોચની અંદર જો કચરો ફેંકતા, થૂંકતા અથવા ફર્નિચરને નુકસાન પહોંચાડતા અથવા સેફ્ટી બટન સાથે હલચલ કરતા પકડાશે તો 5,000 રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. આ સાથે તેને જેલના સળિયા પાછળ પણ ધકેલી શકાય છે.જીએમઆરસીએ બંને કોરિડોર પર આવા મુસાફરો પર કાર્યવાહી કરવા માટે સ્પેશિયલ ટુકડીઓની રચના કરી છે. મેટ્રો રેલવે (ઓપરેશન એન્ડ મેન્ટેનન્સ) એક્ટ 2002માં રેલ સંપત્તિને નુકસાન પહોંચાડવા બદલ 200 રૂપિયાના ભારે દંડ અને 10 વર્ષની જેલની જોગવાઈ કરવામાં આવી છે. કડક જોગવાઈ છતા તેનો કેટલો અમલ થશે તે અમદાવાદના નાગરિકો પર આધારીત છે.



## ગુનાનો પ્રકાર અને સજાની જોગવાઈ

■ સંદેશા વ્યવહારના સાધનોનો દુરુપયોગ,કારણ વગર બેલ- એલાર્મ વગાડતા લોકોને 1 વર્ષની જેલની સજા ■ મેટ્રોની ટિકિટ ફોર્જ કરવા પર 6 મહિનાની જેલ થશે ■ દુર્ભાવનાપૂર્ણ રીતે તોડફોડથી કોઇ વ્યક્તિનું મૃત્યુદંડ અથવા આજીવન મૃત્યુ અથવા શારીરિક ઈજા પહોંચાડવાથી કેદની સજા થઈ શકે છે ■ દારૂના નશામાં, અભદ્ર વર્તન અથવા અન્ય રૂ.200 દંડ, પાસ જપ્ત કરવા અને મુસાફરોના આરામમાં દખલ કરવા પર ટ્રેનમાંથી હટાવવા સુધીની કાર્યવાહી ■ ખતરનાક કે પ્રતિબંધિત ચીજસ્તુઓ ટ્રેનમાં લઈ જતા પકડાશે તો 4 વર્ષ સુધીની જેલ અને 5,000 રૂપિયાનો દંડ ■ કોચમાં અથવા પરિસરમાં પોસ્ટર ચોંટાડવા, લખવા અથવા કંઈપણ દોરવા પર છ મહિના સુધીની જેલ અને 500 રૂપિયાનો દંડ મેટ્રોમાં મુસાફરી કરતી વ્યક્તિઓને નુકસાન દસ વર્ષ સુધીની સખત કેદ.

# દિવાળી વેકેશન પૂરુ : આજથી વિદ્યાર્થીઓના કોલાહલથી ધમધમી ઊઠશે તમામ શાળાઓ

## 21 દિવસના વેકેશન બાદ બીજા શાળાકીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે

ગુજરાત | વંદન

રાજ્યભરના અંદાજે 1 કરોડ કરતાં વધુ વિદ્યાર્થીઓ 21 દિવસનું દિવાળી વેકેશન હવે પુરો થઈ ગયો છે. 10 નવેમ્બર ગુરૂવારથી બીજા શાળાકીય શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. બીજા શૈક્ષણિક સત્ર દરમિયાન 137 દિવસની શાળાકીય અભ્યાસ કરવાનો રહેશે.

હિન્દુ સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર એટલે કે દિવાળી... દિવાળીની ઉજવણીમાં નાના બાળકોથી લઈ મોટેરાઓ માટે ખુશીનો તહેવાર છે. એટલું જ નહિ, શાળાઓમાં વર્ષોથી દિવાળીની 21 દિવસની રજા આપવાની પરંપરા છે. ત્યારે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતની શાળા કોલેજ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ 21 દિવસનું દિવાળી વેકેશન



આપવામાં આવ્યું હતું.

વેકેશનમાં દિવાળી ઉપરાંત દિવાળીના વાઘબારશ, ધનતેરસ, કાળીચૌદશ, બેસતુ વર્ષ, ભાઈબીજ તેમજ લાભપાંચમના તહેવારોની ઉજવણી કરવામાં આવી હતી. હવે તા.10 નવેમ્બરથી શાળાઓ વિદ્યાર્થીઓના કોલાહલથી ધમધમતી થઈ જશે પરંતુ તે પહેલાં વિદ્યાર્થીઓ દિવાળી વેકેશનનો ભરપૂર આનંદ માળ્યુ હતું.

દિવાળી વેકેશનથી પ્રથમ સત્રનો શાળામાં અંત આવી ગયો છે, હવે દિવાળી વેકેશન પુરો થતા દ્વિતિય સેમેસ્ટરનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

# લિફ્ટ દુર્ઘટના: પોલીસની લીપાપોતી સામે કોર્ટનું કડક વલણ, ચાર્જશીટ ફગાવી

**• બિલ્ડરને બચાવવા હળવી કલમો લગાવવામા આવી હોવાની શક્યતા**

ગુજરાત | વંદન

ગુલબાઈ ટેકરા પાસે એડોર એસ્પાયર બિલ્ડિંગની લિફ્ટની કામગીરી વખતે 7 મજૂરનાં મોત થવાની ઘટનામાં પોલીસે અકસ્માત મોતની કલમ હેઠળ ચાર્જશીટ રજૂ કરી હતી, જે કોર્ટે નામંજૂર કરી દીધી છે, જ્યારે સદોષ માનવવધની કલમ દૂર કરવાનો રિપોર્ટ પણ ફગાવી દીધો છે. જ્યારે પોલીસે સી સમરી રિપોર્ટ રજૂ કરતાં હવે સુનાવણી 9 નવેમ્બરે યોજાશે.

આ ગુનામાં પોલીસે ગુનાઈત મનુષ્ય વધની કલમ 304 રદ કરવા અને અકસ્માત મોતની કલમ 304 (એ) ઉમેરવા કરેલો રિપોર્ટ હજુ કોર્ટમાં પેન્ડિંગ છે તેમ છતાં પોલીસે અકસ્માત મોતની કલમ 304 (એ) હેઠળ કરેલી ચાર્જશીટ કોર્ટે નામંજૂર કરી છે. જ્યારે ગુનાઈત મનુષ્ય વધની કલમ હટાવવા માટે પોલીસે કરેલો રિપોર્ટ પણ કોર્ટે ફગાવી દીધો હતો. પોલીસે અકસ્માત મોતની કલમ 304 (એ)નો ઉમેરો કર્યો હતો. જ્યારે આરોપીઓ તરફે કરેલી જામીન અરજી પણ કોર્ટે નામંજૂર કરી હતી. બીજા દિવસે પોલીસે ગુનાઈત મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો બનતો નથી તેવો રિપોર્ટ કર્યો હતો. આ ગુનો દીવાની પ્રકારનો હોવાથી સી સમરી રિપોર્ટ રજૂ કર્યો હતો. આ રિપોર્ટ અંગે એડિ. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કાપડિયાએ ફરિયાદી અને તપાસ અધિકારીને નોટિસ કાઢી 9 નવેમ્બરે સુનાવણી રાખી છે.



પીઆઈ વી. જે. જાડેજાએ મેટ્રો કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ લગાવેલી ગુનાઈત મનુષ્ય વધની કલમ રદ કરી અકસ્માત મોતની કલમ 304 (એ) નો ઉમેરો કરવા અરજી કરી હતી, જે અરજી અંગે કોઈ નિર્ણય લેવાયો ન હોવા છતાં પોલીસે અકસ્માત મોતના ગુનાની કલમ 304 (એ) હેઠળ કોર્ટમાં ચાર્જશીટ કરવા આવ્યા હતા. જ્યારે બીજી તરફ આરોપીઓ તરફે જામીન અરજી કરાઈ હતી. આથી કોર્ટે પોલીસનો ઉધડો લીધો હતો કે, હજુ સુધી ગુનાઈત મનુષ્ય વધની કલમ રદ કરવા અંગે કોઈ નિર્ણય લેવાયો ન હોવા છતાં તમે માત્ર અકસ્માત મોતની કલમ હેઠળ કેમ ચાર્જશીટ લાવ્યો છો.એડવોકેટ અયાઝ શેખે જણાવ્યું કે, ગુનાઈત મનુષ્ય વધની કલમ 304માં ગુનો પુરવાર થાય તો આરોપીને 10 વર્ષથી લઈને આજીવન કારાવાસની સજા થાય જ્યારે અકસ્માત મોતના ગુનાની કલમ 304(એ)માં માત્ર 2 વર્ષની સજાની જોગવાઈ છે.

# અમદાવાદમાં મતદારોને રીઝવવા કોંગ્રેસની પરિવર્તન યાત્રા

ગુજરાત | વંદન

વિધાનસભા ચૂંટણીમાં પરિવર્તનનો પવન ફૂંકવા ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા પરિવર્તન યાત્રા કાઢવામા આવી રહી છે અમદાવાદમાં વિશાળ પરિવર્તન યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમા હજારો કાર્યકરો પરિવર્તન રેલીમાં જોડાયા હતા

કોંગ્રેસના દરિયાપુરના ધારસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપના 27 વર્ષના શાસનમાં જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. સર્વત્ર અત્યારે અરાજકતા અને ડરનો માહોલ છે. સરકારની અને ભાજપની મનમાની સામે જનતા લાચાર બની ગઈ છે. એક તરફ બેકારીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે બીજી તરફ ઈ-મેમો, હેલ્મટ કે અન્ય અવનવા નવા-નવા ગતકડાઓ થકી સરકાર જનતાને ખુલ્લે આમ લૂંટી રહી



છે. આટલું ઓછું હોય તેમ ખાદ્ય પદાર્થોથી માંડીને પેટ્રોલ - ડીઝલ સુધી તમામ ચીઝ વસ્તુઓના ભાવ રોકેટ ગતિએ વધતા જ રહે છે. મોંઘવારીના વિષચક્રમાં મજૂરથી માંડીને મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે. ખેત ઉત્પાદનનાં પૂરતા ભાવો મળતા નથી. દરિયાપુરના ધારસભ્ય ગ્યાસુદ્દીન શેખે કહ્યુ કે, ખાતરથી માંડીને ખેત ઓઝાર સુધી તમામ વસ્તુઓના ભાવો ડબલથી પણ વધારે થઈ જવાથી ખેડૂતોમાં આત્મહત્યાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે. આવી જ દયનીય હાલત નાના ઉદ્યોગકારો અને વેપારીઓની છે. જી.એસ.ટી.નાં ગાળીયામાં ફસાયેલો વેપારી વર્ગ અને નાના ઉદ્યોગકારો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે.

**સિવિલ હોસ્પિટલમાં ૯૫મું અંગદાન**

# બ્રેઈનડેડ વ્યક્તિના અંગ-દાનથી ત્રણને નવજીવન

ગુજરાત | વંદન

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૯૫ મું અંગદાન થયું છે. સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞમાં ૯૫ માં અંગદાતા તરીકે ગાંધીનગરના કિસનભાઈ વાધેલાનું નામ જોડાયું છે. ૫૨ વર્ષના કિસનભાઈ કે જેઓ મૂળ ગાંધીનગરના રહેવાસી હતા તેઓને માર્ગ અકસ્માત સાંપડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં સારવાર બાદ પણ ભગવાનને ગમ્યું તે ખરું. 3 દિવસના પ્રયાસો ના અંતે તબીબોએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા. કિસનભાઈ વાધેલાને બ્રેઈનડેડ જાહેર કરતા સિવિલ હોસ્પિટલમાં અંગદાન સાથે સંકળાયેલ સમગ્ર ટીમ પરિવારજનોને અંગદાન માટે પ્રેરવા કાર્યરત બની.




અંગદાનની સમગ્ર કામગીરીમાં શરૂઆતથી જ નિષ્ઠાભાવપૂર્ણ જોડાયેલા ડૉ. પુંજીકા અને તેમની ટીમે દર્દીના સગાને અંગદાન માટે કાઉન્સેલીંગ કર્યું. પરિવારજનો પણ અંગદાનનું મહત્વ સમજીને કોઈપણ બીજી ક્ષણનો પણ વિલંબ કર્યા વિના અંગદાન માટે સહમતિ દર્શાવી. અંગદાનની સહમતિ દર્શાવતા ડૉ. પુંજીકા અને તેમની સમગ્ર ટીમ બ્રેઈનડેડ કિસનભાઈને રીટ્રાઈવલ રૂમમાં લઈ ગયા. જ્યાં અંદાજીત ૫ થી ૬ કલાકની ભારે જહેમતના અંતે બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી.


બંને કિડનીને સિવિલ મેડિસીટીની જ કિડની હોસ્પિટલમાં દાખલ દર્દીમાં જ્યારે લીવરને ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી કહે છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલે અંગદાનનો સેવાયજ્ઞ આદરીને સમગ્ર રાજ્ય અને અન્ય રાજ્યો માટે અંગદાન ક્ષેત્રે સારથીની ભૂમિકા અદા કરી છે. રાજ્યની અન્ય હોસ્પિટલ પણ સિવિલ હોસ્પિટલની કાર્યપ્રણાલી થી પ્રેરણા લઈને અંગદાન થકી નવજીવન આપવાની કામગીરીમાં નિષ્ઠાપૂર્વક જોડાઈ છે. સિવિલ હોસ્પિટલમાં અત્યારસુધીમાં થયેલ ૯૫ અંગદાન થકી ૨૯૮ અંગોનું દાન મળ્યું છે. જેને ૨૭૬ જરૂરિયાતમંદ અને પીડિત દર્દીઓમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરીને નવજીવન આપવામાં સફળતા મળી છે.

# અમદાવાદ: ડિસે.ના પ્રથમ સપ્તાહમાં છે 35 હજાર લગ્ન ચૂંટણી માટે સાબિત થઈ શકે છે 'અશુભ'

ગુજરાત | વંદન

ગુજરાતમાં મતદાનના દિવસે જ ખૂબ લગ્નો હોવાને કારણે મતદાન કરવું કે લગ્ન કરવા એ લોકો માટે પ્રશ્ન બન્યો છે. ડિસેમ્બરના પહેલાં સપ્તાહમાં મુહુર્ત હોવાથી આ વખતે અમદાવાદમાં 35 હજાર લગ્નો યોજાશે. બેન્ડ બાજા બારાત સાથે આ વખતે રાજકીય ચૂંટણીના લગ્નના ઢોલની સિઝન પણ ચાલી રહી છે. 2, 4 અને 8 ડિસેમ્બરે શ્રેષ્ઠ મુહુર્ત હોવાથી ચિક્કાર લગ્નો યોજાશે. મતદાનને અસર થઈ શકે તેવું ઈવેન્ટ આયોજકો માની રહ્યા છે.

ચૂંટણી પંચે ગુજરાતમાં 1 ડિસેમ્બર અને 5 ડિસેમ્બરે ચૂંટણી માટે મતદાનની તારીખ જાહેર કરી છે. નવેમ્બર અને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શિયાળુ લગ્નોત્સવની ધૂમ છે. નવેમ્બરના અંતિમ



સપ્તાહમાં 5 દિવસ તેમજ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં બે મળીને કુલ 7 દિવસ લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત છે પરંતુ નવેમ્બર અને ડિસેમ્બરના દિવસો હવે મેરેજના ફંકશનના રંગમાં ભંગ પાડનારૂ બની રહેશે.

## લગ્નમાં કોણ-કોણ સામેલ થઈ શકશે? પરિવારો ચિંતીત

ચૂંટણી પંચ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 15 નવેમ્બર અને પાછા ખેંચવાની તારીખ 17 નવેમ્બર જ્યારે બીજા તબક્કા માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 18 નવેમ્બર, જ્યારે પાછા ખેંચવાની છેલ્લી તારીખ 21 નવેમ્બર નક્કી કરવામાં આવી છે. આ સંજોગોમાં જેના પણ લગ્ન શુભ મુહુર્તમાં નિર્ધાયા છે. તેમને ચૂંટણી પહેલાંની તૈયારીઓ નડશે. આવું જ એક પરિવાર અમદાવાદના વેજલપુર વિસ્તારમાં રહે છે. રાવલ પરિવારના એકના એક દીકરા નિલ રાવલના લગ્ન 11 નવેમ્બરનાં રોજ નિધાર્યા છે, જેને લઈને પરિવાર હાલ અસંમજસની સ્થિતિમાં છે કે તેમના પરિવારમાં લગ્નમાં સામેલ કોણ કોણ થઈ શકશે? વરવધુ બંનેના પરિવારમાં મોટાભાગે તમામ સરકારી નોકરી કરી રહ્યા છે, ત્યારે ઈલેકશનના માહોલમાં હજુ સુધી રજા અપ્રુવ્ડ થઈ શકી નથી.

# અમદાવાદ: LED બલ્બ બનાવતી કંપની પર દરોડા

ગુજરાત | વંદન

ભારતીય માનક બ્યુરો (BIS) દ્વારા અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલ અને LED બલ્બ બનાવતી કંપની પર દરોડા પાડવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે દરોડા દરમિયાન અધિકારીઓએ ખૂબ મોટી સંખ્યામાં સ્ટાન્ડર્ડ માર્ક વગરના એલઈડી બલ્બનો જથ્થો તેમજ વેચાણના બિલ સહિત કમ્પ્યૂટરમાંથી ડિજિટલ ડેટા જપ્ત કર્યો છે.

અસારવા ખાતે આવેલી એલઈડી બલ્બ ઉત્પાદક શ્રીજી પાવર ટેક એકમ પર દરોડા પાડવામાં આવ્યા હતા. કંપની BISના લાઈસન્સ વિના બલ્બનું ઉત્પાદન કરતી હતી. ભારતીય માનક બ્યુરો (BIS) ના અધિકારીઓ દ્વારા બ્યુરો પાસેથી લાઈસન્સ લીધા વિના એલઈડી બલ્બના ઉત્પાદનમાં સંડોવણીની માહિતી સામે આવી હતી.

જેના આધારે સોમવારે અસારવાના અષ્ટમંગલ એસ્ટેટ ખાતે આવેલા શ્રીજી પાવરટેક પર દરોડા પાડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભારતીય માનક બ્યુરોના માન્ય લાઈસન્સ વગર ઉત્પાદન કરનાર વિરૂદ્ધ બે વર્ષ સુધીની જેલ અને ઓછામાં ઓછાં રૂ. 2 લાખના દંડની જોગવાઈ છે.

# વંદેભારત ટ્રેનની અડફેટે આવી મહિલા શરીરના કપાઈને થઈ ગયા બે ટુકડા

ગુજરાત | વંદન

વંદેભારત ટ્રેનને ન જાણે કોનુ ગ્રહણ લાગ્યું છે. વંદેભારત ટ્રેનને ફરી એકવાર અકસ્માત નડ્યો છે. આણંદ રેલ્વે સ્ટેશન નજીક વંદેભારત ટ્રેનની અડફેટમાં આવી જતા પ્રૌઢ મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદ રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં.4નાં ઉત્તર તરફનાં છેડા પર ભાલેજ રેલ્વે ફાટક તરફનાં ટ્રેક પર વંદેભારત ટ્રેનની અડફેટમાં આવી જતા અમદાવાદની 54 વર્ષીય મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ બનાવ આણંદ રેલ્વે પોલીસ મથકે નોંધાયો છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદનાં મણિનગર વિસ્તારમાં લક્ષ્મીનારાયણ બસ સ્ટેન્ડની બાજુમાં ભાવદિપ એપાર્ટમેન્ટમાં રહેતા બિસેટ્રીસ આરસીબોલ્ડ પીટર (ઉ.વ.54) રહે છે. તેઓ કાલે સાંજનાં સુમારે આણંદ રેલ્વે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં.4નાં ઉત્તર તરફનાં છેડા તરફ ભાલેજ રેલ્વે ફાટક તરફનાં ટ્રેક પર રેલ્વે ટ્રેક



ક્રોસ કરવા જતા હતા. આ સમયે પસાર થતી વંદેભારત ટ્રેનની અડફેટે આવી જતા તેઓનું શરીર કપાઈ ગયુ હતુ. વૃદ્ધ મહિલાનું ટ્રેનની અડફેટે ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

આ ઘટનાને લઈને આસપાસનાં લોકો દોડી આવ્યા હતા. તેમજ મૃતક મહિલાનાં પરિવારજનો પણ આવી જતા તેઓએ ભારે કલ્પાંત મચાવ્યું હતું. ઘઘનાની જાણ થતા આણંદ રેલ્વે પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતક મહિલાનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ બનાવ અંગે અપમૃત્યુની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



નવનિર્માણ: અમદાવાદની લાલબસમાં બેસનારાઓની આઈકોનિક જગ્યા એટલે લાલ દરવાજા બસ ટર્મિનસ. તેને દૂર કરીને હવે નવેસરથી નવી આધુનિક સુવિધા સાથેનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે.



આવ્યા ઠંડીના દિવસો: શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થતાની સાથે જ ગરમ વસ્ત્રોના વેચાણ માટે તિબેટીયન લોકો આવ્યા છે. તસ્વીરમાં ગ્રાહકો ગરમ વસ્ત્રોનું નિરીક્ષણ કરતા જણાય છે.



તૈયારીઓ: ચૂંટણીની તારીખો ઘોષિત થતા જ અમદાવાદના બહેરામપુરા-જમાલપુર વિસ્તારમાં છાપકામ એકમોમાં ચૂંટણી પ્રચાર સામગ્રી તૈયાર કરતા કારીગરો નજરે પડે છે.



બિગ બોસ: ચૂંટણીઓ જાહેર થતા, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેમકે ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ અને અન્ય સંદેશા વ્યવહાર ઉપર નજર રાખવા અમદાવાદના કલેક્ટર કચેરી ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે.

**ડિજિટલ નાણાકીય વ્યવહારમાં હજું લોકોનો વિશ્વાસ અટલ નથી...**

# 'રોકડ જ મારો રાજા'- ભારતીયો પાસે રોકડ નાણું વધીને અધધ..30.88 લાખ કરોડની ટોચે પહોંચ્યું

ગુજરાત | વંદન

ડિજિટલ પેમેન્ટના જમાનામાં ભારતીય માટે હજી પણ 'રોકડ જ રાજા'. નોટબંધી, ટેકનોલોજી અને કોરોના મહામારી બાદ ઓનલાઈન પેમેન્ટ કરવાનો ટ્રેન્ડ વધ્યો છે તેમ છતાં ભારતીયો હજી પણ રોકડ નાણાંને વધારે મહત્વ આપી રહી છે. જેના પગલે જ હાલ ભારતીયો પાસે રોકડ નાણાંનું પ્રમાણ 30.88 લાખ કરોડની ઐતિહાસિક ઉંચાઈએ પહોંચી ગયુ છે. આટલું જંગી રોકડ નાણું ભારતીયો પાસે અગાઉ ક્યારેય ન હતું.

સરકારે 8 નવેમ્બર, 2016ના રોજ નોટબંધીની જાહેરાત કરી હતી. નોટબંધીના છ વર્ષ બાદ હાલ દેશમાં જેટલું રોકડ નાણું છે તેટલું અગાઉ ક્યારેય ન હતું. ભારતીયો પાસે હાથ ઉપર રહેલા રોકડ નાણાંનું પ્રમાણ ઐતિહાસિક ઉંચાઈએ પહોંચ્યુ છે. આ બાબત દર્શાવે છે કે રોકડ નાણાં દ્વારા ચૂકવણીની પદ્ધતિ હજુ પણ લોકો દ્વારા પસંદ કરવામાં આવી રહી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના ડેટા અનુસાર, 21 ઓક્ટોબર, 2022ના રોજ દેશમાં ઉપલબ્ધ કુલ રોકડ 30.88 લાખ કરોડ રૂપિયા છે, જે 4 નવેમ્બર, 2016ના રોજની 17.97 લાખ કરોડ રૂપિયા કરતા લગભગ 80 ટકા વધારે છે. નોટબંધીના બે અઠવાડિયા બાદ 25 નવેમ્બર, 2016 ના રોજ ભારતીયો પાસે 9.11 લાખ કરોડ રૂપિયાની રોકડ હતી, પરંતુ હવે તેમાં 239 ટકાનો વધારો થયો છે. RBIના આંકડા અનુસાર, 21 ઓક્ટોબર, 2020 ના રોજ સમાપ્ત થયેલા પખવાડિયામાં દિવાળીની



પૂર્વસંધ્યાએ લોકો પાસે રોકડ તરીકે 25,585 કરોડ રૂપિયાનો વધારો થયો હતો. વાર્ષિક ધોરણે તેમાં 9.3 ટકા એટલે કે 2.63 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

નવેમ્બર 2016માં નોટબંધી પછી 4 નવેમ્બર, 2016ના રોજ ભારતીયો પાસે 17.97 લાખ કરોડ રૂપિયા રોકડ નાણાં હતા પરંતુ જાન્યુઆરી 2017માં તેનું પ્રમાણ ઘટીને 7.8 લાખ કરોડ રૂપિયા થયુ હતુ. ઉલ્લેખનિય છે કે, નોટબંધીના છ વર્ષ પૂરા થવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 8 નવેમ્બર, 2016ના રોજ અચાનક નોટબંધીની જાહેરાત કરી હતી. જેમાં 500 અને 1000 રૂપિયાના મૂલ્યની ચલણી નોટોની માન્યતા રદ કરીને બજારમાંથી પાછી ખેંચવામાં આવી હતી. નોટબંધીથી લોકોને બેંકોની લાંબી લાઈનોમાં ઉભા રહેવાની ફરજ પડી હતી. દેશમાં કાળા નાણાં અને બોગસ ચલણી નોટોનું દૂષણ ડામવા માટે નોટબંધી કરવામાં આવી હોવનો વડાપ્રધાને તે સમયે દાવો કર્યો હતો જો કે આ કવાયત કેટલી સફળ થઈ છે તે હજી પણ યક્ષપ્રશ્ન છે. ટોટલ કરન્સી ઈન સર્ક્યુલેશન (CIC) એ બેંકો પાસે રહેલી રોકડની બાદબાકી કર્યા બાદ જનતા પાસે રહેલું નાણું છે. કરન્સી ઈન સર્ક્યુલેશન એ દેશની અંદર રોકડ અથવા નાણાંની સ્થિતિના સંકેત આપે છે જેનો ગ્રાહકો અને ઉદ્યોગ-વેપારીઓ દ્વારા લેવડ-દેવડ કરવા માટે ઉપયોગ થાય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# પંજાબના સીએમને પોતાનું રાજ્ય સંભાળવાને બદલે બીજે ચૂંટણીઓ જીતવામાં વધારે રસ છે.....!




દેશના સરહદી રાજ્ય પંજાબમાં બધુ ઠીકઠાક હોય તેમ જણાતુ નથી. જ્યારથી સત્તા પરિવર્તન થયું છે ત્યરથી જાણે કે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ ભારત વિરોધી ખાલિસ્તાની તત્વો ફરીથી કંઇકને કંઇક અટકચાળા કરી રહ્યાં છે. જેમાં તાજા બનાવમાં અમૃતસરમાં મંદિરની બહાર ધરણાં પર બેઠેલા શિવસેનાના નેતા સુધીર સૂરીની પોલીસની હાજરીમાં જ ખાલિસ્તાની સમર્થકે પ્રતિબંધિત એ.કે. 47થી ગોળીબાર કરીને તેની હત્યા કરી નાંખી અને આમ આદમી પાર્ટીની ભગવંત માન સરકારને જાણે કે તેની કોઇ ગંભીરતા ન હોય તેમ પંજાબના સીએમ પોતાનું રાજ્ય સંભાળવાને બદલે બીજા રાજ્યોની ચૂંટણીઓ જીતવા માટે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે...

આ સ્થળેથી અગાઉ પંજાબની પરિસ્થિતિ અંગે સંબંધિત સત્તાવાળાઓનું ધ્યાન દોરીને નાગરિકોના પંજાબને સુરક્ષિત રાખવા જણાવાયુ હતું. પણ નવી સરકારને જીત્યા બાદ પંજાબને સુરક્ષિત રાખવાને બદલે સિકંદરની જેમ નવા નવા રાજ્યો જીતવામાં વધારે રસ હોવાનું ચિત્ર ઉપસી રહ્યુ છે. પંજાબ એક અતિ સંવેદનશીલ રાજ્ય છે. પંજાબને ભારતથી અલગ કરીને ખાલિસ્તાનની રચના માટે 1980ના દાયકાથી ભારતવિરોધી પરિબળો પાકિસ્તાન સાથે મળીને પેંતરા કરી રહ્યાં છે.

એક સમયે પંજાબમાં શીખ આતંકવાદીઓનું રાજ હતું. અખબારોમાં "શીખ આતંકીઓએ ગાળીબાર કર્યો.." એવા મથાળાં છપાતા હતા. જો કે તે માટે રાજકિય પરિબળો જવાબદાર હતા. કે.પી.એસ. ગીલ નામના બાહોશ શીખ પોલીસ અધિકારીએ એન્કાઉન્ટરનો એવો મારો ચલાવ્યો કે "શીખ આતંકવાદ" શબ્દ ભૂતકાળ બની ગયો. પરંતુ સત્તા પરિવર્તન બાદ આવેલી નવી સરકાર કાયદો-વ્યવસ્થા પ્રત્યે બહુ ગંભીર હોય તેમ લાગતું નથી. એક યુવા સિંગર મૂસેવાલાની હત્યા બાદ તેના પિતાની ફરિયાદ છે કે અસલી ગુનેગાર ઝડપાયો જ નથી. મૂસેવાલાની ધોળા દિવસે હત્યા બાદ શિવસેનાના નેતાની પોલીસની હાજરીમાં જ પ્રતિબંધિત હથિયારથી ગોળીઓ મારીને કરાયેલી હત્યા ભગવંત માન સરકાર માટે એક પડકારરૂપ છે પણ નવા સીએમની રિતભાત અને શાસનપધ્ધતિ જોતાં તેમને મન જાણે કે હોતી હૈ... ચલતી હૈ...જેવુ ઘણાંને કેમ લાગી રહ્યું હશે..?

કોઇપણ સરકાર માટે કાયદો-વ્યવસ્થાને હળવાશથી લેવા જેવુ નથી. શિવસેનાના નેતા સુધીર સુરી ઉપવાસ પર બેઠા છે, પોલીસ તેમની સામે ઉભી છે અને અચાનક ધાંય...ધાંય..ગોળીબારો થાય છે અને તેમની હત્યા કરી દેવામાં આવે છે. આ ઘટના એ બાબતનો પુરાવો છે કે ખાલિસ્તાની ટેકેદારોને પોલીસ કે કાયદો અને સરકારનો કોઇ ડર નથી. ઘટના વખતે પંજાબના સીએમ ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં હતા. તેમને ત્યાંના તંત્ર દ્વારા જાણ કરવા છતાં તેઓ પોતાના રાજ્ય પંજાબ દોડી જવાને બદલે ગુજરાતમાં જ પ્રચાર કરતાં રહ્યાં...!

પંજાબ સરકાર તો ગંભીર જણાતી નથી તેથી કેન્દ્ર સરકારે પંજાબની સમગ્ર સ્થિતિ પર બાજ નજર રાખવી જોઇએ. ખાસ કરીને ફરી સક્રિય થઇ રહેલાં ખાલિસ્તાની પરિબળો હાવી ન થઇ જાય તેની કાળજી દેશની સુરક્ષા માટે રાખવી પડશે. કેમ કે પંજાબની આપ સરકાર હજુ ચૂંટણીના મૂડમાં છે...!

## ધર્મ

# કાલભૈરવ જયંતી: શિવજીના રૌદ્ર અંશ તરીકે થાય છે ભૈરવની ગણના

આવખતે તા.16 નવેમ્બરના રોજ કાલભૈરવ જયંતી છે. આ દિવસનું મહત્ત્વ વિશેષ છે. શિવજીના રૌદ્ર અંશ તરીકે ભૈરવની ગણના થાય છે. તેમને આપદા-સંકટોનું નિવારણ કરનારા માનવામાં આવે છે. તેથી કાલભૈરવની ઉપાસના માટે આ ઉત્તમ દિવસ માનવામાં આવે છે.

જ્યારે એવું પણ માનવામાં આવે છે કે ભૈરવ દેવની પૂજા-ઉપાસના કરવાથી પરિવારમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ વધે છે. સાથે જ આરોગ્યની પણ પ્રાપ્તિ થાય છે. આ દિવસે ભૈરવ કવચ, કાલભૈરવ સ્તોત્ર, બટુક ભૈરવ બ્રહ્મકવચ વગેરેનો નિયમિત પાઠ કરવાથી અનેક સમસ્યાઓનું નિવારણ થઈ જાય છે.

ખાસ કરીને આ દિવસે કાલભૈરવ પોતાના ભક્તોની મનોકામના પણ પૂર્ણ કરે છે. અનેક શ્રદ્ધાળુઓ સુખાકારી માટે પણ નિયમિત રીતે ભૈરવ દેવની ઉપાસના કરતાં હોય છે. ભૈરવ દેવની ઉપાસના વ્યક્તિને અશુભતામાંથી પણ બચાવવા માટે સક્ષમ છે. તંત્રમાર્ગમાં ભૈરવયંત્ર સાથે ગુરુગમ્ય મંત્ર સાથેની



ઉપાસના કરવામાં આવતી હોય છે. એક મત મુજબ આઠ પ્રકારનાં ભૈરવ છે, જેમાં મહાભૈરવ, સંહારભૈરવ, અસિતાંગભૈરવ, રુરુભૈરવ, કાલભૈરવ, ક્રોધભૈરવ, તામ્રચૂડ અને ચંદ્રચૂડનો સમાવેશ થાય છે. આ દિવસે અનેક શ્રદ્ધાળુઓ કાળભૈરવના મંદિરમાં જઈને કાળા અડદ કે અડદની દાળમાંથી બનેલા વડા, મિષ્ટાન્નનો ભોગ પણ પણ ધરાવતાં હોય છે. ખાસ કરીને આકસ્મિક દુર્ઘટનાઓથી પણ તેઓ બચાવી લે છે. અનેક શ્રદ્ધાળુઓના ભૈરવ ઉપાસ્ય દેવ છે ત્યારે હૃદયપૂર્વક કરવામાં આવેલી કાળભૈરવની ઉપાસના અનેક સંકટોને ટાળનારી બની રહે છે.

## શું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માત્ર ભૂતકાળનું વિશ્લેષણ કરીને ભવિષ્યની આગાહી કરવાનો જ પ્રયાસ કરે છે..?

# રોબોટ આપણાં કરતાં વધારે સ્માર્ટ થઇ જાય તો શું થશે..?!

**હિગિન્સ કહે છે, "10-15 વર્ષ પહેલાં લોકો AI-રોબોટને એક સપનું માનતા હતા, પરંતુ આપણા જીવનકાળમાં આપણે તેને જોઈ રહ્યાં છીએ."**

વિશ્વની કેટલીક શ્રેષ્ઠ કૃત્રિમ બુદ્ધિ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-(AI) પ્રણાલીઓ ચેસ અથવા પોકર જેવી રમતમાં માણસોને હરાવવા માટે પૂરતી બુદ્ધિશાળી છે. કેટલાક એવા પણ છે જેઓ બિલાડીઓને ઓળખવાની તેમની ક્ષમતા અથવા કાળા લોકોને ઓળખવામાં તેમની અસમર્થતા માટે જાણીતા છે.

પરંતુ શું હાલની AI સિસ્ટમો રમકડાં કરતાં વધુ છે? તે ઠીક છે કે પ્રાણીઓને રમવાની અથવા ઓળખવાની તેમની ક્ષમતા પ્રભાવશાળી છે પરંતુ શું તે નફાકારક AI સિસ્ટમ બનાવવામાં મદદ કરશે? આ પ્રશ્નનો જવાબ આપવા માટે, નિષ્ણાતોને એક પગલું પાછળ જવું પડશે અને પ્રશ્ન પર આવવું પડશે કે AI ના લક્ષ્યો શું છે?

AI નો મૂળ વિચાર ખૂબ જ સરળ છે: ભવિષ્ય વિશે સચોટ આગાહી કરવા માટે ભૂતકાળનું વિશ્લેષણ કરવું. તે તમામ પ્રકારની સૂચનાઓનું પાલન કરવા સક્ષમ લાગે છે. ઉદાહરણ તરીકે, જો તમે કોઈ ઉત્પાદન ખરીદવા માંગતા હો, તો Google તે ઉત્પાદન માટે જાહેરાત બતાવવાનું શરૂ કરે છે, અનુમાન લગાવે છે કે કોઈ ચિત્ર તમારા અથવા તમારા પાડોશી સાથે મેળ ખાય છે.AI નો ઉપયોગ વ્યક્તિને કેન્સર છે કે નહીં તે મૂલ્યાંકન કરવા માટે પણ થાય છે અથવા તેનો ઉપયોગ દર્દીઓના મેડિકલ રિપોર્ટ્સ ચકાસવા માટે પણ થાય છે.

પ્લુરીબસ નામનો પોકર-રમતો બોટ 2019માં વિશ્વના ટોચના પોકર ખેલાડીઓને હરાવવામાં સક્ષમ હતો, એવી આગાહી કરી કે તે મનુષ્યોને છેતરશે.....અનુમાનો માટે મોટી સંખ્યામાં ડેટા અને ઝડપી વિશ્લેષણ માટે સંસાધનોની જરૂર પડે છે. ઉદાહરણ તરીકે, પ્લરીબસ અબજો કાર્ડ ડેટાને મિલીસેકન્ડમાં ફિલ્ટર કરે છે.

તે રમતની ઘણી સંભવિત વિવિધતાઓ બનાવવા માટે ઘણી પેટર્નને એકસાથે જોડે છે. આગળની કાર્યવાહી કરવા માટે તે હંમેશા તેના ડેટા ઈતિહાસને જુએ છે અને આગળ જોવાનો અર્થ શું છે તે વિશે ક્યારેય વિચારતું નથી.

પ્લુરીબસ, આલ્ફાગો, એમેઝોન રેકેનાઈઝેશન- Pluribus, AlphaGo, Amazon Recognition જેવા ઘણા અલ્ગોરિધમ્સ છે- જે તેમનું કાર્ય ખૂબ જ અસરકારક રીતે કરે છે અને કેટલાક એટલા સારા છે કે કેટલીકવાર તેઓ તે રમતમાં નિષ્ણાત લોકોને પણ હરાવી દે છે...

માનવ બુદ્ધિ સામાન્ય છે , કૃત્રિમ બુદ્ધિ સંકુચિત છે. AI સિસ્ટમ ખરેખર માત્ર એક જ કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે, પ્લુરીબસ તેના કામમાં એટલી વિશિષ્ટ છે કે એક તરફ તે પત્તાની રમતોમાં નિષ્ણાત છે પરંતુ બ્લેકજેક જેવી અન્ય પત્તાની રમતો રમી શકતી નથી. યંત્રમાનવ કે રોબોટ કે એઆઇ દ્વારા એકલા કાર ચલાવવાની કે વિશ્વના વર્ચસ્વ માટે આયોજન કરવાની વાત તો દૂરની છે.

આ માનવ બુદ્ધિની બરાબર વિરુદ્ધ છે. તેની મુખ્ય વિશેષતાઓમાંની એક એ છે કે આપણે તેને સામાન્ય બનાવી શકીએ છીએ. આપણે જીવનના અમુક ક્ષેત્રોમાં અત્યંત કુશળ બનીએ છીએ - કેવી રીતે ચાલવું, કેવી રીતે પત્તા રમવું અથવા લેખ કેવી રીતે લખવો. અમે આમાંના કેટલાક ક્ષેત્રોમાં નિષ્ણાત હોઈ શકીએ છીએ, કદાચ કોઈ અલગ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકીએ છીએ પરંતુ અમે હજી પણ અમારા અન્ય કાર્યો શીખવા અને કરવા સક્ષમ છીએ. આ ઉપરાંત, આપણે એક કૌશલ્યોને એક ક્ષેત્રમાં મેળવેલા જ્ઞાનને બીજા ક્ષેત્રમાં લાગુ કરીને. તેને સ્થાનાંતરિત કરી શકીએ છીએ.

પરંતુ એઆઇ સિસ્ટમ મૂળભૂત રીતે તે રીતે કામ કરતી નથી. તેઓ પુનરાવર્તન દ્વારા અથવા ઓછામાં



ઓછા ત્યાં સુધી શીખે છે જ્યાં સુધી શક્તિ ખૂબ ખર્ચવામાં ન આવે. અબજો પુનરાવર્તનો અને ટનબંધ ગણતરીઓ દ્વારા, આગાહી એકદમ સચોટ છે. જો વિકાસકર્તાઓ ઇચ્છે છે કે AI માનવ બુદ્ધિ જેટલી સર્વતોમુખી હોય, તો AI એ વધુ સામાન્ય બનવું પડશે અને બુદ્ધિને સ્થાનાંતરિત કરવાની ક્ષમતા વિકસાવવી પડશે.

કૃત્રિમ બુધ્ધિ સામાન્ય બુદ્ધિ અને હવે AI ની સંકુચિતતા પણ હવે બદલાઈ રહી છે. આને સંપૂર્ણપણે બદલવા માટે જે તૈયાર છે તે છે આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ. મનુષ્યની જેમ તેઓ ઘણી બધી વસ્તુઓ કરવા સક્ષમ છે જેમ કે આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ એક સાથે અનેક પ્રકારના કામ કરી શકશે અને નિષ્ણાતની જેમ તમામ કામ કરશે.

આવા AGI હજુ બનાવવાના બાકી છે, પરંતુ Google સબસિડિયરી ડીપમાઈન્ડના સંશોધન વૈજ્ઞાનિક ઈરિના હિગિન્સના કહેવા મુજબ, આપણે તેનાથી દૂર નથી. હિગિન્સ કહે છે, "10-15 વર્ષ પહેલાં લોકો AGI-રોબોટને એક સપનું માનતા હતા. લોકો વિચારતા હતા કે તેને બનાવવામાં 1500 વર્ષ લાગશે અથવા કદાચ તે ક્યારેય બની શકશે નહીં. પરંતુ અમે તે કરી શકીએ છીએ. આપણા જીવનકાળમાં. આપણે તેને રોબોટ-યંત્રમાનવ- જોઈ રહ્યા છીએ." રોબોટ્સ અનુભવો- સ્પેસ એક્સ્પ્લોરેશન અને કેન્સરની સારવાર જેવી વિજ્ઞાનના ક્ષેત્રમાં ઘણી મોટી સમસ્યાઓના ઉકેલ માટે AGIનો ઉપયોગ કરવાની યોજના છે. પરંતુ



આપણે AGI ની સંભવિતતા વિશે જેટલું વધુ વાંચીએ છઈએ, તે વિજ્ઞાન કરતાં, વિજ્ઞાન સાહિત્ય જેવું લાગે છે. કલ્પના કરો કે સિલિકોન, પ્લાસ્ટિક અને મેટલ જેવી વસ્તુઓ પોતાને માનવ કહેવાનું શરૂ કરે છે અને અમલદારોની જેમ શહેરો ચલાવતા સુપર-કમ્પ્યુટર. માને છે....

ટ્રાન્સફોર્મેટિવ AI આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું વિસ્તરણ કરી રહ્યું છે-

જ્યારે AGI વિજ્ઞાન સાહિત્ય તરફ વધુ ઝુકે છે, ત્યારે પરિવર્તનશીલ AIના ક્ષેત્રમાં વિકાસ નોન-ફિક્શન શ્રેણીમાં આવે છે. હેવલેટ પેકાર્ડ એન્ટરપ્રાઇઝના ચીફ ટેક્નોલોજી ઓફિસર એંગ લિમ ગોહ કહે છે, "જો કે AI ખૂબ જ કાર્ય વિશિષ્ટ છે, તે કમ્પ્યુટર દ્વારા કરી શકાય તેવા કાર્યોની શ્રેણીને પણ વિસ્તરી રહ્યું છે." હાલમાં ઉપયોગમાં લેવાતી પ્રારંભિક AI સિસ્ટમ્સમાંની એક લાર્જ લેંગ્વેજ મોડલ (LLM) છે.

ચેટબોટ્સનો ઉલ્લેખ કરતા, ગોહ કહે છે, "એલએલએમ લખતી વખતે જોડણી સુધારણાના ક્રમથી શરૂ થયું. તે પછી, તેણે વાક્યો સુધારવાનું શરૂ કર્યું. અને હવે, તેણે એટલો બધો ડેટા પ્રોસેસ કર્યો છે કે તે તમારી સાથે વાત કરી શકે છે..."

એલએલએમની ક્ષમતા વધુ વધી છે. હવે તેઓ માત્ર લખીને કોઈ પ્રશ્નનો જવાબ આપતા નથી, તેઓ તસવીરો જોઈને પણ જવાબ આપી શકે છે. ગોહ કહે છે, "પરંતુ જ્યારે તમે કોઈની નોકરી સાથે તેની તુલના કરો છો ત્યારે તે હજી પણ ખૂબ જ સંકુચિત લાગે છે. LLM લેખો અને ચિત્રોનો અર્થ સમજી શકતા નથી. તેઓ શબ્દો અને ચિત્રોને તે રીતે વાંચી શકતા નથી અથવા તેનો સર્જનાત્મક ઉપયોગ કરી શકતા નથી, જેમ કે માણસ કરી શકે છે." કેટલાક લોકો AI ની કળા જાણવા માટે ઉત્સુક હશે - જેમ કે કેવી રીતે DALL-E 2 ટેક્સ્ટ પર આધારિત છબીઓ બનાવે છે.

પણ શું આ કળા છે? શું આ સાબિતી છે કે મશીનો સર્જનાત્મક હોઈ શકે છે? આના પર ફિલોસોફિકલ ચર્ચા થઈ શકે છે. પરંતુ ઘણા નિષ્ણાતો માને છે કે AI કલાનું સર્જન કરતું નથી પરંતુ કલાને અનુસરે છે. લુડવિગ વિટગેન્સ્ટીનના શબ્દોમાં, "મારા શબ્દોનો અર્થ છે, પરંતુ તમારા એઆઈના શબ્દોના અર્થ નથી..."

# અસરકારક અભિવ્યક્તિ માટેની લેખનકૌશલ્યની નિસરણી

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

'સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી'
- કવિ ઉમાશંકર જોશી.

આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યે આપણને કેટલો પ્રેમ છે? તે ત્યારે જણાઈ આવે છે, જ્યારે આપણે માતૃભાષા ગુજરાતીમાં બોલીએ અને લખીએ છીએ. ગુજરાતીમાં સંવાદ કરવા અને લખવા માટે શું આપણે શુદ્ધ ગુજરાતી જોડણીનો ઉપયોગ કરીએ છીએ? શું સાચાં ગુજરાતી શબ્દોની આપણને જાણકારી છે? શું આપણાં ઘરમાં કે કચેરીમાં આપણે ગુજરાતી ભાષાનો શબ્દકોશ રાખ્યો છે? જેથી આપણને ન ખબર પડતાં ગુજરાતી શબ્દોની સાચી જોડણી માટે તત્કાળ આપણે જોડણીકોશનો ઉપયોગ કરી શકીએ. ઘણાંને આ બધી વાતો અહીં અસ્થાને લાગતી હશે, પરંતુ એ સત્ય હકીકત છે કે આજે પણ ગુજરાતી ભાષામાં અનુસ્નાતક થયેલો વિદ્યાર્થી સાચું ગુજરાતી નથી જાણતો. દરેક ગુજરાતીને પોતાની માતૃભાષામાં અસરકારક અભિવ્યક્તિ કરવા માટે એક સુંદર પુસ્તકની હમણાં જ રચના થઈ છે જેનું નામ છે, ' ગુજરાતી લેખનકૌશલ્ય'.


સાહિત્ય ક્ષેત્રે અનેક પુરસ્કારો પ્રાપ્ત કરનાર તથા જીવનચરિત્રનાં ૨૫, કથાસાહિત્યનાં ૪, વિવેચનનાં ૩૮, સંદર્ભગ્રંથો ૧૦, સંપાદનનાં ૨૪, અનુવાદનાં ૨૧, સાહિત્યનાં ઈતિહાસનાં ૪ સહિત કુલ ૧૫૭ પુસ્તકોનાં આદરણીય લેખક પ્રસાદ બ્રહ્મભટ્ટનું આ નવું પુસ્તક છે, ' ગુજરાતી લેખનકૌશલ્ય'. પ્રસ્તાવનામાં લેખક લખે છે, ' કોઈપણ મનુષ્ય પોતાની માતૃભાષામાં અસરકારક અભિવ્યક્તિ કરી શકે. આ સંભાવના હોવા છતાં વિવિધ વિશ્વવિદ્યાલયોની વિવિધ વિદ્યાશાખાઓના અને વિશેષ તો વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ તથા ગુજરાતી ભાષા સાહિત્ય સાથે સ્નાતક થયેલા મોટા ભાગના વિદ્યાર્થીઓ શુદ્ધ ગુજરાતી લખી શકતા નથી એ ખેદજનક હકીકત છે. આ અનિચ્છનીય પરિસ્થિતિમાં પરિવર્તન આવે એવા શુભાષયથી 'ગુજરાતી લેખનકૌશલ્ય'નું લેખન કર્યું છે.

આ પુસ્તક વાસ્તવમાં અસરકારક અને પ્રભાવક અભિવ્યક્તિ માટેની લેખનકૌશલ્યની નિસરણી છે. એનાં સોળ પ્રકરણો સફળતાની સીડીનાં સોપાનો છે, પુરુષાર્થ પ્રાપ્ત કરવા માટેનાં પગથિયાં છે. એ સોપાનો સર કરનાર સહુ સુજ્ઞજનો સરળતાથી, સહજતાથી પોતપોતાના ક્ષેત્રોમાં, વ્યવસાયોમાં સિદ્ધિ સંપ્રાપ્ત કરી લેખન કૌશલ્ય દ્વારા અસરકારક અભિવ્યક્તિ કરવા સક્ષમ થઈ શકશે.'

એકવીસ આધારભૂત સંદર્ભગ્રંથોમાંથી લેખકે ખૂબ જ જહેમત ઉઠાવી, અહીં આપણને સોળ પ્રકરણોમાં માખણ પીરસ્યું છે. જે ખૂબ જ સરળતાથી ગળે ઉતરી જાય તેમ છે. ગુજરાતી વ્યાકરણ, ક્રિયાવિશેષણો, અનુગો અને નામયોગી તત્વો, સંધિ, સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતો, છંદ અને અલંકાર, જોડણીના નિયમો વિગેરે દરેક પ્રકરણ વાંચીને આપણાં ભાષાજ્ઞાનમાં ચોક્કસ સમૃદ્ધિ થાય છે. ગુજરાતી ભાષાપ્રેમીઓ માટેનો આ દુર્લભ ખજાનો દરેક સાચા ગુજરાતીએ લૂંટવો જ રહ્યો.

### વ્યાકરણ

'કોઈપણ ભાષામાં અસરકારક લેખનકૌશલ માટે તે ભાષાનાં વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે. વ્યાકરણ શબ્દનો અર્થ સ્પષ્ટીકરણ થાય છે. જે શાસ્ત્રમાં પ્રકૃતિ ને પ્રત્યય જુદા પાડી પ્રત્યયના અર્થ દર્શાવ્યા હોય છે તથા જેમાં શબ્દોનાં શુદ્ધ રૂપ અને તેનો વાક્યમાં પરસ્પર સંબંધ કેવી રીતે છે તે વિશે વિવેચન કર્યું હોય છે તેને 'વ્યાકરણ' કહે છે. આ રીતે વ્યાકરણમાં શબ્દોનું સ્પષ્ટીકરણ થાય છે. એને 'શબ્દાનુશાસન' પણ કહે છે, કેમકે એમાં શબ્દોનું




અનુશાસન-ઉપદેશ કરાય છે, અસાધુ શબ્દથી જુદા પાડી સાધુ શબ્દ સિદ્ધ થાય છે. વાસ્તવમાં વ્યાકરણ ભાષાને નિયમમાં રાખે છે અને વિકાર પામતી અટકાવે છે. તે સાધુ શબ્દનું જ્ઞાન કરાવે છે અને અસાધુ (અપભ્રષ્ટ) શબ્દનો પ્રયોગ અટકાવે છે. શુદ્ધ ભાષાનાં રક્ષણ માટે વ્યાકરણનો અભ્યાસ આવશ્યક છે.'

કિંમત : 325.00

# ભગવાનને ટપાલ

રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

## મોરબીમાં ઐતિહાસિક ઝૂલતા પુલ પર ફરવા ગયેલા તારાં ભક્તોની જિંદગી તેં પળવારમાં લઈ લીધી, મૃત્યુ કેટલા તેતો તને જ ખબર છે

હે મારા પ્રિય ભગવાન,

વિક્રમ સંવત ૨૦૭૯ની શરૂઆત થઈ ગઈ છે. દરેક ભક્તોએ નવા વર્ષના પ્રથમ દિવસે તારા મંદિરે આવીને આશિર્વાદ મેળવ્યા છે. તેં આશિર્વાદમાં કોને શું આપ્યું છે? તે તો તને જ ખબર. પણ, એક વાત તો ચોક્કસ છે કે, તારી લીલા અપરંપાર છે. કોઈ તને કળી નથી શકતું. એટલે જ તો તું ભગવાન છે.

નવાં વર્ષનાં તારાં આશિર્વાદ મેળવી, ઘણાં ભાઈ-બહેને ભાઈબીજની ઉજવણી કરી. મોટી બહેને તેનાં નાનાં ભઈલાને હંમેશા હસતો જોવાનાં આશિર્વાદ આપ્યાં, તો મોટાભાઈએ તેની લાડકી બહેનને સદા સુખી રહેવાની શુભેચ્છાઓ આપી. લાભપાંચમ પછી છઠ્ઠ પૂજાનો તહેવાર હતો. ઉત્તર ભારતીયોએ આ દિવસે સૂર્યાસ્ત સમયે ભગવાન સૂર્યનારાયણની પૂજા કરીને અર્ધ્ય આપ્યો. બરાબર આ જ સમયે મોરબીમાં ઐતિહાસિક ઝૂલતા પુલ પર ફરવા ગયેલા તારાં ભક્તોની જીંદગી તેં પળવારમાં લઈ લીધી. મૃત્યુનો આંકડો કેટલો છે? તેનો તને ખબર જ છે.

કોરોનાકાળમાં કેટલાં નિર્દોષ ભક્તોનાં જીવ ગયાં છે, તેનાથી તું ક્યાં અજાણ છું? હજુ હમણાં જ તો અમને કોરોનાથી માંડ રાહત મળી છે, ત્યાં મોરબીમાં બનેલી આ દુર્ઘટના. તારી આ માયાની મને તો ખબર નથી પડતી. હું તો તારી આગળ એક તુચ્છ જીવ છું. હા, આ જિંદગી તેં તો મને આપી છે. તેનો અંત કરવાનો હક્ક પણ તારો જ છે. પરંતુ, નવા વર્ષનાં તારાં આશિર્વાદ ક્યાં ગયાં? જ્યારે તે કોઈને સુખી થવા કહ્યું હશે? એક બહેનનાં આશિર્વાદ ક્યાં ગયાં, જ્યારે તેણે તેનાં ભઈલાને સદાય હસતો રહેજે કહ્યું હશે? એ આશિર્વાદ ક્યાં ગયાં? જ્યારે એક માતાએ તેનાં સંતાનોને હંમેશા ખુશ રહો તેમ કહ્યું હશે?

તારા પર મને સંપૂર્ણ વિશ્વાસ છે જ, તે વાત નિઃસંદેહ સાચી છે, પરંતુ જ્યારે આવાં અકાળ માનવ મૃત્યુનાં ખબર મળે છે, ત્યારે મન વ્યથિત થઈ જાય છે. હૃદયમાં થતો વલોપાત તારી આગળ જ તો ઠાલવી શકાય તેમ છે, બીજું કોણ છે, જે મને સમજી શકે?

ફરીથી તને એક વિનંતી સાથે વિરમું છું. હા, કુદરતને, પ્રકૃતિને માનવજાતે ઘણું નુકસાન પહોંચાડ્યું છે, તે બદલ હું ક્ષમા માંગુ છું, પરંતુ તું તો સર્વશક્તિમાન છે. તારી ઈચ્છા વગર તો પાંદડું પણ નથી હલી શકતું, ત્યારે અમે તારાં છોરું પર થોડી વધારે દયાભાવના તું રાખ તેવું હું ઈચ્છું છું. આ પૃથ્વી તેં જ તો બનાવી છે. અમારી જીવતરની દોરી તારાં હાથમાં છે. હવે, કોઈ નાનાં ભૂલકાંઓને જલ્દી અનાથ ના કરીશ. હવે, કોઈ પરણેતરનો સુહાગ જલ્દી ના છીનવીશ. હવે, કોઈ મા નાં ખોળામાંથી તેનાં વ્હાલાં સંતાનોને ના ઝૂંટવી લઈ લઈશ. બસ, આ એક જ મારી લાગણી અને માંગણી છે. બાકી, તો તું અંતર્યામી છે. સૌ સારા વાનાં કરજે પ્રભુ.

લિ. તારો ભક્ત



Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# પંચમહાલ: પાવાગઢના જંગલમાં પરિણીત યુવક અને યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

## મુખ્ય રોડથી બે કિલોમીટર સુધી ઘનઘોર ગીચ વેરાન જંગલમાં પોલીસને પગપાળા જવું પડ્યું

ગુજરાત | વંદન

પાવાગઢના ગીચ જંગલમાં પરિણીત યુવક અને લગ્નેત્તર સંબંધો તોડી પિયરમાં રહેતી યુવતીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં પાવાગઢના ગીચ ઘનઘોર વેરાન જંગલમાં આ બંન્નેએ એક જ ઓઢણી વડે સામસામે ઓઢણીનો ગાળીયો બનાવી પોતાના ગળે ભરાવી ઝાડની ડાળીએ લટકી જઈ ગળે ફાંસો ખાઈ પોતાની જીવન લીલા ટૂંકાવી લેતા પંથકમાં જાત જાતના તર્ક વિતર્કો સાથે ચકચાર મચી જવા પામી છે. જ્યારે પાવાગઢ પોલીસે બન્નેના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

ઘોઘંબા તાલુકાના ખરોડ ગામે રહેતો અને મારુતિ વાન ચલાવી ખાનગી મુસાફરોનું પરિવહન કરતો પરિણીત યુવાન ધર્મેન્દ્ર ઉર્ફે સુનિલ ભયલાલભાઈ બારીયા અને પ્રેમ લગ્ન કરી લગ્નેત્તર સંબંધો તોડી પોતાના પિયરમાં રહેતી પાવીજેતપુર તાલુકાના એક ગામની યુવતીએ પાવાગઢના ગાઢ જંગલમાં જઈ એક સાથે એક જ ઓઢણીનો સામસામે ગાળીયો બનાવી પોતાના ગળે ભરાવી ઝાડની ડાળીએ લટકી જઈ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં ધર્મેન્દ્ર ઉર્ફે સુનિલનું આજથી ચાર વર્ષ પહેલા ઘોઘંબા તાલુકાના આંકલાવ ગામે લગ્ન થયું હતું. જેમાં ધર્મેન્દ્ર ઉર્ફે સુનીલને દોઢ વર્ષીય બાળક પણ છે. જ્યારે યુવતીનું પાવીજેતપુર તાલુકાના એક ગામે રહેતા યુવાન સાથે આજથી એકાદ વર્ષ પહેલાં પ્રેમ લગ્ન થયું હતું. જેમાં પ્રેમ લગ્નના એક વર્ષ જેટલા સમયમાં યુવતીનું મન પ્રેમલગ્નથી ભરાઈ જતા તેણે પ્રેમલગ્ન તોડી નાખી લગ્નેતર સંબંધનો અંત આણ્યો હતો.સુનીલના સંપર્કમાં આવી હોવાનું અને બન્ને વચ્ચે પ્રેમસંબંધ હોઈ જેમાં ધર્મેન્દ્ર ઉર્ફે સુનિલ પરિણીત હોવાથી અને એક દોઢ વર્ષીય બાળકનો પિતા હોવાથી અને યુવતી અગાઉના લગ્નેત્તર સંબંધો તોડી પિયરમાં રહેતી હોવાથી બન્નેએ એવું વિચાર્યું હશે કે સમાજ તેઓને એક સાથે રહેવા નહીં દે અને તેઓના સંબંધને સ્વીકારશે નહીં માટે મરવાનું બન્નેએ પસંદ કરી પાવાગઢના ગીચ વેરાન જંગલમાં આવી પોતાની જીવન લીલા સંકેલી લેવાનો નિર્ણય કરી બન્નેએ એક સાથે ઝાડની ડાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે

જંગલમાં ઢોર ચરાવવા ગયેલા એક ગોવાળિયાએ બન્નેના મૃતદેહને ઝાડ પર મૃત હાલતમાં લટકતા જોતા બનાવ અંગે તાત્કાલિક પાવાગઢ પોલીસને જાણ કરી હતી. જેમાં મુખ્ય રોડથી બે કિલોમીટર સુધી ઘનઘોર ગીચ વેરાન જંગલમાં પોલીસને પગપાળા જવું પડ્યું હતું અને સ્થળ પર પહોંચી પોલીસે બન્નેના મૃતદેહનો કબજો મેળવી ભારે જહેમત બાદ હાલોલની રેફરલ હોસ્પિટલ સુધી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. જે બાદ પાવાગઢ પોલીસે બન્નેના આપઘાત અંગે જરૂરી કાગળિયા કરી આગળની કાયદાકીય કાર્યવાહી અંતર્ગત વધુ તપાસ હાથ ધરી છે.

### કોંગ્રેસના ધારાસભ્યએ સભા સંબોધતા કહ્યું:

# આમ આદમી પાર્ટીને મત આપવા કરતા ભાજપને આપજો

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચૂંટણી તારીખો જાહેર થઈ ગયા પછી રાજકીય ઘમાસાણ મચી રહ્યો છે. ઠેક ઠેકાણે સભાઓ અને રેલીઓ થવા લાગી છે. દલબદલ તો નિવેદનોની તદાપીડ બોલી રહી છે. આક્ષેપો અને પ્રતિ આક્ષેપ લાગી રહ્યા છે. એવામાં કોંગ્રેસના ધારાસભ્યએ ભરી સભામાં કહીં દીધું કે આમ આદમી પાર્ટીને મત આપવા કરતા ભાજપને મત આપજો. ચૂંટણી વખતે ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયાના નિવેદન વાળો વીડિયો સોશ્યલ મીડિયામાં ધડાધડ વાઈરલ થવા લાગ્યો છે.

અહેવાલો મુજબ રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના પીઢ નેતા શક્તિસિંહ ગોહિલ ધોરાજી - ઉપલેટા - જેતપુર - ગોંડલના પ્રવાસે હતા. આ દરમિયાન એક સભામાં તેમની હાજરીમાં જ ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયા લોકોને સંબોધી રહ્યા છે. તેઓ કહીં રહ્યા છે કે, ધોરાજી - ઉપલેટા સીટ પર ભાજપ કોંગ્રેસને હરાવી શકે તેમ નથી. તેથી આમ આદમી પાર્ટી કોંગ્રેસના મત કાપવા આવી છે. તેમણે સીતાહરણનો પ્રસંગ ટાંકતા કહ્યું કે, લક્ષ્મણ રેખા વળોટી સીતામાતાનું અપહરણ રાવણ કરી શકે તેમ ન હોવાથી તેણે બ્રાહ્મણનું રૂપ લીધું. એવી જ રીતે ભાજપની બી ટિમ બની 'આપ' રૂપ બદલી ગરીબો અને મફત વીજળી આપવાની વાતો કરી કોંગ્રેસના મત તોડવા આવ્યું છે. જેથી સૌએ સચેત રહેવાનું છે. ધારાસભ્ય વસોયાના શબ્દો એવા હતા કે, "કોઈ આમ આદમી પાર્ટીને મત દેવાની વાત કરે તો હું આ મંચ પરથી કહીશ કે, આમ આદમી પાર્ટીને મત દેવા કરતા ભાજપને મત દેજો"

વસોયાના આ શબ્દોથી હાજર સૌ કોંગ્રેસના આગેવાનો ચોંકી ગયા હતા. કાર્યકરો પણ સ્તબ્ધ બન્યા હતા. અત્રે નોંધવું રહ્યું કે, પાટીદાર અનામત વખતે લલિત વસોયા પાસના કન્વીનર હતા. ગત વિધાનસભાની ચૂંટણીમાં હાર્દિક પટેલ સહિત લલિત વસોયા અન્ય પાસ આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ અઠવાડિયે શેર-સટ્ટામાં જોખમ ન લેવું. ધાર્યો લાભ મેળવવા રાહ જોવી પડશે. પારિવારિક ક્ષેત્રે સમજદારી જાળવવી જરૂરી છે. દરેક મુદ્દાને ચકાસીને નિર્ણય લેવો. કાર્ય પદ્ધતિમાં ફેરફાર ન કરવો. ઊંચી ઊડાન ભરવામાં પણ તળેથી જમીન સરકી ન જાય તેનું ધ્યાન રાખવું.

**વૃષભ** (બ.વ.ઉ)
વડીલ વ્યક્તિના સ્વાસ્થ્ય બાબતે ચિંતિત રહેશો. સંશોધન ક્ષેત્રે સફળતા મળે. ઊંડાણથી કરેલા અભ્યાસનું ફળ પ્રાપ્ત થાય. ધાર્યું લક્ષ મેળવો. પેટને લગતી બીમારીઓથી સાવચેત રહેવું. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. માનસિક મૂંઝવણમાં વધારો થાય.

**મિથુન** (ક.છ.ઘ)
આ સપ્તાહે જાહેર જીવનમાં ભાગીદારીમાં કે દામ્પત્ય જીવનમાં વિચારોનો અનિચ્છાએ તાલ-મેલ રાખવો પડે. પિતાના આરોગ્યની કાળજી લેવી. નાની-મોટી મુસાફરી થકાવટ ભરેલી રહે. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. સામેવાળાના લાભનો વિચાર કરી નિર્ણય લેવો પડે.

**કર્ક** (ડ.હ)
આ અઠવાડિયે તમારી સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થાય, વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. ઓર્ડર સમયસર પૂરો ન કરી શકો અથવા નફામાં બાંધછોડ કરવી પડે પૈતૃત સંપત્તિ મળે પરંતુ અસંતોષ રહે. દામ્પત્યજીવનમાં સુમેળ રહે. ક્યારેક નાના મોઢે મોટી વાત પણ ઉપયોગી નીવડે છે.

**સિંહ** (મ.ટ)
ધર્મ કાર્યમાં રૂચિ રહે. માતા-પિતાની વધુ કાળજી લેશો. આડોશ-પાડોશમાં મંગળપ્રસંગને કારણે લોકો સાથે હળવા-મળવાથી મનની તાણ દૂર થશે. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. ઓર્ડર સમયસર પૂરો ન કરી શકો અથવા નફામાં બાંધછોડ કરવી પડે પૈતૃત સંપત્તિ મળે પરંતુ અસંતોષ રહે.

**કન્યા** (પ.ઠ.ણ)
યાત્રામાં અવરોધ આવે. સંતાનોની સુખ-સગવડતા સાચવશો તો પણ તેમને કદર નહિ થાય. દામ્પત્યજીવનમાં સુમેળ રહે. ક્યારેક નાના મોઢે મોટી વાત પણ ઉપયોગી નીવડે છે. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધે. ભૌતિક સુખ પાછળ દોડવામાં કાર્યભાર વધે.

**તુલા** (ર.ત)
સહકર્મી સાથે મિત્રતાભર્યું વર્તન રાખવાથી કાર્યભાર હળવો થશે. આડોશ-પાડોશમાં મંગળપ્રસંગને કારણે લોકો સાથે હળવા-મળવાથી મનની તાણ દૂર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે મહત્ત્વના કાર્ય અટકી ન જાય. અચાનક જૂના શત્રુની કનડગત શરૂ થાય. ચેતતા રહેવું.

**વૃશ્ચિક** (ન.ય)
લાંબી મુસાફરી ખર્ચાળ સાબિત થાય, જે દોડધામ ભરેલી હશે પણ તેનાથી લાભ પણ થશે. રાજાશાહી જેવું જીવન જીવતા હોવ તો મર્યાદામાં રહેવું ખરાબ આદત પડતા વાર નથી લાગતી. સાવચેત રહેવું. ઊંચી ઊડાન ભરવામાં પણ તળેથી જમીન સરકી ન જાય તેનું ધ્યાન રાખવું.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહે તમે તમારા કુટુંબીજનો સાથે સુખદ સમય પસાર કરશો. માહોલ સારો રહેશે. ખર્ચ પર કાબૂ રાખશો, નહીં તો બજેટ ખોરવાતા વાર નહિ લાગે. પરિવારના સભ્યોનું વર્તન અકળાવનારું લાગે. તેના કારણે માનસિક તણાવ રહે. મિત્રોનો સહવાસ મળે.

**મકર** (ખ.જ)
આ સપ્તાહે તમારા જીવનમાં દરેક જાતની સુખ-સગવડતા હોવા છતાં પણ મને અસંતોષ રહે. સતત કંઈક ખૂટતું હોય તેવું લાગ્યા કરે. માતા-પિતાનો સાથ-સહકાર મળી મળશે. વ્યવસાય ક્ષેત્રે બદલાવ થવાને કારણે કાર્યભાર વધશે. મનગમતું કાર્ય મળવા છતાં પણ ઉત્સાહમાં થોડી કમી રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ અઠવાડિયે તમને માતા-બેન-પુત્રીનો સાથ-સહકાર મળશે. લેખન કાર્યમાં રૂચિ રહેશે. રમણીય સ્થળની મુલાકાત લેશો. કુટુંબની કોઈ નાની વ્યક્તિનું વર્તન વડીલ જેવું લાગે તો નવાઈ નહીં. પણ તેની નોંધ લેશો. ક્યારેક નાના મોઢે મોટી વાત પણ ઉપયોગી નીવડે છે.

**મીન** (દ.ચ.ઝ)
આ સપ્તાહે તમારા જીવનમાં નવી સમસ્યા ઉદ્ભવે, પરંતુ શાંતિથી કામ કરતા સમસ્યા હળવી થાય. જૂના મિત્રોને મળવાનું સંભવ બને, રોકાણ સાચવીને કરવું, કાર્યક્ષેત્રમાં અધિકારીઓ આપના ઉપર મહેરબાન રહેશે, ગેરસમજ મનદુ:ખ ટાળવા. આવા સમયે કુળદેવીની ઉપાસના મદદરૂપ થાય છે. લાંબા ગાળાના પરિણામો તમરી તરફેણમાં આવે.

# ભાવનગર જિલ્લાની વિધાનસભાની બેઠકો પર ભાજપનો રહ્યો છે દબદબો

## ગત ચૂંટણીમાં 7માંથી 6 બેઠક પર ભાજપનો થયો હતો વિજય

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતા ચૂંટણી પ્રચાર, ચૂંટણી કામગીરી સહિતનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. એવામાં ભાવનગર



જિલ્લાની વાત કરીએ તો અહિંયા ભાજપનો દબદબો રહ્યો છે. ગત વખતની વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પરિણામ પર નજર કરીએ તો ભાવનગર જિલ્લાની ૭ વિધાનસભા બેઠકમાંથી ૬ બેઠક પર ભાજપનો વિજય થયો હતો, જ્યારે એક બેઠક પર કોંગ્રેસે જીત મેળવી હતી. બોટાદ વિધાનસભાની બે બેઠકની વાત કરીએ તો બોટાદની બેઠક પર ભાજપનો અને ગઢડા બેઠક પર કોંગ્રેસનો વિજય થયો હતો. ગઢડા બેઠકના ઉમેદવારે બે વર્ષ પૂર્વે રાજીનામુ આપતા પેટા ચૂંટણી થઈ હતી. ગઢડા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપને જીત મળી હતી.ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાવનગર જિલ્લાની ૭ વિધાનસભા બેઠકમાંથી ૬ બેઠક પર ભાજપનો વિજ્ય થયો હતો, જેમાં ભાવનગર પશ્ચિમ બેઠક પર જીતુ વાઘાણી, ભાવનગર પૂર્વ પર વિભાવરીબેન દવે, ભાવનગર ગ્રામ્ય પર પરષોત્તમ સોલંકી, મહુવા પર રાઘવજી મકવાણા, પાલિતાણા પર ભીખાભાઈ બારૈયા, ગારિયાધાર પર કેશુ નાકરાણી વગેરેનો સમાવેશ થાય છે. તળાજા પર કોંગ્રેસના ઉમેદવાર કનુ બારૈયાનો વિજય થયો હતો. બોટાદ જિલ્લાની બે વિધાનસભા બેઠકમાંથી એક ભાજપ અને એક કોંગ્રેસને મળી હતી, જેમાં બોટાદ પર ભાજપના સૌરભ પટેલનો વિજય થયો હતો, જયારે ગઢડા બેઠક પર કોંગ્રેસના પ્રવિણ મારૂને જીત મળી હતી.

# ભારતીય ટ્રાઈબલ પાર્ટીએ 12 બેઠકો માટે જાહેર કર્યા ઉમેદવારો

ગુજરાત | વંદન

ભારતીય ટ્રાઈબલ પાર્ટી (BTP) એ રવિવારે ગુજરાતની 12 વિધાનસભા બેઠકો માટે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી, જેમાં અનુસૂચિત જનજાતિ (ST) માટેની નવ અનામત બેઠકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. BTPના ગુજરાત પ્રમુખ રમેશ વસાવાએ જણાવ્યું હતું કે, પાર્ટી આગામી મહિને યોજાનારી ચૂંટણી માટે રાજ્યભરની તમામ 27 ST-અનામત બેઠકો પર તેના ઉમેદવારો ઉતારશે. પાર્ટીએ રાજ્યમાં 2017ની ચૂંટણીમાં બે બેઠકો જીતી હતી. નવ ST-અનામત બેઠકો ઉપરાંત, BTP એ કરજણ, જંબુસર અને ઓલપાડ માટે પણ તેના ઉમેદવારોની જાહેરાત કરી હતી. આ ત્રણેય બેઠકો સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અનામત છે.



BTPના ગુજરાત પ્રમુખ રમેશ વસાવાએ જણાવ્યું હતું કે, પાર્ટી આગામી મહિને યોજાનારી ચૂંટણી માટે રાજ્યભરની તમામ 27 ST-અનામત બેઠકો પર તેના ઉમેદવારો ઉતારશે. પાર્ટીએ રાજ્યમાં 2017ની ચૂંટણીમાં બે બેઠકો જીતી હતી.

નવ ST-અનામત બેઠકો ઉપરાંત, BTP એ કરજણ, જંબુસર અને ઓલપાડ માટે પણ તેના ઉમેદવારોની જાહેરાત કરી હતી.

# સુરતના શાંત વિસ્તારોમાં અશાંત ધારાનો આ અમલ શા માટે? બ્રોકર્સે કોર્ટના દ્વાર ખટખટાવ્યાં

ગુજરાત | વંદન

ગુજરાતમાં અશાંત ધારાના અમલને લઈને એક વિવાદ શરૂ થયો છે. સુરતમાં જે કોમર્શિયલ એરિયામાં હિંદુઓની મિલ્કતો છે ત્યાં અશાંત ધારો (ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ) લાગુ પાડવામાં આવતા ટેક્સ્ટાઈલની દુકાનોના બ્રોકર્સ નારાજ છે. તેઓ આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં ગયા છે અને હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સુરત જિલ્લા કલેક્ટરને આ અંગે નોટિસ આપી છે. સુરત ટેક્સ્ટાઈલ શોપ બ્રોકર્સ એસોસિયેશન દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે.

આ અરજીમાં જણાવાયું છે કે સલાબતપુરા પોલીસ સ્ટેશન એરિયામાં બેગમપુરા અને ઝાંપાબજાર જેવા કોમર્શિયલ વિસ્તારોમાં પ્રોપર્ટીના વેચાણ કે ભાડે આપવા પર જે નિયંત્રણો મુકવામાં આવ્યા છે તે અનાવશ્યક છે. કારણ કે આ એક શાંત વિસ્તાર છે અને તેમાં મોટા ભાગની મિલ્કતો હિંદુઓની માલિકીની છે.

## ગુજરાત ચૂંટણી

# ખેરાલુથી કિસ્મત આજમાવશે લોક ગાયક જીગ્નેશ કવિરાજ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ગઈ છે. એવામાં લોક ગાયક કલાકાર જીગ્નેશ કવિરાજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પોતાની કિસ્મત આજમાવવા જઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ તે ખેરાલુથી અપક્ષ ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી લડશે.

આ અંગે જીગ્નેશ કવિરાજે મીડિયા સમક્ષ જણાવ્યુ હતુ કે, ભાજપ કે કોંગ્રેસ નહીં પરંતુ અપક્ષ તરીકે હું દાવેદારી કરીશ. સ્થાનિક લોકોના પ્રશ્નોને ધ્યાને લઈને હું ચૂંટણી લડીશ.



જીગ્નેશ કવિરાજે એમ પણ જણાવ્યુ કે, હું કોઈ પક્ષનો માણસ નથી. ચૂંટણી લડવા મેં કોઈનો સંપર્ક કર્યો નથી. હું દરેક સમાજને સાથે લઈને ચાલનારો માણસ છું. તેમણે એમ પણ જણાવ્યુ કે મે ઉમેદવારી ભરવા માટેની કોઈ તારીખ નક્કી કરી નથી. પાણી, રસ્તા અને અન્ય મુદ્દાઓને લઈને ચૂંટણી લડીશ. મારા ગામનું સારૂ થાયે તે માટે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. ઉલ્લેખનીય છે કે જીગ્નેશ બારોટનો જન્મ 3 સપ્ટેમ્બર 1988ના રોજ મહેસાણા જિલ્લાના ખેરાલુ ગામમાં થયો હતો. તેમને નાનપણથી જ સંગીતક્ષેત્રે ખૂબ જ રસ હતો. તેઓએ પોતાની કળા થકી ખૂબ જ નામ મેળવ્યું છે. આજે જીગ્નેશ કવિરાજનું નામ સંગીત ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં ખ્યાતી પામેલ છે.

# સૂરતમાં ફુટપાથ પર ચાલે છે અનોખી બુટ 'હોસ્પિટલ'

## 300થી 1 લાખ સુધીના બુટને ફરીથી કરાય છે 'સાજા'

ગુજરાત | વંદન

અત્યાર સુધી આપણે દરેક લોકોએ આંખ, નાક,ગાળા એવી અનેક હોસ્પિટલ જોઈ હશે પરંતુ શું તમને ખબર છે સુરત શહેરમાં બુટની પણ હોસ્પિટલ છે ? હા સુરતના પાર્લેપોઈન્ટ વિસ્તારમાં આવી છે ત્યારે તેમને વિચાર આવતો હશે કે આ બુટની હોસ્પિટલ નામ કેમ રાખવામાં આવ્યું હશે? તો ચાલો જાણીયે શું છે આ હોસ્પિટલ વિશે.

આ હોસ્પિટલ ચલાવતા રામદાસભાઈએ જણાવ્યું હતું કે," જેમ આપણા શરીર કઈ થાય એટલે કે કોઈ રોગ થાય શરીર પાર કોઈ ઈજા પોહ્ચે તો તેની સારવાર માટે હોસ્પિટલમાં જઈએ છે. જ્યાં આપણે સારવાર બાદ ફરી સજા થઈ જઈએ છે. એવી જ રીતે આ હોસ્પિટલમાં જખ્મી બુટ એટલે કે ખરાબ થઇ ગયેલા, ફાટી ગયેલા બુટને રીપેર કરી ફરી આખા નવા બનાવી આપવામાં આવે છે. તેથી આનું નામ અમે જખ્મી બુટ હોસ્પિટલ રાખ્યું છે. અને જેમ આપણે હોસ્પિટલ માંથી સાજા થાય છે. એમ અમારી પાસે બુટ પણ એક સરખા જાણે નવા જ હોય એવી રીતે બને છે. સુરતના પાર્લેપોઈન્ટ વિસ્તારમાં અંબિકા કેતનના મંદિર પાસે ઉમરીગર શાળા પાસે છેલ્લા 15 વર્ષથી આ રામદાસભાઈ એક ઓપન દુકાનની જેમ અહીંયા આ બુટ રીપેર કરવાનું કામ કરે છે. આ ભાઈ મોચીના કામ કરતા કંઈક અલગ કામ કરે છે. દરેક મોચી આપણા ફાટેલા બુટ કે ચપ્પલને સીવી આપવાનું કામ કરે છે. પરંતુ આ ભાઈ તેને એવી રીતે રીપેર કરે છે. જાણે નવા જ બુટ ખરીદ્યા હોય. આપણા ઘરોમાં ક્યારેક કોઈ બુટ જે આપણે કેટલા વખતની પેહર્યા ન હોય છે. ત્યારે તે પડ્યા પડ્યા ખરાબ થઈ જાય છે.અથવા તો કોઈક બુટ એવા પણ હોય છે જેનો આપણે ખુબ વપરાશ કર્યો હોય અને તે ઘસાય ગયા હોય,તો આપણી પાસે કેટલાક બુટ એવા પણ હોય છે. જે આપણે તેને ઘણી મોંઘી કિંમતમાં લીધા હોય અને એ થોડા વપરાશમાં અને થોડા જ સમયમાં ખરાબ થઇ ગયા હોય તેવા દરેક બુટને અહીંયા ફરી નવા કરી આપવામાં આવે છે.




અહીંયા 300 રૂથી લઈ 1લાખ સુધીના બુટ રીપેરીંગ કરવામાં આવે છે. બુટને ફેંકી દેવા જેવી હાલત હોય છે. તે જ બુટને અહીંયા ફરી નવા કરી આપવામાં આવે છે. જેથી તેને જખ્મી બુટની હોસ્પિટલ નામ આપવામાં આવ્યું છે.સુરત સિવાય અહીંયા આખા દેશભર માંથી બુટ રીપેરીંગ માટે આવતા હોય છે. લોકો પાર્સલમાં પોતાના ખરાબ બુટ મોકલે છે. અને જયારે તે રીપેરીંગ થઈને ફરી તેમની પાસે જાય છે. તે જોઈએ દરેક ગ્રાહક ઘણા ખુશ થઇ જાય છે.અને આ કાર્ય કરવાથી રામદાસને ઘણો જ સંતોષ મળે છે. તો હવે તમે પણ તમારા આવા નકામા થઇ ગયેલ બુટને ફરી નવા કરવા માટે આ હોસ્પિટલમાં તમારા બુટને દાખલ કરો અને બુટના ડોક્ટર રામદાસભાઈ તેને ફરી સાજા કરી આપશે. આ માટે રામદાસનો સંપર્ક કરવા 8160469436 ફોન કરી નવા બુટ બનાવો.

## શબ્દોની સંતાકૂકડી 35 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | ■ | 2 | 3 | ■ | 4 | 5 |
| 6 | 7 | ■ | 8 | 9 | ■ | |
| 7 | | | ■ | 11 | | ■ |
| 12 | | ■ | 13 | | ■ | 14 |
| | ■ | 15 | | ■ | 16 | |
| ■ | 17 | | ■ | 18 | | ■ |
| 19 | | ■ | 20 | | ■ | 21 |

### ઊભી ચાવી

(1) સહન કરે તેવું [5]
(3) દરિયા કિનારાના વિસ્તારમાં જોવા મળતું એક પ્રકારનું ઝાડ [2]
(5) વૃક્ષ, ઝાડ [2]
(7) બકવાટ [3]
(9) અંજામ, પરિણામ [3]
(13) ખરું ખોટું તપાસીને ફેંસલો કરવો તે, ચુકાદો [2]
(14) વાચા [2]
(15) મર્યાદા પુરુષોત્તમ [2]
(16) એક ખનિજ પ્રવાહી ધાતુ [2]
(17) લૂંટારાની ટોળીનો હુમલો [2]
(18) ઉમેદ, આસ્થા [2]

### આડી ચાવી

(2) રામની પત્ની [2]
(4) સપ્ત [2]
(6) નિર્ણય, ઉકેલ [2]
(8) ભય, બીક [2]
(10) સૂબો, મુસલમાન રાજા [3]
(11) ઈસ્લામી વિદ્વાન, ઈસ્લામી પંડિત [2]
(12) ઘઉંના લોટને ઘીમાં શેકીને બનાવેલી એક વાની [2]
(13) થાપણ [2]
(15) ધારણા, અભિપ્રાય, મત [2]
(16) જળ, પીવાનું પ્રવાહી [2]
(17) તીર્થસ્થાન [2]
(18) પાર, છેડો [2]
(19) રોપો, છોડવો [2]
(20) રાત, રજની [2]
(21) શતક [1]

**શબ્દોની સંતાકૂકડી-34નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 લ | ક્ષ્યા | 2 ક | ■ | 3 લા | દી | ■ |
| ડ | ■ | 4 ડ | 5 ગ | લો | ■ | 6 હ |
| 7 ત | 8 લ | વા | ર | ■ | 9 સા | થ |
| ■ | શ્ક | ■ | 10 બો | 11 ર | ■ | ક |
| 12 ચ | ર | 13 ખો | ■ | 14 ખો | 15 પ | ડી |
| ર | ■ | 16 ડ | 17 ર | પો | ક | ■ |
| 18 બી | ક | ■ | ન | ■ | 19 ડ | ક |

**શબ્દોની સંતાકૂકડી-35 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 37 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 7 | | 8 |
| 3 | | | 7 | | | 4 | | |
| | 9 | | | 4 | | | | 5 |
| | 4 | | | 7 | | | 5 | |
| 5 | | | 2 | | | 8 | | |
| | 7 | | 6 | | | 1 | | 2 |
| | | 4 | | | | | | 1 |
| | | | | | | 9 | | |
| 9 | | | | 8 | | | | 6 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-37નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 6 | 1 | 9 | 5 | 7 | 3 | 8 |
| 3 | 1 | 5 | 7 | 2 | 8 | 4 | 6 | 9 |
| 7 | 9 | 8 | 3 | 4 | 6 | 2 | 1 | 5 |
| 1 | 4 | 2 | 8 | 7 | 9 | 6 | 5 | 3 |
| 5 | 6 | 9 | 2 | 1 | 3 | 8 | 7 | 4 |
| 8 | 7 | 3 | 6 | 5 | 4 | 1 | 9 | 2 |
| 2 | 5 | 4 | 9 | 6 | 7 | 3 | 8 | 1 |
| 6 | 8 | 1 | 5 | 3 | 2 | 9 | 4 | 7 |
| 9 | 3 | 7 | 4 | 8 | 1 | 5 | 2 | 6 |

# કચ્છના સફેદ રણ પાછળનું આ છે રહસ્ય....

ગુજરાત | વંદન

છેલ્લા બે દાયકામાં કચ્છના સફેદ રણ તરફ દેશ વિદેશના પ્રવાસીઓ આકર્ષાયા છે. દૂર દૂર સુધી કંઈ ન દેખાય અને માત્ર અફાટ સફેદ જમીન દેખાતી હોય એવા આ રણને જોઈને પહેલી વખત જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જાય છે. પણ શું તમને ખબર છે કે આ રણ સફેદ કેમ છે? લોકો કહેશે કે મીઠાના કારણે આ રણ સફેદ છે. પણ આ મીઠો અહીં આવ્યું કંઈ રીતે? અને શું પહેલાથી જ આ જમીન આવી હતી? એવી કઈ પ્રાકૃતિક ઘટનાઓ સર્જાઈ જેથી એક સમયે વિશાળ સાગર અને હજારો નદીઓની ભૂમિ પર આજે મીઠાના થર જામી ગયા અને તે સફેદ રણ બની ગયું. કચ્છ યુનિવર્સિટીના પૃથ્વી અને પર્યાવરણ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. મહેશ ઠક્કરે News18 ને આ બધા પ્રશ્નોના જવાબ આપ્યા.

## 5000 વર્ષ પહેલાં સફેદ રણ કેવું હતું?

ચંદ્રની સપાટી સમું સફેદ રણ આજથી પાંચ હજાર વર્ષ પહેલાં પણ શું આવું જ હતું તે જાણવા અનેક સંશોધકોએ રિસર્ચ કરી. ભૂસ્તરશાસ્ત્રીઓએ ઈતિહાસમાં મળતાં પુરાવા ખૂંદી જાણ્યું છે કે પાંચ હજાર વર્ષ પહેલાં હડપ્પા સંસ્કૃતિના અવશેષો જે મળી આવ્યા છે તે મુજબ આ વિસ્તારમાં કોઈ રણ ન હતું. પરંતુ અહીં વિશાળ સાગર હતું જે હડપ્પા સંસ્કૃતિના એક મુખ્યમથક ધોળાવીરા સુધી સીમિત હતું. તો ધોળાવીરાની આસપાસ હજારો નદીઓ વહેતી હતી, જેમાં એ સમયે ઈન-લેન્ડ નેવિગેશન સિસ્ટમ દ્વારા લોકો ધોળાવીરાથી હડપ્પા સંસ્કૃતિના અન્ય મથકો સુધી વેપાર કરતાં.

## 3500 વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?

સંશોધકોએ ત્રણ થી ચાર હજાર વર્ષ જૂના અથર્વ વેદનો અભ્યાસ કર્યો જેમાં કચ્છનો ઉલ્લેખ એક મોટા ટાપુ તરીકે કરવામાં આવ્યું છે જેની ચારેય તરફ પાણી હતું. સિંધ અને કચ્છના વચ્ચે જ્યાં આજે અફાટ રણ આવેલું છે તેને સિંધુ સાગર કહેવામાં આવ્યું છે. તો તેની આસપાસ વહેતી નદીઓમાં પણ સર નદી અને કોરી નદીનો ઉલ્લેખ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે આજે આ નદી ક્રીક બની ગઈ છે અને સર ક્રીક ભારતનો પશ્ચિમી ખૂણો છે.

## 2000 વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?

આજથી અંદાજે બે હજાર વર્ષ પહેલાં એલેક્ઝાનડર ધ ગ્રેટ જેને સિકંદરના નામે પણ ઓળખવામાં આવે છે તે વિશ્વને કબ્જે કરવા નીકળ્યો હતો. ઈરાન, ઈરાક જેવા અનેક દેશો જીત્યા બાદ જ્યારે તે ભારતમાં પ્રવેશ્યો ત્યારે કચ્છમાં પ્રવેશ કરવું તેના માટે મુશ્કેલ બન્યું હતું. ઈતિહાસકારોએ વર્ણવ્યું છે કે સિંધ અને કચ્છ વચ્ચે છીછરા પાણીનો એક વિશાળ પ્રદેશ હતો જેને પાર કરવું તેની લાખોની સેના માટે મુશ્કેલ હતું.

## 1000 વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?

ઈતિહાસમાંથી મળતાં પુરાવાઓ મુજબ સૌરાષ્ટ્રના કાઠી રાજાઓને સિંધ જવું જોતું અને જ્યારે સિંધના રાજાઓને સૌરાષ્ટ્ર તરફ જવું હોતું ત્યારે તેઓ કચ્છમાંથી પ્રવેશ કરતા નહીં કારણ કે છીછરા પાણીમાં તેમની બોટ પણ ચાલે તેમ ન હતું અને તેઓ પગપાળા ચાલી શકે તેવી પણ ભૂમિ આ ન હતી. માત્ર તેઓ લાંબો ફેરો ખાઈ રણને ફરીને પ્રવાસ પૂરો કરતા હતા.

## 250 વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?

ઝારાના યુદ્ધ વિશે અનેક લોકો જાણતા હશે. 1762માં સિંધના ગુલામશા કલોરાને કચ્છની રાજકુમારી પસંદ આવતા તેણે લગ્નની સાથે બન્ને રાજ્યોની સંધિ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. કચ્છના રાજવીએ આ માંગ ન સ્વીકારતાં ગુલામશા કલોરાએ કચ્છ પર ચઢાઈ કરી હતી અને લખપતની ઉત્તર તરફ ઝારાના ડુંગર નીચે યુદ્ધ થયો હતો.

આ યુદ્ધનો ઉલ્લેખ કરતાં ઈતિહાસકારો જણાવે છે કે આ પ્રદેશમાં મીઠું પણ છીછરું પાણી હતું જેમાં ચોખાની ખેતી થતી હતી. આ પ્રદેશને કચ્છીમાં સાયરા કહેવામાં આવે છે. આ સાયરાની આસપાસ થયેલા યુદ્ધમાં કલોરાએ વિજય તો મેળવ્યું પણ વિષમ પરિસ્થિતિ વાળા પ્રદેશમાં તે ટકી શકાયો નહીં અને પરત ફર્યો હતો. આ બાદ તેણે કચ્છને આર્થિક રીતે નુકસાન પહોંચાડવા સિંધથી અહીં આવતી નદીઓ પર ડેમ બાંધ્યા હતા જેથી કચ્છ સુધી પાણી પહોંચે નહીં અને લાખો કોરીના ચોખાનો ઉત્પાદન કરતા કચ્છને મોટી નુકસાની થાય.

## સફેદ રણના નિર્માણ પાછળનું મુખ્ય કારણ:

ડૉ. ઠક્કર જણાવે છે કે હજારો લાખો વર્ષથી સતત ચાલતા ભૂકંપિય હલન ચલનના કારણે આ પ્રદેશમાં અનેક ફેરફારો આવ્યા છે.



સફેદ રણના નિર્માણમાં કોઈ ભુકંપિય ઘટનાએ સૌથી મોટો ભાગ ભજવ્યો હોય તો તે 1819નું અલ્લાહ બંધ ભૂકંપ છે. 16મી જૂનના સાંજે 6.46 વાગ્યે ત્રાટકેલા આ ભૂકંપે એવી તબાહી મચાવી હતી કે ભુજમાં હજારો લોકોના મોત નીપજ્યા હતા. આ ભૂકંપમાં જ એક મિનિટની અંદર સિંધ અને કચ્છની વચ્ચે આવેલું એક 90 કિલોમીટર લાંબો અને 10 થી 13 કિલોમીટર પહોળો પ્રદેશ જમીનથી છ મીટર જેટલો ઊંચો ઉઠી ગયો હતો. આ કારણે સિંધમાં ગુલામશાએ બાંધેલા ડેમ ઉપરથી આવતું થોડું ઘણું પાણી પણ આવતું બંધ થઈ ગયું, જેથી લોકો તેને અલ્લાહે બાંધેલું બંધ, એટલે કે અલ્લાહ બંધ કહેવા લાગ્યા.

આવા અનેક ભૂકંપીય હલન ચલનના કારણે કચ્છ અને સિંધ વચ્ચેનો આ પ્રદેશ જે આજે રણ બન્યું છે તે સતત ઉપર ઉઠતું રહ્યું છે અને એક સમયે જ્યાં દરિયો હતો ત્યાં આજે માત્ર પવનના કારણે દરિયાનું પાણી કચ્છના પશ્ચિમી ખૂણેથી અંદર ધસી આવે છે. જો કે, જમીન પર વચ્ચે આવેલી એક ખૂંધના કારણે આ પાણી પાછું જઈ શકતું નથી અને આ સપાટ પ્રદેશ પર જમા થાય છે. સમુદ્રી પાણી હોવાના કારણે તેનું બાસ્પિભવન થયા બાદ જામીન પર મીઠાનું સ્તર જમા થાય છે. હર વર્ષે આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે અને નવા મીઠાના સ્તર બનતા જાય છે. આ રીતે એક સમયે દરિયા અને નદીઓનો પ્રદેશ આજે અફાટ સફેદ રણ બની લાખો લોકોને પોતાની તરફ આકર્ષે છે.

---

ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો

# તલાલાનાં MLA ભગાભાઈ બારડ ભાજપમાં જોડાયા

ગુજરાત | વંદન

રાજ્યમાં ગુજરાત ચૂંટણી માટે તમામ પક્ષો પોતાના ઉમેદવારોની પસંદગી કરી રહી છે તો બીજી બાજુ કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓનાં રાજીનામાની અટકળો ચાલી રહી છે. તે વચ્ચે કોંગ્રેસનાં અન્ય સિનિયર નેતા ભગાભાઇ બારડે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. જે બાદ ભગવાનભાઈ બારડે કમલમ પહોંચીને કેસરિયો ધારણ કર્યો છે.

ગુજરાત ચૂંટણી પહેલા કોંગ્રેસનાં તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ પક્ષપલટો કરીને ભાજપમાં જોડાઈ ગયા છે. ભગવાન બારડ સૌરાષ્ટ્ર આહીર સમાજના અગ્રણી એવા પૂર્વ સાંસદ સ્વ.જશુભાઈ બારડના ભાઈ છે. તેમનો પરિવાર વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલો છે. સ્વ.જશુભાઈ અને ભગવાનભાઈ બારડના પિતાજી ધાનાભાઈ માંડાભાઈ બારડ કોંગ્રેસી આગેવાન હતા. ભગાભાઈનાં રાજીનામા બાદ



કોંગ્રેસનાં પ્રવક્તા ડો. મનીશ દોશીએ અનેક પ્રશ્નો પૂછ્યા હતા કે, કોંગ્રેસનાં કાર્યકર્તા અને શિર્ષ નેતૃત્વ પણ તેમની સાથે ઉભુ હતુ. ભગાભાઇ ખુલાસો કરવો પડશે કે, તેમને તકલીફ શું હતી. કાર્યકરોની મહેનત અને જનતાએ મુકેલા વિશ્વાસ પછી તેઓ કેમ છોડીને જઇ રહ્યા છે તેઓએ જણાવવું જોઇએ.

### હૂં કોંગ્રેસમાં જ છું, અને રહીશ: સુખરામ રાઠવા

ગુજરાત કોંગ્રેસનાં દિગ્ગજ નેતા મોહનસિંહ રાઠવા અને ભગવાનભાઇ બારડનાં રાજીનામા બાદ સુખરામ રાઠવાના રાજીનામાની વાત ચર્ચાઇ રહી હતી તેઓ કોંગ્રેસનો હાથ છોડીને ભાજપમાં જોડાઇ તેવી સંભાવના ચર્ચાઇ રહી હતી. સુખરામ રાઠવએ આ અંગે સ્પષ્ટતા કરી છે. રાજીનામાની અટકળો વચ્ચે સુખરામ રાઠવાએ જણાવ્યુ છે કે, સુખરામ રાઠવા કોંગ્રેસમાંથી ના જાય. મોહનસિંહ રાઠવા અમારા વરિષ્ઠ નેતા છે અને મારા સંબંધી પણ છે પરંતુ તે પોતાના અંગત કારણોસર કોંગ્રેસમાંથી ગયા છે. તેઓ અમને માર્ગદર્શન આપતા હતા.

---

# મોરબીમાં પ્રચાર કરતા ભાજપના આગેવાનોને લોકોએ ભગાડ્યા

ગુજરાત | વંદન

મોરબી પુલની દૂર્ઘટના થયા બાદ નાગરીકોમાં જબરજસ્ત આક્રોશ ફેલાયો છે. વિધાનસભાની ચૂંટણી કરવા માટે પ્રચારમાં ગયેલા ભાજપના આગેવાનોને તેનો કડવો અનુભવ થઈ રહ્યો છે.

રીક્ષામાં ભાજપનો ભગવો લહેરાવી માઈકના ભૂંગળા રાખીને ભાજપના ઉમેદવારને જીતાડવાની અપીલ કરતા ભાજપના આગેવાનની રીક્ષાને લોકોએ રોકી હતી. તેમજ તેમને મેથીપાક આપ્યો હતો. લોકોના રોષથી બચવા ભાજપનો આગેવાન રીતસરનો દોડ્યો હતો. તેને મારવા માટે લોકોનુ ટોળું તેની પાછળ થયુ હતુ. ભાજપના પ્રશાંત સમલભાઈએ એક તબક્કે લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને કારણે લોકો વધુ ઉશ્કેરાયા હતા. જેમાં મહિલાઓએ પણ આગેવાનની પાછળ દોડીને બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. જેયાર કેટલાક યુવાનોએ લાકડી લઈને તેને બેફામ રીતે ફકકાર્યો હતો.


---

# પોલીસ-સરકારી વકીલની બેદરકારીથી લૂંટ અને હત્યાના આરોપીઓ છુટી ગયા

■ કોર્ટનુ તારણ: સમગ્ર કેસમાં કોઈ પણ સાક્ષીની જુબાની રજૂ કરવામાં નથી આવી

ગુજરાત | વંદન

અમદાવાદ- શહેરના વેજલપુર વિસ્તારમાં વર્ષ 2015માં ગેસ એજન્સીના એક કર્મચારીની હત્યા અને લૂંટનો બનાવ બન્યો હતો. આ ઘટનાના ચાર આરોપીઓને ગ્રામ્ય સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ છોડી દેવામાં આવ્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર પૂરતા પુરાવાના અભાવે કોર્ટ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આટલુ જ નહીં, કોર્ટે આ કેસની તપાસ દરમિયાન પોલીસની કામગીરી અને સરકારી વકીલની બેદરકારીની પણ ટીકા કરી છે. કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું કે, ફરિયાદ પક્ષ દ્વારા એવા પુરાવા રજૂ કરવામાં નથી આવ્યા જેના આધારે આરોપીઓ સામે કેસ પુરવાર થઈ શકે. માટે તેમને નિર્દોષ છોડવા જ એકમાત્ર વિકલ્પ બાકી રહે છે. સમગ્ર કેસમાં કોઈ પણ સાક્ષીની જુબાની રજૂ કરવામાં નથી આવી. કોર્ટની દલીલ છે કે માત્ર તપાસ કરનાર અધિકારી દ્વારા કરવામાં આવેલી તપાસ અને તેના કાગળોને ધ્યાનમાં રાખીને આરોપીઓને દોષી જાહેર ના કરી શકાય.



ઘટનાની વિગતવાર વાત કરીએ તો 20 એપ્રિલ 2015ના રોજ અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં રહેતા પ્રકાશ પ્રજાપતિ તેમજ તેમના કાકાના દીકરા નરેશ વાતચીત કરી રહ્યા હતા. તે સમયે રાકેશભાઈ ખમાર ગેસ એજન્સીની રોકડ રકમ લઈને સામેની બાજુ પાર્ક કરેલી બાઈક પાસે ગયા હતા. આ દરમિયાન ત્રણ લોકોએ આવીને બેગ ઝૂંટવવાનો પ્રયત્ન કર્યો હતો. પ્રકાશ અને નરેશ રાકેશભાઈની મદદ કરવા પહોંચી ગયા હતા. રાકેશભાઈએ પૈસાની બેગ પકડી રાખી હતી, જે છોડાવવા માટે ટોળકીમાંથી એક વ્યક્તિએ રાકેશભાઈને છરાના ઘા માર્યા હતા.

સમગ્ર ઘટના બનતા હોબાળો થઈ જતા લૂંટારા તેમના વાહનો ઘટનાસ્થળે જ રહેવા દઈને પૈસા સાથે ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત રાકેશભાઈને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસને સમગ્ર બાબતની જાણ થતા ષડયંત્ર, હત્યા, લૂંટ વગેરે સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી અને કાયદેસરની તપાસ શરુ કરવામાં આવી હતી. તપાસ પછી પોલીસે રાહુલ (ગાંડા રમણભાઈ વેગડા), ઝાકીરખાન( ઝાકો શોહેબખાન પઠાણ), કીર્તિકુમાર (રમેશ ગેમરભાઈ મકવાણા) તેમજ અજિત (અતુલ ઘેમરાભાઈ મકવાણા)ની ધરપકડ કરી હતી. ગ્રામ્ય કોર્ટમાં આ તમામ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. પરંતુ, પોલીસ દ્વારા આ આરોપીઓ વિરુદ્ધ પૂરતા અને યોગ્ય પુરાવા રજૂ કરવામાં નહોતા આવ્યા,જેના પરિણામે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. ર્ટે ચુકાદો સંભળાવતી વખતે તપાસ કરનાર કર્મચારી અને વકીલની કામગીરીની ટીકા કરી હતી. કોર્ટે જણાવ્યું કે, કેસનો રેકોર્ડ, પરિસ્થિતિ અને સંજોગો જોઈને સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, આ કેસમાં તપાસ કરનાર કર્મચારીએ પોતાની ફરજ જવાબદારીપૂર્વક બજાવી નથી. સરકારી વકીલની કામગીરીમાં પણ કચાશ રહી ગઈ છે. કોર્ટના આદેશની એક નકલ ઈન્સ્પેક્ટર ઓફ જનરલને મોકલવામાં આવી છે, જેમાં તપાસ કરનાર અધિકારી વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

---

# ઝૂલતા પુલનો કાટમાળ FSL તપાસ માટે ગાંધીનગર લવાયો


મોટાભાગનો સામાન કાટ ખાઈ ગયો છે

ગુજરાત | વંદન

ગુજરાતના મોરબી જિલ્લામાં સર્જાયેલી કરુણાંતિકાના આરોપીઓને હવે કડકમાં કડક સજા થાય એ માટે ગુજરાત રાજ્યના પોલીસવડાએ તપાસને નેક્સ્ટ સ્ટેપમાં લઈ જવા તૈયારી કરી દીધી છે. એક ટ્રક ભરીને મોરબીથી બ્રિજના અલગ અલગ ભાગ અને પુરાવા એકત્ર કરાયા બાદ હવે આ કેસના મુખ્ય માથાં સુધી પહોંચવા માટેની તપાસ આગળ વધી ગઈ છે. એ માટે હવે ગમે ત્યારે આ કેસમાં મોટા ગજાના લોકો પણ સામે આવી શકે છે.

મોરબી દુર્ઘટના વિશે રાજ્યના પોલીસવડાએ દિવ્ય ભાસ્કરને મહત્ત્વની વિગત આપતાં જણાવ્યું છે કે હાલ એફએસએલના પ્રાથમિક રિપોર્ટમાં તો બેદરકારી સામે આવી છે, પણ હવે મુખ્ય રિપોર્ટ આવ્યા બાદ આ કેસમાં સ્પષ્ટ વિગત સામે આવશે. આ કેસમાં ઘણા સંભવિત આરોપીઓના ઘર અને ઓફિસના સ્થળ પર સર્ચ-આપરેશન હાથ ધરવામાં આવ્યું છે, પરંતુ તેઓ મળ્યા નથી.

પોલીસદ્વારા મહત્ત્વના મુદ્દાની તપાસ મોરબીમાં બનેલી દુર્ઘટના બાદ મૃત્યુ આંક 100થી વધી ગયો હતો અને નાનાં બાળકો અને મોટાઓની મરણચીસો સાંભળીને સમગ્ર રાજ્ય સ્તબ્ધ થઈ ગયું હતું. આ બનાવ બાદ તાત્કાલિક સીટની રચના કરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા મહત્ત્વના મુદ્દાની તપાસ પણ કરવામાં આવી રહી છે. અત્યારે બચી ગયેલા લોકોનાં નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એ બાદ રાજકોટ કલેક્ટર પાસે બ્રિજના કેટલાક ડોક્યુમેન્ટ



માગવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સીટની તપાસ દરમિયાન ઘણાં ચોંકાવનારાં તથ્ય સામે આવ્યાં છે.

---

# એ આવજો...રામ રામ...

ભાજપ સરકારમાં પાટીદાર પાવરના રૂપમાં દબદબો રાખનાર અને એક સમયે મુખ્યમંત્રી બનતા બનતા રહી ગયેલા પટેલે આ વખતે ચૂંટણી નહીં લડુ તેવી જાહેરાત કરી સહુને ચોંકાવ્યાં છે પરંતુ હું ચૂંટણી નહીં લડુ તે કહેનારા તેઓ એકલા નથી. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારના મોટા ભાગના મંત્રીઓએ સામે ચાલીને ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. એમ મનાય છે કે હાઈકમાન્ડ દ્વારા આ બધાને ફરી ફરીથી ટિકીટ મળવાની નહીં હોય તેથી સામે ચાલીને કહી દીધું છે કે તે હવે સંગઠનનું કામ કરશે. નીતિન પટેલની આ તસ્વીર ઘણું બધુ કહી જાય છે....



---

# 15નવેમ્બરે વિશ્વની વસ્તી થશે 800 કરોડને પાર

## ભારત અને ચીનની વસ્તીમાં પણ થશે મોટો ફેરફાર



ગુજરાત | વંદન

વિશ્વની વસ્તી સતત વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા પ્રમાણે આગામી સપ્તાહમાં એક મહત્વનો સીમાચીન્હરૂપ સ્થિતિ જોવા મળશે. એટલે કે આગામી સપ્તાહે દુનિયાની વસ્તી 8 અબજને પાર કરી જશે. સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા વિભાગનું કહેવું છે કે આગામી દાયકામાં વસ્તી વૃદ્ધિનું આ વલણ આગળ વધશે. અપેક્ષિત જીવન એટલે કે આયુષ્ય વર્ષ 2050 સુધીમાં વધીને 77.2 વર્ષ થઈ જશે. 15 નવેમ્બર સુધીમાં પૃથ્વી પર માનવીની વસ્તી 8 અબજને પાર થઈ જશે,જે વર્ષ 1950માં 2.5 અબજની તુલનામાં ત્રણ ગણી હશે.

### વર્ષ 2050 સુધીમાં વસ્તી 9.7 અબજ પહોંચી જશે

સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ પ્રમાણે અપેક્ષિત જીવનમાં વૃદ્ધિની સાથે સાથે બાળકો પેદા કરવાની ઉંમરમાં લોકોની સંખ્યાને જોતા સંયુક્ત રાષ્ટ્રએ આગાહી કરી છે કે વર્ષ 2030 સુધીમાં વિશ્વની વસ્તી 8.5 અબજ અને વર્ષ 2050 સુધીમાં 9.7 અબજ તથા 2080ના દાયકામાં 10.4 અબજ થઈ જવાની શક્યતા છે. 1960ના દાયકામાં વસ્તી વધારાની ઝડપ તેની ચરમસીમા પર હતી, જે વર્ષ 2020માં નાટ્યાત્મક રીતે 1 ટકા જેટલી નીચે આવી ગઈ છે. ભારત અને ચીનની વસ્તીની શું સ્થિતિચીનના નિષ્ણાતોનું માનવું છે કે પ્રાદેશિક જનસંખ્યામાં અંતર આગળ જતા જિયોપોલિટિક્સમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. બદલાઈ રહેલા રુઝાનનું અન્ય એક ઉદાહણ જોઈએ તો વિશ્વમાં સૌથી વધારે વસ્તીવાળા દેશ તેની જગ્યા પર પરસ્પર બદલાઈ જશે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા પ્રમાણે 2023ની શરૂઆતમાં ભારત વસ્તીમાં પ્રથમ સ્થાને પહોંચી જશે અને ચીન બીજા ક્રમ પર પહોંચી જશે.

### ચીનની વસ્તીમાં ઘટાડાનું વલણ જોવા મળશે

ચીનની વસ્તી 1.4 અબજ છે, જે 2050 સુધી ઓછી થઈ 1.2 અબજ થશે. આ સાથે એવી પણ માહિતી મળી છે કે ચીનની વસ્તી 80 કરોડ પહોંચી શકે છે. ભારતમાં વસ્તી વધારાનો દર ચીનની તુલનામાં ઘણો વધારે હોવાનું જાણવા મળ્યું છે.

---

અનુસંધાન પેજ 1 પરથી...

### ત્રણ દેશો...

ધરતી ધ્રુજી ઉઠી હતી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપ 9 નવેમ્બરે રાતે 1.57 કલાકે આવ્યો હતો. જેની ઊંડાઈ જમીનથી 10 કિમી નીચે હતી. ભૂકંપનું કેન્દ્ર નેપાળના મણિપુરમાં ઉત્તરાખંડના પિથોરાગઢથી 90 કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં નોધાયુ હતું. ત્યાર બાદ નેપાળમાં રાતે 3.15 વાગ્યે ફરી એકવાર ભૂકંપ નોંધાયો હતો, તેની તીવ્રતા અગાઊ કરતા ઓછી એટલે કે 3.6 હતી. નેપાળના ડોટી જિલ્લામાં બપોરે 2 વાગ્યે આવેલા ભૂકંપના કારણે એક મકાન ધરાશાયી થતાં 6 લોકોના મોત થયા હતા. નેપાળના નેશનલ સિસ્મોલોજીકલ સેન્ટરના જણાવ્યાં અનુસાર, છેલ્લા 24 કલાકમાં દેશના દૂર સુદૂર-પશ્ચિમ વિસ્તારમાંભૂકંપના ત્રણ આંચકા નોંધાયા છે.

### પાકિસ્તાનને T20...

153 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાનની જોડીએ પાકિસ્તાનને જબરદસ્ત શરૂઆત અપાવી હતી. સુપર-12ની ચાર મેચમાં આ જોડી ફ્લોપ રહી હતી, પરંતુ બાંગ્લાદેશ સામેની છેલ્લી લીગ મેચમાં બાબર અને રિઝવાને અડધી સદીની ભાગીદારી નોંધાવી હતી, જે બંનેએ સેમીફાઈનલમાં પણ ચાલુ રાખી હતી અને સદી સાથે ટીમની જીત સુનિશ્ચિત કરી હતી. ન્યુઝીલેન્ડ સામે ભાગીદારી કરી હતી. બાબર આઝમ 42 બોલમાં 53 રન બનાવીને આઉટ થયો હતો.

### કોંગ્રેસ એટલે ...

હિમાચલની ભાજપ સરકારે હિમકેર યોજનામાં વધુ લોકોને ઉમેર્યા. આ રીતે ડબલ એન્જિન સરકાર કામ કરી રહી છે."

તેમણે કહ્યું, "કોંગ્રેસ સરકારે પેન્શનની ઉંમર વધારીને 80 વર્ષ કરી દીધી અને કમાણીની શરત પણ રાખી. ભાજપ સરકારે પેન્શનની ઉંમર ઘટાડીને 60 વર્ષ કરી અને કમાણીની શરત પણ દૂર કરી. તેનાથી લાખો વરિષ્ઠ નાગરિકોને ફાયદો થયો છે."

# SBIની સુંદર કામગીરી: નેટ નફો 74 ટકા વધીને 1326 કરોડની સપાટીએ પહોંચ્યો

## બેંકની નેટવર્થની આવક 13% વૃદ્ધિ પામી છે, 75183 કરોડની સપાટીએ પહોંચી

ગુજરાત | વંદન

જાહેર ક્ષેત્રની અગ્રણી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નાણાંકીય વર્ષ 2023ના બીજા ત્રિમાસિક સમયગાળામાં પ્રોત્સાહક કામગીરી દર્શાવી છે. બેંકે 14752 કરોડની માતબર આવક પ્રાપ્ત કરી છે. જ્યારે કોર્પોરેટ સેક્ટરની અન્ય કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે 16656 કરોડની નેટ આવક પ્રાપ્ત કરી હતી. આમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા નેટ આવકની દ્રષ્ટિએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને મ્હાત કરી છે.

આ બેંકનાં સ્ટેલોન બેઝીઝ પ્રમાણે નફો 13256 કરોડની સપાટીએ પહોંચ્યો છે. એસ.બી.આઈ.એ 74 ટકાની વૃદ્ધિ જુલાઈ-સપ્ટે. મહીનામાં હાંસલ કરી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન દિનેશકુમાર ખારાએ દર્શાવ્યું હતું કે બેંકે ટ્રેઝરી પ્રોફિટ બુક કર્યો છે. અન્ય બેંકોની તુલનામાં ટ્રેઝરી ઈન્વેસ્ટમેન્ટ બાબતમાં બેંક નેશનલ ધોરણે સારી પ્રગતિ કરી છે. તેણે 19 ટકાની લીક્વીડીટીનો રેશિયો હાંસલ કર્યો છે. 2.85 લાખ કરોડની ટ્રેઝરીનું ઈન્વેસ્ટમેન્ટ પ્રાપ્ત કર્યું છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં મેન્ડેન્ટ પ્રમાણે બધી બેંકોએ તેમની ડિપોઝીટના 19 ટકા જેટલી રકમ સેન્ટ્રલ ટ્રેઝર સિક્યોરીટીમાં જમા કરાવવાની રહે છે. એસબીઆઈની કુલ આવક 11482 કરોડની સપાટીએ જુલાઈ-સપ્ટે. 2022 માં દર્સાવી છે.

આગલા વર્ષના તુલનાત્મક સમયગાળામાં જે 143.26 કરોડ હતી. જો કે એસ.બી.આઈ.ની સરખામણીમાં આવકની દ્રષ્ટિએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ. 253.497 કરોડની કુલ આવક પ્રાપ્ત કરી છે. એસબીઆઈએ 74 ટકાની વૃદ્ધિની હાંસલ સાથે 13265 કરોડ પ્રાપ્ત કર્યા છે. બેંકની



કુલ આવક વધી ને 88734 કરોડની થઈ છે, જે ગયા વર્ષના સમયગાળામાં 77689.09 કરોડની સપાટીએ હતી. બેંકની નેટવર્થની આવક 13 ટકા વૃદ્ધિ પામી છે અને 75183 કરોડની સપાટીએ પહોંચી છે. આગલા વર્,ના સમયગાળામાં જે 31284 કરોડની સપાટીએ હતી. બેંકે ઈન્વેસ્ટરોની આવકમાં સારી વૃદ્ધિ હાંસલ કરી છે. બેંકની ઈન્વેસ્ટમેન્ટની આવક રૂ. 24400 કરોડની સપાટીએ પહોંચી છે. જો કે બેંકે ગવર્મેન્ટ સિક્યોરીટીઝમાંથી કોઈ નફો પ્રાપ્ત કર્યો નથી. બેંકના ઈન્ટરેસ્ટ માર્જીન 3.50 ટકાથી વધીને 3.55 ટકા થવા પામ્યો છે. બેંકની નોન પરફોર્મીંગ એસેટ 1.78 પોઈન્ટ ઘટીને 35 ટકાની સપાટીએ પહોંચી છે. જે આગલા સમયગાળામાં 4.90 ટકા હતી. બેંકની નેટ એન.પી.એ. 0.80 ટકા થવા પામી છે. આથી બેંક લોનની જોગવાઈ 2689 કરોડથી ઘટીને 2011 કરોડની સપાટીએ પહોંચી છે. ગ્રોસ એન.પી.એ. 13.83 ટકા ઘટીને 106804 કરોડ થવા પામી છે. જે આગલા વર્ષના સમાનગાળામાં 36.5 ટકા ઘટીને 235.72 કરોડની સપાટીએ હતી. બેંકે 79860 કરોડની વ્યાજની આવક પ્રાપ્ત કરી છે, જે 15 ટકાની વૃદ્ધિ થઈ છે. જો કે બેંકે વ્યાજ ખર્ચમાં 16.6 ટકાની વૃદ્ધિ સાથે 44676 કરોડની સપાટીએ પહોંચી છે. બેંકનાં રિટેઈલ એડવાન્સ ધિરાણમાં 20 ટકાની વૃદ્ધિ હાંસલ થઈ છે. જે રીટેઈલ પોર્શનમાં 10.64 લાખ કરોડની સપાટીએ પહોંચી છે, જે વૃદ્ધિ 18.84 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. રિટેઈલ હોમલોન 19.57 ટકા જેટલી વધીને 194 લાખ કરોડની સપાટીએ પહોંચી છે.

## બજારોનાં અંતરંગ

### ટાટા ગ્રુપની ટાઈટન કંપની દ્વારા નફા ક્ષમતા હાંસલ કરાઈ

ટાટા ગ્રુપની ટાઈટનની કંપનીએ વાર્ષિક ધોરણે 33.7 ટકાનાં દરે વદ્ધિ હાંસલ કરી છે. કંપનીનો સ્ટેલોન નફો 587 કરોડની સપાટીએ પોહચ્યો છે. 30 સપ્ટેમ્બર 2022ન3 ત્રિમાસિક સમયગાળામાં આ નફો હાંસલ થયો છે. જે આગલા વર્ષના ત્રિમાસિક સમયગાળા દરમિયાન 642 કરોડ હતો. કંપનીની આવક 21.7 ટકા 8730 કરોડની સપાટીએ પહોંચી છે. અગાઉના વર્ષમાં જે 7170 કરોડની સપાટીએ હતી. કંપનીનું ટર્નઓવર વધવામાં ટાઈટન જ્વેલરી બિઝનેસનું મહત્વનું સ્થાન છે. જ્વેલરીનું વેચાણ 7203 જે આગલા વર્ષે 6105 કરોડનું હતું. કંપનીના વોચીઝ ડિવિઝન (ઘડિયાળ)નું વેચાણ 11 ટકાની વૃદ્ધિ સાથે 8.29 કરોડની સપાટીએ પહોંચ્યું છે. જે આગલા વર્ષે 6.87 કરોડ હતું. કંપનીના આઈ કેર યુનિટનો હિસ્સો 6.7 કરોડનું રહેવા પામ્યું છે, જે 4 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ દરમ્યાન કંપનીએ 5 નવા શોરુમ શરુ કર્યા છે. ટાઈટનની રીટેઈલ ચેન પાસે 2408 સ્ટોર 382 ટાઉનોમાં પથરાયેલા છે.

### પાવર ગ્રીડ કંપનીએ નેટ પ્રોફિટમાં 8 ટકાની વૃદ્ધિ કરી

રાજ્યની માલિકીની પાવર ગ્રીડ કોર્પોરેશન લિમીટેડે સપ્ટેમ્બર 2023 ના અંતેર પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં 8 કાની વૃદ્ધિ હાંસલ કરી છે.કંપનીનો નેટ નફો 3650.16 કરોડ થવા પામ્યો છે. આગલા વર્ષના સમયગાળામાં તેનો નફો 3376.83 કરોડ હતો. કંપનીની કુલ આવક 10514.74 કરોડથી વધીને 12349 કરોડની થવા પામી છે. તાજેતરમાં કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર દ્વારા મળેલી મીટીંગમાં રા. 10 ના ઈક્વીટી શેર દિઠ રૂ. 5 લેખે ડિવિડન્ડ જાહેર કર્યું છે. આમ ઈન્વસ્ટરોને 50 ટકા જેટલી રકમ ડિવિડન્ડનાં સ્વરુપમાં પ્રાપ્ત થશે.

### ચીનનું અર્થતંત્ર સપડાતા ભારતીય ઉદ્યોગો માટે સાનુકૂળ સંજોગો

યુએસ ખાતેના ન્યુજ પ્રમાણે ભારતે ચીન અને વિયેતનામને પાછુ પાડી દીધું છે. મેન્યુફેક્ટરીંગ કોસ્ટની યાદી અનુસાર ભારનતે 10 આંક મળ્યા છે. યુએસ ન્યુઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ અનુસાર 85 દેશોમાંથી 31 માં ક્રમે ભારતદેશ છે. જ્યારે ઓપન ફોર બિઝનેસ કેટેગરીમાં ભારતનો ક્રમાંક 37 મો છે. ભારતમાં આ પરિસ્થિતિનું નિર્માણ થવા માટે ઉદ્યોગપતિમાં સાહસની વૃતિ, સરકારની ઉદાર નીતિ તેમજ ઓપન ફોર બિઝનેસ માઈન્ડ આ પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. ભારતમાં આવકની સમાનતા 1.9 ટકાની સલામતીમાં 4.3 ટકા સુવિકસિત જાહેર થવા પામી છે. આર્થિક સિથિતનાં પરિમાણ ૯.૯ ટકાનો સ્કોર થવા પામ્યો છે. પ્રોજેક્ટોને માન્ય કરવાની બાબતમાં અમલદારશાહીની મોટી અડચણો જે પ્રતિકૂળતા સર્જતી હતી તેનો અંત આવ્યો છે.

### ભારતમાં બેરોજગારી દર વધી 7.77%

ભારતમાં બેરોજગારીનો દર સપ્ટેમ્બરના ૬.૪૩ ટકાની સામે ઓક્ટોબરમાં વધીને ૭.૭૭ ટકા થયો હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE)ના માસિક ડેટામાં ૨૫ રાજ્યોના ઉપલબ્ધ ડેટાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઓક્ટોબર મહિનામાં હરિયાણામાં સૌથી વધુ ૩૧.૮% નો બેરોજગારી દર હતો. ત્યારબાદ રાજસ્થાન ૩૦.૭ ટકા અને જમ્મુ અને કાશ્મીર ૨૨.૪ ટકા સાથે યાદીમાં ટોચ પર છે. રિપોર્ટ અનુસાર આ ૨૫ રાજ્યોમાંથી ૬ રાજ્યોમાં બેરોજગારીનો દર બિહાર (૧૪.૫ ટકા), હરિયાણા (૩૧.૮ ટકા), જમ્મુ અને કાશ્મીર (૨૨.૪ ટકા), ઝારખંડ (૧૬.૫ ટકા), રાજસ્થાન (૩૦.૭ ટકા) અને ત્રિપુરા (૧૦.૫ ટકા) ટકાએ ડબલ ડિજિટમાં રહ્યો છે. ચોંકાવનારો આંકડો એ છે કે મધ્યપ્રદેશમાં બેરોજગારી દર સૌથી ઓછો ૦.૯ ટકાનો હતો.

# દિવાળી પછી પ્રાઈમરી માર્કેટમાં 3 IPO મારફતે 4280 કરોડ મેળવાશે

ગુજરાત | વંદન



દિવાળી પછી પ્રાઈમરી માર્કેટ પુનઃ સક્રિય બન્યું છે. આગામી સપ્તાહમાં ત્રણ નવા આઈ.પી.ઓ. મુડી બજારમાં ભરણા માટે પ્રવેશનાર છે. મુડી બજારમાં આઈ.પી.ઓ. લાવનારી કંપનીમાં અર્ચેન કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ, ફાઈવ સ્ટાર બિઝનેસ ફાઈનાન્સ, કાયનેસ ટેકનોલોજી ઈન્ડિયા લિમીટેડનો સમાવેશ થાય છે. આ ત્રણ કંપનીઓ આઈ.પી.ઓ. મારફતે 4280 કરોડની જંગી રકમ પ્રાપ્ત કરનાર છે. તારીખ 21 નવેમ્બરનાં રોજ તેના શેરોનું લીસ્ટીંગ શેરબજારોમાં થશે. મળતી માહિતી મુજબ કાયનેસ ટેકનોલોજી ઈન્ડિયા લિમીટેડનો આઈ.પી.ઓ. 10 નવેમ્બર 2022 નાં રોજ ખુલનાર છે અને 14 નવેમ્બરે તેનું ભરણું બંધ થશે. નવે. ના મધ્ય ભાગમાં મુડી બજારમાં પ્રવેશી રહી છે તે કંપનીઓ આઈ.પી.ઓ. લાવવાની તેમની યાદીમાં યુનીપાર્ટસ ઈન્ડિયા લીમીટેડ, ગોલ્ડ પ્લસ ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, જો કે આ બે કંપનીનાં ભરણા ખુલવાની મુદત ટુંક સમયમાં જાહેર થશે. ભારતીય મુડી બજારની કામગીરી સારી છે તેના ફંડામેન્ટલો સારા છે. તેનું પ્રતિબિંબ ગ્રોથ અને કોર્પોરેટ અરનીંગમાં પ્રદર્શિત થાય છે. હકીકતમાં રીટેઈલ ઈન્વેસ્ટરો મુડી બજારમાં પ્રવેશીને કંપનીના આઈ.પી.ઓ.નાં ભરણામાં મુડી રોકાણ કરવા તત્પર બન્યા છે તે માટે જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્રોની બેંકો દ્વારા ફિક્સ ડિપોઝીટ ઉપરનું વ્યાજ ઘણું નીચે હોવાથી ઈન્વેસ્ટરોને સારું વળતર મળે તે પ્રકારનાં માધ્યમમાં રોકાણ કરવાની તાલાવેલી જાગી છે. આ રીટેઈલ ઈન્વેસ્ટરોના ભરણાથી સંખ્યાબંધ કંપનીનાં ભરણાં ભુતકાળમાં છલકાઈ ગયેલ છે.

ફાઈવ સ્ટાર લી. નામની કંપનીનાં આઈ.પી.ઓ. 9 મી નવેમ્બરમાં પ્રવેશનાર છે. ચેન્નાઈની આ કંપની નોન બેંકીંગ ફાઈનાન્સ કોર્પોરેશન છે. આ કંપની 450-475 ની પ્રાઈસ બેંકથી ઈક્વીટી શેરો ઓફર કરનાર છે. આ કંપની આઈ.પી.ઓ.ના ભરણાનાં ઈન્વસ્ટરોને 31 ઈક્વીટી શેરો માટે તેમજ તેના મલ્ટીપલમાં અરજી કરવાની રહેશે. આ આઈ.પી.ઓ.ની ઓફર ફોર સેલ થી 1960 કરોડના ઈક્વીટી શેરોનું ભરણું ખુલવામાં આવશે.

અર્ચેન કેમિકલ્સ ઈન્ડસ્ટ્રીઝના આઈ.પી.ઓ. નવમી નવેમ્બર 2022 ના રોજ પબ્લિક ઈસ્યુનાં ભરણા માટે ખુલશે. શહેર દિઠ 386 થી 407 ની પ્રાઈસ બેંક રાખવામાં આવી છે. ભરણાની મારફતે કંપની 6462.31 કરોડની માતબર રકમ પ્રાપ્ત કરશે. આમાંથી 657.71 કરોડના શેરો રીઝર્વ રોકાણ માટે અનામત રાખવામાં આવ્યા છે. આ શેરોનું એલોટમેન્ટ 26 નવેમ્બર 2022 ના રોજ કરવામાં આવશે. બીએસઈ અને એનએસઈ શેર બજારમાં તેનું લીસ્ટીંગ કરવામાં આવશે.

કાયનેસ ટેકનોલોજી ઈન્ડિયા લિમિટેડના આઈપીઓનું ભરણું 10 નવેમ્બરે ખોલનાર છે. કંપની આઈ.પી.ઓ. મારફતે 530 કરોડના શેરો ઓફર કરશે. કંપનીના પ્રવર્તમાન શેર હોલ્ડરો તેમજ પ્રમોટરો 5584664 ઈન્વેસ્ટરોને અપલોડ કરશે જેથી ઓફર ફોર સેલથી ઓફર કરાશે. કંપનીના પ્રમોટર રમેશ કુંડી કાનન તેમની હસ્તકના 1084664 ઈક્વીટી શેરો વેચી દેશે. તે ઉપરાંત અન્ય શેરોમાં શેર હોલ્ડરોમાં સમાવેશ છે તેમાં ફેની ફિરોઝ ઈરાની નામની વ્યક્તિ 35 લાખ ઈન્વેસ્ટરો છે જે ઓફર કરનાર છે. કંપની આ ફેસ વેલ્યુ આ ઈસ્યુ મારફતે રૂ. 650 કરોડની રકમ પ્રાપ્ત કરી હતી. આ આઈ.પી.ઓ.ની રકમ ઓફર ફોર સેલના આઈ.પી.ઓ. દ્વારા ભરણાથી ઓફર કરનાર છે.

# શેરબજાર વેચવાલીના કારણે ઘટાડા સાથે બંધ, સેન્સેક્સ 151 અંક તૂટ્યો

ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ભારે ઉતારચઢાવ જોવા મળ્યા હતા. સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાન સાથે બંધ થયા છે પરંતુ બેન્ક નિફ્ટી તેજી સાથે બંધ થયો છે. તો એફએમસીજી સેક્ટરના શેરમાં પણ ખરીદી જોવા મળી હતી. પરંતુ અન્ય તમામ સેક્ટરમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સમાં 151.60 પોઈન્ટ એટલે કે 0.25 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને ઈન્ડેક્સ 61,033.55 ના સ્તરે બંધ થયો છે. નિફ્ટી 50 ઈન્ડેક્સ પણ લાલ નિશાન સાથે બંધ થયો હતો. નિફ્ટી ઈન્ડેક્સમાં 45.80 એટલે કે 0.25% ટકાનો ઘટાડો જોવા મળ્યો અને આ ઈન્ડેક્સ 18200ના સ્તરની નીચે બંધ થયો છે. આજના ટ્રેડિંગ સેશનમાં માર્કેટમાં 1,740 શેરમાં ખરીદી જોવા મળી હતી અને 1,774 શેરમાં વેચવાલીનો માહોલ હતો. આ સિવાય 120 શેરમાં કોઈ ફેરફાર થયો નથી.

ઓટો, આઈટી, ફાર્મા, એનર્જી, મેટલ્સ, મીડિયા, રિયલ એસ્ટેટ સેક્ટરના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીના 50 શેરોમાં 15 શેરો જ્યારે 35 શેર લાલ નિશાનમાં બંધ




થયા હતા. સેન્સેક્સના 30 શેરોમાંથી 7 શેરોમાં તેજી રહી હતી. જ્યારે 23 શેરો ઘટાડા સાથે બંધ થયા હતા. આજના ટ્રેડિંગ સેશનમાં જે શેરોમાં વધારો જોવા મળ્યો તેમાં અદાણી પોર્ટ્સ 4.43 ટકા, કોલ ઈન્ડિયા 2.50 ટકા, ITC 2.04 ટકા, હીરો મોટોકોર્પ 1.16 ટકા, ડૉ. રેડ્ડી 1.10 ટકા, અદાણી એન્ટરપ્રાઈઝ 0.92 ટકા, બ્રિટાનિયા 0.87 ટકા, યુપીએલ 0.69 ટકા, એચસીએલ ટેક 0.60 ટકા, કોટક મહિન્દ્રા 0.57 ટકાના વધારા સાથે બંધ થયા છે. જો આજે હિન્ડાલ્કો 4.66 ટકા, પાવર ગ્રીડ 4.06 ટકા, દિવીઝ લેબ 3.39 ટકા, ટેક મહિન્દ્રા 2.35 ટકા, ગ્રાસિમ 1.67 ટકા, સન ફાર્મા 1.44 ટકા, બજાજ ફિનસર્વ 1.43 ટકા, એનટીપીસી 1.39 ટકા, એનટીપીસી 1.39 ટકા. SBI લાઈફ ઈન્શ્યોરન્સ 1.16 ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 1.02 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

# 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવા ભારતમાં પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગનો ફાળો

ગુજરાત | વંદન

દેશના અર્થ તંત્રના વિકાસ ગતિશીલ બનાવવા માટે પેટ્રોલિયમ ડોલર ઈકોનોમી ઉભુ કરવાનાં પ્રયાસો હાથ ધરાયા છે. માહિતી મુજબ ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝમાં મુખ્યત્વે મેજર ગ્રોથ ડ્રાઈવર તરીકે કામગીરી બજાવવા માટે દેશનો પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ મહત્વપુર્ણ પરિબળ બની રહેશે. તેનો વપરાશ ઘરઆંગણામાં વધી રહ્યો છે.તેને કારણે મેડીસીન, કન્સ્ટ્રક્શન, ટેક્ષટાઈલ, એટમોબાઈલ ઉદ્યોગમાં તેનો વપરાશ વધી રહ્યો છે. 2025 ના વર્ષમાં પોલિમર્સની ઉપયોગ ઉપર કંપનીનો વપરાશ 12 કિલો દીઠ હતો. જો કે ગ્લોબર એવરેજ 37 ગ્રામની છે. એટલે કે ભારતમાં પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ નો ઉપયોગ ઓછો છે, જીડીપીના ઝડપી વિકાસના પરિબળથી પેટ્રો કેમિકલ્સ પ્રોડક્ટની માંગ વૃદ્ધિ વધી રહી છે. ભારતીય અર્થતંત્રમાં પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ મહત્વનું ગ્લોબલ હબ બની શકે તેમ છે. સરકાર આર્તિક વિકાસ માટે ખુબ સક્રિય બની રહી છે. જેથી વધુ ગતિશીલ બનશે તેવી શક્યતા છે. ભારતનો આર્થિક વિકાસ ગતિશીલ બનાવવાની તેમજ 2030 વર્ષ સુધીમાં ઓઈલની માંગ પ્રવર્તમાન સપાટી કરતાં ઘણી વધી જશે. અત્યાર સુધી ચાઈના પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગનું હબ ગણાતું હતું. ત્યાં પર્યાવરણની સમસ્યા ઉદભવતા તેમજ નાણાંકીય સાધનોની પ્રાપ્તિ દુર્લભ બનતાં ચીનોનો ઉપયોગ ધીમો પડવા પામ્યો છે જેની માઠી અસર થઈ છે. આ સંજોગોમાં ચીનનો સારો વિકલ્પ ભારત તેમાં ઉપયોગી બની શકશે. હકીકતમાં પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગ ઈન્ટરમીડીયેટ્સ સ્પેશિયાલીટી કેમિકલ્સ ઉદ્યગોમાં માટે પ્રાયમરી ફીડ સ્ટોકનું સ્વરુપ ધારણ કરી રહી છે. દેશનાં આતંરિક બજારમાં પેટ્રો કેમિકલ્સ ઉદ્યોગની માંગ સતત વધતી રહી છે.

## વૈશ્વિક બજારોમાં બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવમાં નરમાઈનું વલણ

# US ડોલરની મજબુતાઈ કારણભુત પરિબળ

ગુજરાત | વંદન

વૈશ્વિક બજારોમાં બ્રેન્ટ ક્રુડ ઓઈલના ભાવ 37 સેન્ટ ઘટીને 95.79 ડોલર બેરલ દિઠ પહોંચ્યા છે. જ્યારે યુસએ વેસ્ટ કોસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડીયેટ ક્રુડ ઓઈલ ફ્યુચરનો ભાવ 60 સેન્ટ ઘટીને બેરલ દીઠ 89.40 ટકાની સપાટીએ રહેલો છે. યુએસનું ચલણ ડોલર વધુ સુદ્દઢ થવાથી ક્રુડ ઓઈલ ની માંગ ઉપર તેની પ્રત્યાઘાતી નરમાઈની અશર થઈ છે. કારણ કે ક્રુડ ઓઈલ ખરીદવામાં ડોલર વધુ મોંઘો છે. મોટી ખરીદીથી અલિપ્ત રહેવાનું વલણ અપનાવતાં અમેરિકન ફેડ દ્વારા તેના વ્યાજના દરોમાં વધારો કરવાનું વલણ જારી રાખવાથી



તેની અસર ઓઈલના ફઅયુચર ઉપર પડી છે. યુએસ ફેડરલ રીઝર્વ દ્વારા દર વધારાયા પછી તેનું વલણ જાળવી રાખતાં તેની પ્રત્યાઘાતી અસર વૈશ્વિક ક્રુડ ઓઈલ ના ભાવ ઉપર પડી છે. ભારતનાં એમ.સી.એક્સ. માર્કેટમાં ક્રુડ ઓઈલ નો ભાવ 6750 રૂ. થી 7600 બેરલ દીઠ બોલાઈ રહ્યો છે.

યુરોપીયન યુનિયનાં દેશો દ્વારા રશિયન ક્રુડ ઓઈલ ની આયાત ઉપર પ્રપિતંબ મુકાયો છે. 5 ડિસેમ્બરથી તે અમલી બનશે. ઓપેકના મેમ્બર દેશોમાં ક્રુડ ઓઈલ નું ઉત્દપાન ઓક્ટો. મહિનામાં ઘટાડા તરફ રહ્યું છે. આ સાથે રિશયા દ્વારા ઓઈલના ઉત્પાદનમાં કાપ મકુવનું વલણ હાથ ધરાયું છે.

મળતી માહિતી મુજબ દૈનિક ધોરણે 2.5 મિલિયન બેરલ નું ઉત્પાદન ઉપર કાપ મુકાવનો નિર્ણય કર્યો છે, જે નવેમ્બર મહિનાથી બન્યો છે. આ ઉપરાંત ચીનની ક્રુડ ઓઈલની માંગ વધવાથી સંજોગોમાં તેની અસર દુર થશે તેવું મનાય છે.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જનરલ રીટેઈલર મેટ્રો એજીનો કેશ & કેરી બિઝનેસ હસ્તગત કર્યો

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ એ જર્મનીની વિખ્યાત જનરલ રીટેઈલર મેટ્રો.એ.જી. કે જે કેશ એન્ડ કેરી નો બિઝનેસમાં કાર્યરત છે તે કંપનીનો ભારતમાં બિઝનેસ સંપાદન કર્યો છે. આ કંપનીએ 500 મિલિયન યુરોઝ (60 કરોડ રૂ.) હસ્તગત કરનાર છે. લેન્ડ બેંક અને એસેટ્સના બિઝનેસમાં મેટ્રો કેશ એન્ડ કેરી ભારતમાં કાર્યરત બનશે. ભારતની સૌથી મોટી રિટેઈલર તેની કામગીરી વિસ્તૃત કરીને બીટુબી સેગમેન્ટમાં તેની હાજરી દર્શાવશે. આ સોદા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અબજો પતિ શ્રી મુકેશ અંબાણી મેટ્રો સાથે વાટાઘાટો હાથ ધરી હતી તે પરિપુર્ણ થવા જાણવા મળ્યું છે. જો કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાનાં વર્તુળમાંથી સત્તાવાર જાહેર કરી નથી. મેટ્રો.એ.જી. સેવાઓનાં રીટેઈલર કિરાણા સ્ટોર્સ રેસ્ટોરન્ટ અને કેટરર્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એસએમઈ કંપનીઓનો ઈન્સ્ટોલેશન માટેનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીટુબી સેગમેન્ટમાં માર્જીનનું પ્રમાણ સારું રહેવાની શક્યતા છે. બીટુબી ક્ષેત્રે કંપનીએ 2014માં ભારતમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે જુલાઈ 2022માં કોમર્સ મેજર્સ ફ્લીપ કાર્ટ ગ્રુપ દ્વારા વોલ્માર્ટ ઈન્ડીયા પ્રા.લિ. ની 100 ટકાનો સ્ટેક હાંસલ કર્યો છે. ફ્લીપ કાર્ટ બેસ્ટ પ્રાઈસથી કેશ એન્ડ કેરી બિઝનેસ ભારતમાં ચલાવી રહ્યું છે.

મેટ્રો એ.જી. 34 દેશોમાં કામગીરી બજાવી રહ્યું છે. 2003 નાં વર્ષમાં ભારતમાં પ્રવેશ કર્યો છે. જે દેશમાં સ્ટોરો ધરાવે છે. જે સ્ટોર્સનાં નામોમાં હૈદરાબાદનાં બે સ્ટોર્સ, દિલ્હી અને કલક્તામાં 1-1 સ્ટોર, બેંગલુરુમાં 2 સ્ટોર્સ ધરાવે છે. આ ઉપરાંત કંપની અમદાવાદ, સુરત, ઈન્દોર, લખનૌ, નાસિક, વિજયવાડા, વિશાખાપટ્ટનમ, ગુંટુર અને હુબલીમાં સ્ટોર ધરાવે છે.

# ગુજરાતમાં વાહનોનું વેચાણ 43 ટકા વધ્યું, રીક્ષા અને ટ્રેક્ટરમાં સૌથી મોટો ઉછાળો



ગુજરાત | વંદન

તહેવારોની મોસમની માંગને કારણે ઓક્ટોબર મહિનામાં દેશમાં વાહનોના રિટેલ વેચાણમાં 48 ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે. ફેડરેશન ઓફ વ્હીકલ એસોસિએશન (FADA)એ સોમવારે જાહેર કરેલ માસિક રિપોર્ટમાં ઓક્ટોબરમાં વાહનોનું કુલ રિટેલ વેચાણ 20,94,378 યુનિટ રહ્યું હોવાનું જણાવ્યું છે, જે ઓક્ટોબર 2021ના 14,18,726 યુનિટના આંકડા કરતા 48 ટકા વધુ છે. આ સિવાય ઓક્ટોબરમાં નવા વાહનની નોંધણી કોરોના મહામારી પહેલા એટલે કે ઓક્ટોબર 2019ની સરખામણીમાં 8 ટકા વધુ છે.

ગુજરાતના ઓક્ટોબર મહિનાના વેચાણની વાત કરીએ તો દ્રિ ચક્રિય વાહનોનું વેચાણ વાર્ષિક 36.40 ટકાના વધારા સાથે 1,15,539 યુનિટ રહ્યું છે. ગત મહિને સૌથી વધુ વૃદ્ધિ ટ્રેક્ટરના વેચાણમાં જોવા મળી છે. ગુજરાતમાં ટ્રેક્ટરનું વેચાણ 3795 યુનિટથી વધીને રેકોર્ડ 14,139 યુનિટ પહોંચ્યું છે. ગુજરાતમાં વાહનોનું કુલ રિટેલ વેચાણ એટલેકે ડીલરો સાથેના રજિસ્ટ્રેશન સાથેનું વેચાણ 43.51 ટકા વધીને 1,73,219 યુનિટ રહ્યું છે,જે એક વર્ષ અગાઉ ઓક્ટોબર,2021માં 1,20,698 યુનિટનું વેચાણ હતુ.

સમગ્ર દેશની વાત કરીએ તો ગત મહિને તમામ સેગમેન્ટ્સ એટલે કે પેસેન્જર અને કોમર્શિયલ વાહનો, ટુ-વ્હીલર, ટ્રેક્ટર અને થ્રી વ્હીલરનું પ્રદર્શન ઓક્ટોબર 2021 કરતાં નોંધપાત્ર સારું રહ્યું છે.

ગયા મહિને પેસેન્જર વાહનોનું વેચાણ 2021ના 2,33,822 યુનિટની સાપેક્ષે 41 ટકા વધીને 3,28,645 યુનિટ થયું હતું. ટુ-વ્હીલરનું રજિસ્ટ્રેશન ગત મહિને 51 ટકાના ઉછાળા સાથે 15,71,165 યુનિટ પર પહોંચ્યું હતું. ઓક્ટોબર 2021માં આ આંકડો 10,39,845 યુનિટ હતો.

## અર્થતંત્ર | ભારતીય શેરબજાર અને મુડી બજાર માટે સાનુકૂળ સંજોગોનું નિરુપણ

# વિદેશી રોકાણકારો પુનઃ ભારતીય શેર બજાર તરફ વળ્યા

ગુજરાત | વંદન

સામાન્યતઃ નવે. અને ડિસે. મહિનો શેર બજાર માટે સાનુકૂળ પુરવાર થાય છે. સામાન્યતઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારો વર્ષના અંતિમ બે મહિનામાં મોટા પાયે ખરીદી કરે છે. 25 ડિસેમ્બર એટલે કે ક્રિસમસમાં વિદેશી રોકાણકારોનું ફેડરલ રિઝર્વ દ્વારા આવનારા વર્ષ માટે પોલીસીના સંકેતો પણ ડિસેમ્બર મહિનામાં જાહેર થાય છે. આ બધા પરિબળો શેર બજાર માટે ઉત્તેજક પુરવાર થાય છે. મળતી માહિતી મુજબ 20 મી ઓક્ટોબરથી 4 નવે. સુધીમાં વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેર બજારમાં થી 24552 કરોડના નવા શેરોમાં ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે, જેને પરિણામે શેર બજારનો સેન્સેક્સ પ્રગતિકારક રીતે આગળ ધપી રહ્યો છે. બે દિવસમાં 114 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો છે. તેથી સેન્સેક્સમાં ઘટાડો સમિતિમ બન્યો હતો. અને છેલ્લે શુક્રવારના દિવસે 60950 ની સપાટીએ સેન્સેક્સ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 64 પોઈન્ટના વધારા સાથે 18117 ઉપર બંધ રહ્યો હતો. આમ સપ્તાહ દરમ્યાન 990 પોઈન્ટનો




અને નિફ્ટીમાં 330 નો જોરદાર સુધારો જોવાયો છે. મળતી માહિતી મુજબ 1990 ના વર્ષ માંડીને દરેક વર્ષે 16 ટકા જેટલું વળતર શેર બજાર ડિસે. મહિનામાં આપતું રહ્યું છે. ડેટા અનુસાર નિફ્ટી 50 1999-2021 15.91 ટકાનું વળતર આપ્યું છે. પરંતુ આ વર્ષે ફુગાવાથી તથા રશિયા અને યુક્રેનની કટોકટી તેમજ વ્યાજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા થયેલો વધારો પ્રતિકૂળ પરિબળો ઉભા થયા છે અને તેજીના તબક્કામાં ખાંચડો પડ્યો છે. એક માહિતી મુજબ 22 વર્ષથી શેર બજાર ડિસે. મહિનો સારુ વળતર આપતું થયું છે. જાન્યુ. અને માર્ચ વચ્ચે સ્ટોક શેર બજારમાં રોકાણ સરેરાશ 0.24 ટકાનનું નુકશાન થયું હતું. ગયા મે અને ઓક્ટોબરનું સરેરાશ વળતર 1 ટકાના ધોરણે રહ્યું હતું. આ વર્ષના અંતે વિદેશી રોકાણકારોનું ખરીદી મોટા પાયે થતાં ફુલ ગુલાબી તેજી આવી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# ઊંઘ ન આવતી હોય તો કરો આ ઉપાય: ઘસઘસાટ ઊંઘ લેવી હોય તો ચિંતાઓ લખો... સાંજે થોડું ચાલો અને પરિવાર સાથે સમય વિતાવો

દુનિયાભરમાં સૌથી મોટી સમસ્યા હોય તો એ છે ઊંઘની. 8 પૈકી 1 વ્યક્તિ અનિદ્રાનો ભોગ બને છે. જે લોકોને રાતે ઊંઘ નથી આવતી તેમનો દિવસ પણ ખરાબ જાય છે અને કામ કરવાની ક્ષમતા પણ ઘટી જાય છે. 'ધ સ્લીપ પ્રિસ્ક્રિપ્શન' પુસ્તકના લેખક કેલિફોર્નિયા યુનિવર્સિટીના મનોવૈજ્ઞાનિક ડૉ. એરિક પ્રૈથર જણાવે છે કે સારી ઊંઘ વ્યક્તિ દયાળુ અને ક્રિએટિવ પણ બને છે. એટલું જ નહીં, સારી ઊંઘ એક સારાં માતા-પિતા અને વધુ સારા જીવનસાથી બનાવવામાં પણ મદદરૂપ થાય છે. પુસ્તકમાં ડૉ. પ્રૈથર દવા વગર સારી ઊંઘ કેવી રીતે આવી શકે એની વૈજ્ઞાનિક પદ્ધતિઓ પણ જણાવી છે.

## બેડરૂમને ડાર્ક રાખો અને સૂવાની જગ્યા ન હોય તો દિશા બદલો

**સમાધાન નહીં, સમસ્યા લખો** | દિવસના કોઈપણ સમયે અથવા સૂતાં પહેલાં ચોક્કસ સમયે સમસ્યા લખવાથી સૂતી વખતે મન હળવું રહેશે, તેથી સમસ્યા લખો, સમાધાન નહિ.

**બેડરૂમમાં ફેરફાર કરી શકો** | ઘણીવાર એક જ જગ્યા પર સૂવાથી ઊંઘ નથી આવતી. જો તમે સૂવાની જગ્યા બદલી શકતા નથી, તો દિશા બદલો. રૂમનું ઈન્ટીરિયર પણ બદલી શકો છો.

**પૌષ્ટિક અને હળવો ખોરાક લો** | સાંજે પૌષ્ટિક અને હળવો નાસ્તો કરો. સાંજે થોડું ચાલો. ગીત સાંભળો. તમારા બગીચામાં છોડ સાથે સમય વિતાવો. બુકકેસ સાફ કરો. પરિવારના સભ્યો અથવા તમારા મિત્રો સાથે પણ વાત કરો.

**રૂમના ટેમ્પરેચરનું ધ્યાન રાખો** | યાદ રાખો, બેડરૂમમાં લેપટોપ-કોમ્પ્યુટર ન રાખો. સૂતી વખતે રૂમને ઠંડો અને અંધારું રાખો. વધારે અજવાળું તમને ઊંઘવા દેતું નથી. સ્લીપ માસ્કનો ઉપયોગ ફાયદાકારક બની શકે છે.

**મનને સમય આપો** | મગજને લેપટોપની જેમ ન ગણો. સૂવા માટે મન શાંત હોવું જરૂરી છે. કામ પૂરું થયા પછી પોતાને સમય આપો. તમારા મનપસંદ જૂના ટીવી શો જુઓ.

# આંખની આ બીમારીથી આવી શકે છે અંધાપો



## દિવસે સુવાની અને નસકોરાની ટેવ પડી શકે છે ભારે, 2040 સુધીમાં દુનિયાના 11.2 કરોડ લોકોને થઈ શકે છે ઝામર


આજે ઘણા લોકો રાતે મોડે સુધી જાગે છે અને સવારે વહેલા જાગી જાય છે. તો ઘણા લોકો એવા પણ હોય છે કે, રાતે ઊંઘ નથી થતી, દિવસે ઊંઘ આવે છે અને નસકોરાની પણ સમસ્યા રહે છે, જેની આંખ પર ખરાબ અસર પડે છે. જો તમને પણ લાંબા સમયથી આ સમસ્યા હોય તો ઝામર(ગ્લૂકોમા)નું જોખમ વધી શકે છે. તો જો આ બીમારીનો સમયસર ઈલાજ કરવામાં ન આવે તો આંખની દ્રષ્ટિ પણ જઈ શકે છે.

**ગ્લૂકોમા કોઇપણને થઇ શકે છે** | જે લોકોને ગ્લૂકોમાને કારણે આંખની દ્રષ્ટિ જતી રહે છે, તે લોકોને આંખની દ્રષ્ટિ પરત નથી આવતી. તો રિસર્ચ કરતાં લોકોએ જણાવ્યું હતું કે, જે લોકો ભરપુર ઊંઘ નથી લેતા તે લોકોને કોઈપણ ઉંમરે આ બીમારી થઈ શકે છે. વૃધ્ધ અને જે લોકો ધૂમ્રપાન કરે છે, તે લોકોને આ બીમારી વધારે થાય છે. બીએમજે ઓપન જર્નલનાં પ્રકાશિત એક રિસર્ચમાં બ્રિટનના બાયોબેંક અભ્યાસમાં ભાગ લેતા 4 લાખથી વધુ લોકોના ડેટાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

**જે લોકોને ઊંઘની સમસ્યા હોય તે લોકોમાં ગ્લૂકોમાનું જોખમ વધારે** | આ અભ્યાસમાં 40થી 69 વર્ષનાં લોકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે લોકોને અભ્યાસમાં સામેલ કરવામાં આવ્યાં હતા તે લોકો પાસેથી તેમની ઉંઘની ટેવ વિશેની માહિતી ભેગી કરવામાં આવી હતી. વર્ષ 2010થી 2021 સુધી ચાલેલા આ અભ્યાસ દરમિયાન ઝામરના 8,690 કેસોની ઓળખ કરવામાં આવી હતી. આ માહિતીને આધારે સંશોધકોને જણાવ્યું હતું કે, ઊંઘની તંદુરસ્ત પેટર્ન ધરાવતા લોકોની સરખામણીમાં નસકોરાં બોલાવવા અને દિવસની ઊંઘ આવવાથી ઝામરનું જોખમ 11 ટકા વધી જાય છે. તો જે લોકોને અનિદ્રાં અથવા વધારે કે ઓછી ઊંઘની સમસ્યા હોય તો ઝામરનું જોખમ 13% વધી જાય છે. જો પુરતા પ્રમાણમાં ઊંઘ લેવામાં ન આવે તો નિર્ણય લેવાની ક્ષમતા, સ્વભાવ, શીખવાની ક્ષમતા અને યાદશક્તિ પર પણ નેગિટીવ અસર પડે છે. સંશોધકોના જણાવ્યા અનુસાર વર્ષ 2040 સુધીમાં વિશ્વભરમાં 11.2 કરોડ લોકોને ઝામરની અસર થઈ શકે છે.

**આંખથી મગજને જોડતી નસ પર થાય છે અસર** | ઝામરને કારણે આંખથી મગજને જોડતી નસને અસર થઇ શકે છે. તે આંખના પ્રકાશ સંવેદનશીલ કોષોના અધોગતિનું કારણ બને છે. જો યોગ્ય સમયે તેની સારવાર ન કરવામાં આવે તો ઝામરને કારણે આંખની દૃષ્ટિ કાયમ માટે જતી રહે છે.

# કાચી શાકભાજી ખાવી નુકશાનકારક



## સંશોધનમાં દાવો કરવામાં આવ્યો છે કે, કડક વીગન ડાયટનું પાલન કરવાથી સ્વાસ્થ્ય વધુ ખરાબ થઈ શકે

આજકાલ વીગન ડાયટનું ચલણ ખૂબ જ વધી રહ્યું છે. લોકો પોતાના સ્વાસ્થ્યને નિરોગી રાખવા માટે ફક્ત ફળ અને કાચા શાકભાજીઓ ભોજનમાં સામેલ કરે છે. વિશ્વભરનાં હેલ્થ એક્સપર્ટની માનીએ તો તેના અનેક ફાયદા છે. આ ડાયટ વજન, કોલેસ્ટ્રોલ લેવલ અને હૃદયની બીમારીનાં જોખમને ઘટાડવા માટે જાણીતું છે.

જો કે, અમુક લોકો માટે આ વીગન ડાયટ નુકશાનકારક સાબિત થઈ શકે છે. આ લોકો ડાયટનાં એક્સટ્રિમ વર્ઝનને ફોલો કરે છે અને કાચુ ખાવાનું જ પસંદ કરે છે. અમુક લોકો તો એ હદ સુધી ચાલ્યા જાય છે કે, સબ્જી કે ફળનું બીજુ સ્વરુપ જેમ કે, બદામથી બનેલા દૂધનું પણ સેવન કરતા નથી. તેમનું માનવું એવું છે કે, ફળો અને શાકભાજીને પકાવવાથી તેમાં રહેલા પોષકતત્ત્વો ખતમ થઈ જાય છે. તેને કાચુ ખાવાથી શરીરમાં ભરપૂર ઉર્જા રહે છે અને તેની મદદથી અમુક બીમારીઓને પણ રિવર્સ કરી શકાય છે અથવા તો તેમાંથી બચી શકાય છે. જો રિસર્ચની માનીએ તો કડક વીગન ડાયટનું પાલન કરવાથી સ્વાસ્થ્ય વધુ ખરાબ થઈ શકે. અમુક શાકભાજી એવા પણ હોય છે કે, જે રસોઈ કરીને તેના પોષકતત્વોમાં વધારો કરે છે

### શરીરમાં પોષકતત્ત્વોનું પ્રમાણ ઘટી જાય

અમુક કાચા શાકભાજી પકાવીને ખાવામાં આવે તો તેમાં રહેલા પોષકતત્ત્વો નાશ પામી જાય છે જેમ કે, જો કોઈ શાકભાજીને પકાવવામાં આવે તો તેમાં હાજર થિયામાઈન 22% ઘટી જાય છે. તે વિટામિન B-1નું જ એક સ્વરુપ છે, જે નર્વસ સિસ્ટમને મજબૂત રાખે છે. જો કે, અમુક શાકભાજી એવા પણ છે કે, જેને પકાવવાથી તેમાં રહેલા પોષકતત્ત્વો વધી જાય છે.

પાલકને પકાવીને તેને ખાવાથી તેમાં હાજર કેલ્શિયમને સારી રીતે શોષી શકાય છે. ટામેટાં પકાવવાથી વિટામિન-C 28% ઓછુ થઈ જાય છે પણ લાઈકોપીનની માત્રા 50% સુધી વધી જાય છે. તે કેન્સર અને હૃદયરોગનાં જોખમને ઘટાડે છે. ગાજર, મશરુમ, બ્રોકલી અને ફુલાવરને પણ પકાવવું જરુરી છે. કડક વીગન ડાયટ સાથે સ્ત્રીઓએ માસિક સ્રાવની સમસ્યાઓ અને વંધ્યત્વનો સામનો કરવો પડી શકે મહિલાઓને પીરિયડ્સમાં સમસ્યા આવી શકે.

કડક વીગન ડાયટને યોગ્ય રીતે પ્લાન કરીને ફોલો ન કરવા પર એકાએક તમારું વજન ઘટી શકે. યુવા મહિલાઓ માટે તે પરેશાનીનું કારણ બની શકે. સંશોધકોનાં મત મુજબ 45 વર્ષથી ઓછી ઉંમરની 30% મહિલાઓએ 3 વર્ષ સુધી આ ડાયટને ફોલો કરી છે. આ સમય તેમને આંશિક કે સંપૂર્ણ રીતે માસિક આવવાનું બંધ થઈ ગયું. આ સ્થિતિમાં મહિલાઓએ વાંઝિયાપણું કે હાડકામાં નબળાઈનો સામનો કરવો પડી શકે. અન્ય સંશોધનમાં એક એવી વાત સામે આવી કે, હંમેશા કાચા શાકભાજી-ફળો ખાનારી મહિલાઓની પ્રજનન ક્ષમતા પણ નબળી પડી જાય છે.

# સરસવના તેલમાં લસણ અને અજમાનો કરો ઉપયોગ



આયુર્વેદમાં સરસવના તેલનું ઘણું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. આ તેલ ફક્ત સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ સ્કિન અને વાળ માટે પણ બહુ ફાયદાકારક છે. જો તમે સરસવના તેલથી માલિશ કરતા હોવ તો એમાં લસણ અને અજમાનું તેલ મિક્સ કરો. અજમા, લસણ ને સરસવનું તેલ મિક્સ કરીને માલિશ કરવાથી અનેક સમસ્યામાંથી છુટકારો મળે છે. જો તમને થાક લાગ્યો હોય તો અને શરીરમાં દુખાવો થતો હોય તો આ તેલથી માલિશ કરવાથી છુટકારો મળી શકે છે. આયુર્વેદાચાર્ય ડો. આર.પી. પરાશર જણાવે છે કે સરસવના તેલમાં લસણ, અને અજમો નાખીને શું ફાયદો થાય છે.

## લસણ, અજમા અને સરસવનાં તેલના છે અઢળક ફાયદા

મોટા ભાગના લોકો સરસવના તેલનો ઉપયોગ રસોઈ માટે કરે છે, તો ઘણા લોકો મસાજ માટે પણ કરે છે. શરદી, ઉધરસની બીમારીથી છુટકારો મેળવવા માટે આ તેલથી છાતી પર માલિશ કરવાથી થોડા દિવસોમાં બીમારીથી રાહત મળે છે. સરસવના તેલમાં લસણ અને અજમો નાખીને મસાજ કરવાથી સોજો ઓછો થાય છે. ઈન્ફેક્શનથી બચવા માટે દરરોજ આ તેલથી માલિશ કરો. ડિલિવરી પછી સરસવનું તેલ, લસણ અને અજમાથી શરીર પર માલિશ કરો. થાક ઓછો કરવા માટે સરસવનું તેલ, લસણ અને અજમો ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. જો તમે આ તેલથી શરીરની માલિશ કરો છો, તો તમારા શરીરની નબળાઈ પણ દૂર થાય છે. આ તેલ પગના દુખાવામાં રાહત આપે છે. નસોમાં સોજો ઓછો કરવા માટે તમે દરરોજ આ તેલથી માલિશ પણ કરી શકો છો.

**શરદી-ઉધરસ અને તાવથી મળશે રાહત, તો ફંગલ ઇન્ફેક્શનથી પણ મળશે રાહત**

**હાર્ટનું ધ્યાન રાખે** | અજમાનું તેલ હાર્ટના સ્વાસ્થ્ય માટે સારું છે. અજમામાં પોલીઅનસેચ્યુરેટેડ ફેટી એસિડ અને ફાઈબર હોય છે, જેને કારણે અજમાનું તેલ એકંદરે લિપિડ પ્રોફાઇલ, જેમ કે કોલેસ્ટેરોલ અને ટ્રાઈગ્લિસરાઈડને ઘટાડવાનું કામ કરે છે. લિપિડ લેવલ વધવાથી હાર્ટ-એટેકનું જોખમ વધે છે, તેથી અજમાના તેલનો ઉપયોગ હાર્ટ માટે ફાયદાકારક છે.


**બીપીને કંટ્રોલ કરે** | વધેલા બીપીને કંટ્રોલ કરવા માટે અજમાનું તેલ ફાયદાકારક છે. અજમાના તેલમાં એન્ટી-હાઈપરટેંસિવ છે, જે બીપીની સમસ્યાને દૂર કરવામાં ફાયદાકારક છે.

**અલ્સર માટે પણ ફાયદાકારક** | પેટના અલ્સરની સમસ્યા માટે પણ અજમાનું તેલ બેસ્ટ માનવામાં આવે છે, અજમાના તેલમાં થાઈમોલ નામનું ખાસ તત્ત્વ હોય છે. આ તત્ત્વને કારણે અજમાના તેલમાં એન્ટીગેસ્ટ્રિક, એન્ટીઅલ્સર ગુણ હોય છે. અજમાનું તેલ પેટના અલ્સરની સમસ્યાથી છુટકારો અપાવે છે.

**ફંગલ ઇન્ફેક્શન** | ફંગલ ઈન્ફેક્શનને દૂર કરવા માટે અજમાના તેલનો ઉપયોગ કરી શકાય છે. અજમામાં એન્ટીબેક્ટેરિયલ ગુણો તેમજ એન્ટીફંગલ ગુણો છે, જેના આધારે એવું માની શકાય છે કે અજમાના તેલમાં બેક્ટેરિયલ ઈન્ફેક્શન તેમજ ફંગલ ઈન્ફેક્શન સામે રક્ષણ મેળવી શકાય છે.

**પાચન માટે ફાયદાકારક** | અપચોની સમસ્યાને દૂર કરવામાં પણ અજમાનું તેલ મદદ કરે છે. NCBIના એક સંશોધનમાં આ વાતને સાબિત કરવામાં આવી છે. સંશોધન પરથી ખબર પડે છે કે અજમાના તેલમાં ગેસ્ટ્રોપ્રોટેક્ટિવ ગુણ હોય છે, તેથી અજમાના તેલમાં પેટની તંદુરસ્તી જાળવવાની સાથે પાચનતંત્રને મજબૂત બનાવે છે.

# શિયાળામાં સ્નાન કરવાના પાણીમાં મિક્સ કરો તેલ




શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે, આ સાથે જ સ્કિનની ડ્રાયનેસ પણ વધી જાય છે.શિયાળાની ઋતુમાં સ્કિનને સોફ્ટ રાખવા માટે નહાવાનું પાણી વધારે ગરમ કે ઠંડુ ન હોય તેનું ખાસ ધ્યાન રાખો . તો બીજી તરફ શિયાળામાં નહાવાના પાણીમાં ઘણા પ્રયોગો કરી શકાય છે. પૂર્વ મેડિકલ ઓફિસર યુનાની ડૉ.સુભાષ રાય એવા તેલ વિશે જણાવી રહ્યા છે જેને તમે નહાવાના પાણીમાં મિક્સ કરીને ત્વચાને નરમ અને હેલ્ધી બનાવી શકો છો.

**ટી ટ્રી અને નીલગિરીનું તેલ** | નહાવાના પાણીમાં ટી ટ્રી ઓઈલ મિક્સ કરવાથી ત્વચાની અનેક સમસ્યાઓથી છુટકારો મળી શકે છે. ટી ટ્રી ઓઈલને પાણીમાં મિક્સ કરીને નહાવાથી ખીલ, બળતરા, ખંજવાળ જેવી સમસ્યાઓ દૂર થાય છે. શિયાળામાં ટી ટ્રી ઓઈલ પાણીથી સ્નાન કરવાથી ત્વચાને મોઈશ્ચરાઈઝ થાય છે.

# ગેજેટ્સથી શરીરનું બંધારણ બગડવાનું જોખમ

પાછળની તરફ ઉભરેલી ખૂંધ (પીઠ) વળેલા પંજા અને 90 ડિગ્રી સુધી સીધી કોણી, નાનું મગજ અને આંખમાં પાંપણોનું ડબલ સ્તર. આવનારા સમયમાં માનવશરીરનું બંધારણ આવું બની શકે છે. ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ આપણને શારીરિક રીતે પણ બદલી રહ્યો છે. અમેરિકાની અગ્રણી સંસ્થાઓનાં નિષ્ણાતોનાં સંશોધનનાં આધારે, સ્માર્ટફોન, લેપટોપ અને ટેલિવિઝનના વધુ પડતાં ઉપયોગને કારણે માનવ માળખામાં સંભવિત ફેરફારો પર સંશોધન કરવામાં આવ્યું હતું. આ સાથે જ 3D ઈમેજ પણ તૈયાર કરી હતી.




## એક જ સ્થિતિમાં બેસીને બહાર આવવાની શક્યતા

મેપલી હોલિસ્ટિક્સનાં હેલ્થ એક્સપર્ટ કેલેબ બેક કહે છે કે, ઓફિસમાં લાંબા સમય સુધી અને ઘરમાં એક જ પોઝિશનમાં બેસી રહેવાથી કરોડરજ્જુ પર દબાણ આવે છે. આનાથી ખૂંધ સીધી રહેતી નથી અને વાંકી વળવા લાગે છે. ડોકનાં સ્નાયુઓએ માથાને ટેકો આપવા માટે વધુ મહેનત કરવી પડે છે. સતત આવું થવાને કારણે શરીર આ અવસ્થાને સ્વીકારવા લાગે છે અને ખૂંધ ઉભરવાની શક્યતા વધી જાય છે.

## આંગળીઓ હંમેશા ફોનને પકડી રાખવાથી વળી રહી છે

મેડ એલર્ટ હેલ્પનાં ડૉક્ટર નિકોલા કહે છે કે, 'સ્માર્ટફોન હંમેશાં આપણી સાથે રહે છે. જ્યારે આપણે ઉપયોગ કરતા નથી ત્યારે પણ તે આપણા હાથમાં છે. તેને પકડવા માટે આપણા પંજા હંમેશા એક વિશેષ સ્થિતિમાં રહે છે. તેનાથી આંગળીઓ બેન્ડ વળી જાય છે. આપણી કોણી હંમેશાં માટે 90 ડિગ્રી પર સ્થિર થઈ શકે છે. એવી જ જ્યારે મોબાઈલ પર વાત કરતી વખતે હોય છે. કોણીની નસો પર સતત દબાણને કારણે આવું થઈ શકે છે.

# પોષકતત્વોનો ભંડાર છે મૂળા:બ્લડ પ્રેશર અને સુગર લેવલ કન્ટ્રોલ રહે છે, પાન પણ છે ફાયદાકારક

મૂળો એક જડયુક્ત સબ્જી છે, જેને લોકો સામાન્ય રીતે સલાડ તરીકે ખાય છે. મૂળાની અનેક રેસિપીઓ ખોરાકનો સ્વાદ વધારે છે જેમ કે, મૂળાનાં પરાઠા, મૂળાનું અથાણું અને બીજું ઘણું બધું. તેમાં અનેક પ્રકારનાં પોષકતત્વો હોય છે, જે સ્વાસ્થ્યને ફાયદો કરે છે. ડાયટિશન સ્વાતિ વિશ્નોઈ પાસેથી મૂળા અને તેના પાંદડાઓ ખાવાથી થતાં ફાયદાઓ વિશે જાણીએ.



## બ્લડ સુગરને કંટ્રોલ કરો

મૂળામાં અનેક પ્રકારનાં પોષકતત્વો સામેલ હોય છે, જે ડાયાબિટીસને કંટ્રોલ કરે છે. તે શરીરમાં ગ્લુકોઝનું પ્રમાણ વધારે છે અને લોહીમાં સુગરનાં સ્તરને નિયંત્રિત કરે છે. મૂળામાં બાયો-એક્ટિવ કમ્પાઉન્ડ હોય છે, જે એડિપોનેક્ટિન હોર્મોનને નિયંત્રિત કરીને બ્લડસુગર લેવલને નિયંત્રિત કરે છે. મૂળામાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે બ્લડપ્રેશરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને હૃદયને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. તેમાં એન્થોસીન નામનું કમ્પાઉન્ડ હોય છે, જે બ્લડ સર્ક્યુલેશન અને લો બ્લડપ્રેશરને સુધારવામાં મદદ કરે છે.

## પેટ માટે ફાયદાકારક

મૂળામાં બંને દ્રાવ્ય અને અદ્રાવ્ય તંતુઓ હોય છે, જે જઠરાંત્રિય માર્ગ માટે ખૂબ જ ફાયદાકારક છે. ફાઈબર આંતરડામાંથી ગંદકી બહાર કાઢવામાં મદદ કરે છે અને કબજિયાતને પણ દૂર કરે છે.

## કેન્સરને અટકાવો

મૂળા કેન્સર વિરોધી છે. સંશોધન મુજબ તેમાં એવા સંયોજનો હોય છે, જે પાણી સાથે મિશ્રિત થવા પર આઈસોથિયોસાયનેટ્સમાં તૂટી જાય છે, જે કેન્સર પેદા કરનારા પદાર્થો અને ગાંઠનાં વિકાસને અટકાવવામાં મદદ કરે છે.

# ટીમ ઈન્ડિયા માટે ગૂડ ન્યૂઝ!

## ઈજા બાદ ફરી નેટ્સમાં રોહિતે કરી પ્રેક્ટિસ, દ્રવિડે કર્યા વખાણ



ગુજરાત | વંદન

હાલ ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહેલાં ટી20 વર્લ્ડ કપની ટુર્નામેન્ટમાં ટોપ પર ચાલી રહી છે. જોકે, આ દરમિયાન જ એક ખરાબ સમાચાર આવ્યાં હતાં. જેને કારણે લાખો દર્શકો અને ક્રિકેટ પ્રેમીઓ નિરાજ થઈ ગયા હતાં. આ સમાચાર હતા કેપ્ટન રોહિત શર્માના. રોહિત શર્માને ઈજા થતાં ટીમ પર સંકટના વાદળો ગેરાયા હતાં. જોકે, ઈજા બાદ પણ હિટમેન નેટ્સમાં પ્રેક્ટિસ કરવા આવ્યો અને તેને જોઈને કોચ રાહુલ દ્રવિડે પણ તાળી પાડીને તેને બિરદાવ્યો. આ સમાચાર રાહત આપનારા છે. વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની વિજય કૂચ જારી રાખવા માટે ટીમના દરેક ખેલાડીનું ફિટ રહેવું જરૂરી છે. ત્યારે કેપ્ટને પોતે નેટ્સમાં આવીને સૌ કોઈનું મનોબળ વધાર્યું છે.

ઈજાગ્રસ્ત થયા બાદ પણ થોડી ટ્રિટમેન્ટ લઈને કેપ્ટન રોહિત શર્મા નેટ્સમાં પરત ફર્યો હતો. નેટ્સમાં કોઈપણ પ્રકારની તકલીફ વિના પ્રેક્ટિસ કરતા જોઈને કોચ રાહુલ દ્રવિડે તાળીઓ પાડીને તેને બિરદાવ્યો હતો. ઉલ્લેખનીય છેકે, ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપ 2022ની સેમિફાઈનલમાં 10 નવેમ્બર એટલે કે ગુરુવારે ઈંગ્લેન્ડ સામે એડિલેડ ખાતે ટકરાશે. આ મહામુકાબલાના 2 દિવસ પહેલાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લગતા રહી ગયો છે. નેટ્સમાં બેટિંગ દરમિયાન કેપ્ટન રોહિત શર્માને જમણા કાંડામાં બોલ વાગ્યો હતો. જો કે, રોહિતે થોડો સમય વિરામ કર્યા બાદ ફરીથી બેટિંગ કરતા ઈન્ડિયન કેમ્પમાં ખુશીની લહેર છવાઈ ગઈ હતી.



ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા નેટ્સમાં થ્રો ડાઉન લઈ રહ્યો હતો, આ દરમિયાન તેના જમણા કાંડામાં બોલ વાગ્યો હતો. બોલ વાગતા જ રોહિત એટલો દર્દમાં હતો કે સાઈડમાં બેસી ગયો. પછી તેણે એક બોલ રમવાની ટ્રાય કરી પણ શોટ રમીને તરત જ દુખાવા અથવા જર્કને લીધે જમણો હાથ બેટ પરથી લઈ લીધો. ફિઝિઓએ તરત જ તેની તપાસ કરી અને પછી રોહિત નેટ્સ છોડીને જતો રહ્યો. ઈજાગ્રસ્ત થયા બાદ રોહિત થોડા સમયને બ્રેક પછી ફરી પ્રેક્ટિસ કરવા આવ્યો હતો. તેણે સૌથી પહેલા હેડ કોચ રાહુલ દ્રવિડ સાથે વાત કરી હતી. ત્યારબાદ થ્રોડાઉન એક્સપર્ટ રઘુએ તેને સ્ટિકના ઉપયોગ વગર બોલ ફેંક્યા હતા. 6 શોટ્સ રમ્યા બાદ રોહિતે કહ્યું હવે સ્ટિકથી નાખો. તેણે ત્રણ સારા શોટ રમ્યા અને આ જોઈને ખુશ થયેલા દ્રવિડે તાળીઓ પાડી હતી. કહેવામાં આવી રહ્યું છે કે, રોહિતે પરત ફર્યા બાદ 15 મિનિટ સુધી નોન-સ્ટોપ બેટિંગ કરી હતી. તે સહેજ પણ તકલીફમાં લાગતો નહોતો. તેણે પુલ, અપર કટ, સ્લોગ એમ દરેક બાજુ શોટ્સ ફટકાર્યા હતા.

# ફિફા વર્લ્ડ કપ માટેની બ્રાઝિલની ટીમ જાહેર

## ૨૦મી નવેમ્બરથી કતારમાં ફૂટબોલ વર્લ્ડ કપ



ગુજરાત | વંદન

ફૂટબોલના મહાકુંભ - ફિફા વર્લ્ડ કપનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે, ત્યારે હાઈપ્રોફાઈલ મનાતી બ્રાઝિલીયન ટીમે પણ તેના ૨૬ ખેલાડીઓના નામ જાહેર કરી દીધા હતા. કોચ ટીટેએ સેલેસિયો તરીકે ઓળખાતી બ્રાઝિલની ટીમમાં નેમાર તેમજ રિચાર્લીસન સહિતના સ્ટાર્સને સમાવવાનો નિર્ણય લીધો હતો.

બ્રાઝિલની ફૂટબોલ વર્લ્ડ કપની ટીમમાં સામેલ ૨૬માંથી ૧૨ખેલાડીઓ તો ઈંગ્લિશ પ્રીમિયર લીગની કલબ સાથે જોડાયેલા છે. ફિફા વર્લ્ડ કપનો પ્રારંભ ૨૦મી નવેમ્બરથી થશે. જ્યારે બ્રાઝિલ ૨૪મી નવેમ્બરે મધરાત બાદ એટલે ૨૫મીએ સર્બિયા સામે પ્રથમ મેચ રમશે. નેમારની સાથે રિચાર્લીસન તેમજ ગેબ્રિયલ જીસસ, ફ્રેડ અને એન્ટોનીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે રોબેર્ટો ફાર્મિન્હો અને ગેબ્રિયલ મૅગલહાસને ટીમમાં સ્થાન મળી શક્યું નથી. ફિલિપ્પે કોઉટિન્હો ઈજાગ્રસ્ત હોવાથી ટીમમાં સામેલ નથી. ઈપીએલમાં ટોચના સ્થાન રહેલી આર્સેનલની ટીમમાં સામેલ ગેબ્રિયલ માર્ટિનેલીને સરપ્રાઈઝ વર્લ્ડ કપ કોલ મળ્યો છે.
ફિફા વર્લ્ડ કપમાં નેમારને બ્રાઝિલ તરફથી સૌથી વધુ ગોલ ફટકારવાનો પેલેનો રેકોર્ડ તોડવાની તક છે. નેમાર પેલેના રેકોર્ડથી બે ગોલ દૂર છે. ૩૯ વર્ષના ડાની એલ્વેસને પણ બ્રાઝિલની ટીમમાં તક આપવામાં આવી છે.

# કિંગ કોહલીને વધુ એક સરપાવ

## ICC Player of the Month જાહેર થયો વિરાટ કોહલી



ગુજરાત | વંદન

વિરાટ કોહલી-ધ વન મેન આર્મી, એ ફરી એક વખત પોતાનો ખિલ્લો સાબિત કર્યો છે કે કેમ તેમને ભારતના મહાન બેટ્સમેનોમાં શામેલ કરવામાં આવે છે. બુમરાહ વગરની ભારતની ટીમને બેટિંગમાં સૌથી મોટો સહારો વિરાટ કોહલી પાસેથી મળ્યો છે. T20 WCમાં પાકિસ્તાન સામેની પ્રથમ મેચમાં જ રંગ રાખીને કોહલીએ ફરી એક વખત સાબિત કર્યું છે કે ક્લાસ પરમનન્ટ હોય છે.બેટિંગ માટેની પડકારજનક પિચ પર ક્રિકેટ ઈતિહાસની સૌથી બેસ્ટ ઈનિંગ રમીને ભારતને અદ્દભુત જીત અપાવ્યા બાદ કિંગ કોહલીનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે અને વર્લ્ડકપમાં કોઈ ખેલાડી રમે કે નહિ પણ દરેક મેચમાં શાનદાર બેટિંગ કરનાર વિરાટ કોહલીને ફરી ICC આ મહિનાના બેસ્ટ ક્રિકેટર જાહેર કર્યા છે.

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ ઓક્ટોબર મહિનાના પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડની જાહેરાત કરી છે. આ યાદીમાં ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને પ્રથમ વખત ICC પ્લેયર ઓફ ધ મન્થ જાહેર કરવામાં આવ્યો છે. વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ડેવિડ મિલર અને ઝિમ્બાબ્વેના ઓલરાઉન્ડર સિકંદર રઝાને પછાડીને આ એવોર્ડ પોતાના નામે કર્યો છે.

વિરાટ કોહલી પ્રથમ વખત ICC પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ માટે નોમિનેટ થયા હતા. વિરાટ કોહલીએ ઓક્ટોબરના કેલેન્ડર મહિનામાં 205 T20 રન બનાવ્યા હતા. આ દરમિયાન, 23 ઓક્ટોબરે, તેમના અણનમ 82 રનની ઈનિંગ્સે, ભારતે પાકિસ્તાન સામે ચાર વિકેટથી વિજય મેળવ્યો હતો.

# પોતાના હીરોને મળવા મેદાનમાં ઘુસ્યો ચાહક, રોહિત પાસે પહોંચતા જ રડી પડ્યો



## 6.5 લાખનો દંડ ફટકારવામાં આવ્યો

ગુજરાત | વંદન

ભારતમાં ક્રિકેટરોનો વિશાળ ચાહક વર્ગ છે. આપણે ઘણી મેચોમાં જોયું છે કે, ચાહકો તેમના મનપસંદ ક્રિકેટરને મળવા માટે ચાલુ મેચે મેદાનમાં ઘુસી જાય છે. T20 વર્લ્ડ કપ 2022માં ભારત અને ઝિમ્બાબ્વે સામેની મેચ દરમિયાન પણ કંઈક આવું જ થયું હતું. રોહિત શર્માનો એક ફેન મેદાનમાં ઘુસી ગયો હતો, તે જેવો રોહિતની નજીક પહોંચતા જ તે રડી પડ્યો હતો. નોંધનીય છે કે, આ રીતે મેદાનમાં ઘુસવાને લીધે તેના પર 6.5 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

મેચની વાત કરીએ તો ભારતે ઝિમ્બાબ્વેને મેલબોર્ન ખાતે 71 રને હરાવ્યું છે. આ સાથે ભારત ગ્રુપ-2માં ટેબલ ટોપર બન્યું છે અને હવે સેમિફાઈનલમાં 10 નવેમ્બરે ઈંગ્લેન્ડ સામે એડિલેડ ખાતે ટકરાશે. મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે સૂર્યકુમાર યાદવ અને લોકેશ રાહુલની ફિફટી થકી 20 ઓવરમાં 5 વિકેટે 186 રન કર્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વે 17.2 ઓવરમાં 115 રનમાં ઓલઆઉટ થયું હતું.

મેચ પછી કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે, ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં અમારા માટે મહત્ત્વનું એ છે કે અમે કેટલી ઝડપથી એડિલેડ ખાતેની પરિસ્થિતિથી એડજસ્ટ થઈએ છીએ. અમે ત્યાં એક ગેમ રમ્યા છીએ પરંતુ ઈંગ્લેન્ડ અમારા માટે સારો પડકાર હશે. બંને ટીમો આ મેચમાં કોઈપણ કસર બાકી નહીં રાખે. તેથી એ એક હાઈ પ્રેશર ગેમ હશે. જો અમે સારું રમીએ તો મને લાગે છે વાંધો નહીં આવે. અમે ઝડપથી એડજસ્ટ કરીને પછી પરિસ્થિતિ પ્રમાણે પ્લાન બનાવીશું.

# શ્રીલંકાના ક્રિકેટર દાનુષ્કા ગુનાથિલકાની ઓસી.માં દુષ્કર્મના આરોપો હેઠળ ધરપકડ

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયામાં T20 વર્લ્ડ કપ માટે રાષ્ટ્રીય ટીમ સાથે રહેલા શ્રીલંકાના ક્રિકેટર દાનુષ્કા ગુનાથિલકાની દુષ્કર્મના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી છે, એમ ટીમના સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું. એવું જાણવા મળ્યું છે કે 31 વર્ષીય ગુનાથિલકાની 2 નવેમ્બરના રોજ એક મહિલાના કથિત દુષ્કર્મની તપાસ બાદ રવિવારે વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી અને સિડની સિટી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

"ગુનાથિલકાની કથિત દુષ્કર્મના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. શ્રીલંકાની ટીમ તેના વિના ઓસ્ટ્રેલિયાથી દેશ પરત ફરી ગઈ છે," શ્રીલંકન ટીમની નજીકના સૂત્રોએ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું. શ્રીલંકાની



ટીમ રવિવારે ઈંગ્લેન્ડ સામે હારીને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હતી. ડાબોડી બેટ્સમેન ગુનાથિલકા હાલમાં ચાલી રહેલા T20 વર્લ્ડ કપના પ્રથમ રાઉન્ડની મેચમાં નામિબિયા સામે રમ્યો હતો અને શૂન્ય પર આઉટ થયો હતો. તે બાદ ટીમ સુપર 12 તબક્કા માટે ક્વોલિફાય થઈ હોવા છતાં પણ ઈજાને કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. લંકાની ટીમ ગ્રુપ 1માં ચોથા સ્થાને રહી હતી. ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે તેમની વેબસાઈટ પર આપેલી વિગતો અનુસાર, આ અઠવાડિયાની શરૂઆતમાં રોઝ બેમાં 29 વર્ષીય મહિલાનું તેના નિવાસ સ્થાને જાતીય શોષણ થયું હતું. "ચાલુ તપાસના ભાગ રૂપે, શનિવારે રોઝ બે ખાતેના એક સરનામે નિષ્ણાત પોલીસ દ્વારા ગુનાના દ્રશ્યની તપાસ હાથ ધરવામાં આવી હતી. વધુ પૂછપરછ બાદ, 31 વર્ષીય વ્યક્તિની સસેક્સ સ્ટ્રીટ, સિડની પરની એક હોટલમાંથી વહેલી સવારે 1 વાગ્યા પહેલા ધરપકડ કરવામાં આવી હતી. દરમ્યાનમાં શ્રીલંકા ક્રિકેટ બોર્ડે આ આરોપિત ખેલાડીને ક્રિકેટના તમામ ફોરમેટમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે.

# રોહિત 1 વર્ષમાં ટી-20માં સૌથી વધુ મેચ જીતનાર કપ્તાન બન્યો

ગુજરાત | વંદન

રોહિત શર્માએ આજે T20 ઈન્ટરનેશનલમાં ભારતના કેપ્ટન તરીકે 50મી મેચ હતી. ભારતે આ મેચ જીતતા જ રોહિતના નામે એક વર્લ્ડ રેકોર્ડ રજીસ્ટર થઈ ગયો છે. તે એક વર્ષમાં T20Iમાં સૌથી વધુ મેચ જીતનાર કેપ્ટન બન્યો છે. રોહિતે 2022માં ભારતને પોતાની કપ્તાનીમાં 22 T20 જીતાડી છે. અગાઉ આ રેકોર્ડ પાકિસ્તાનના બાબર આઝમના નામે હતો. બાબર હેઠળ પાકિસ્તાને 2021માં 21 T20 મુકાબલા જીત્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આજે ઝિમ્બાબ્વે સામેની મેચમાં રોહિતે મેલબોર્ન ખાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે સૂર્યકુમાર યાદવના 61* અને લોકેશ રાહુલના 51 રનની મદદથી 20 ઓવરમાં 5 વિકેટે 186 તન બનાવ્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વે 17.2 ઓવરમાં 115 રનમાં ઓલઆઉટ થયું હતું.



ઝિમ્બાબ્વે સામેની મેચ જીત્યા બાદ રોહિતે કહ્યું કે, આ એક સારું ઓલરાઉન્ડ પ્રદર્શન હતું. અમને આવા દેખાવની જ અપેક્ષા હતી. આ મેચ પહેલાં જ અમે સેમિફાઈનલ માટે ક્વોલિફાય કરી લીધું હતું. જો કે, એ જરૂરી હતું કે અમે સારું પ્રદર્શન કરીએ.

રોહિતે વધુમાં કહ્યું કે, ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં અમારા માટે મહત્ત્વનું એ છે કે અમે કેટલી ઝડપથી એડિલેડ ખાતેની પરિસ્થિતિથી એડજસ્ટ થઈએ છીએ. અમે ત્યાં એક ગેમ રમ્યા છીએ પરંતુ ઈંગ્લેન્ડ અમારા માટે સારો પડકાર હશે.

# સાનિયા મિર્ઝા-શોએબ મલિકના સંબંધોમાં તિરાડ

■ પાકિસ્તાની મીડિયામાં બન્નેના જુદા થવાની ચર્ચા; મલિક કોઈ યુવતીને ડેટ કરી રહ્યો છે...



ગુજરાત | વંદન

ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક વચ્ચેના સંબંધોમાં તિરાડ હોવાની ચર્ચા છે. પાકિસ્તાનના અહેવાલો આ હિસાબે બંને એકબીજાથી છૂટાછેડા લેવાનાં છે. આ અટકળોને સાનિયાની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટથી વેગ મળ્યો હતો. તેણે પોસ્ટમાં લખ્યું છે કે Where do broken hearts go. To find Allah ! એટલે કે તૂટેલું દિલ ક્યાં જાય છે, ખુદાને શોધવા માટે. સાનિયા અને શોએબના સંબંધોમાં તિરાડ પાછળનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. બંનેએ અત્યારસુધી આ મામલે મૌન સેવ્યું છે. ડેઈલી પાકિસ્તાન ન્યૂઝ વેબસાઈટ અનુસાર, શોએબ અન્ય કોઈ યુવતીને ડેટ કરી રહ્યો છે. હાલ બંને અલગ અલગ ઘરમાં રહે છે.

**શેડ્યુલ** આગામી સમયમાં આઈપીએલ અત્યાર કરતા ઘણી મોટી જોવા મળશે : IPL ચેરમેન

# IPLમાં રમાશે 94 મેચ ! બનશે વિશ્વની સૌથી મોટી લીગ, BCCIએ બનાવ્યો પ્લાન

ગુજરાત | વંદન

IPLના નવા અધ્યક્ષ અરૂણ ધૂમલે દાવો કર્યો છે કે, વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) આગામી પાંચ વર્ષમાં વિશ્વની સૌથી મોટી રમત લીગ બની જશે. તેમણ કહ્યું કે નવી યોજનાઓ સાથે આગળ વધવું એ સમયની જરૂરિયાત છે અને IPL વિશ્વની સૌથી મોટી સ્પોર્ટ્સ લીગ બની ન શકવાનું કોઈ કારણ નજરમાં આવ્યું નથી. ધૂમલે વધુમાં કહ્યું કે, આગામી સમયમાં આઈપીએલ અત્યાર કરતા ઘણી મોટી જોવા મળશે અને તે વિશ્વની નંબર વન સ્પોર્ટ્સ લીગ બની જશે. અમે IPLમાં નવી બાબતો જોડવાની યોજના બનાવી રહ્યા છીએ. જો આપણે આઈપીએલનો શેડ્યૂલ અગાઉથી જ તૈયાર કરી લઈએ તો દુનિયાભરના પ્રશંસકો શેડ્યૂલ મુજબ પોતાનો કાર્યક્રમ તૈયાર કરી શકે છે.

## હાલમાં IPL વિશ્વની બીજી સૌથી મોંઘી લીગ



BCCIએ 2023-2027 સીઝન માટે રેકોર્ડ રૂ. 48,390 કરોડમાં મીડિયા રાઈટ્સ વેચ્યા હતા. આ સાથે જ તે વિશ્વની બીજી સૌથી મોંઘી સ્પોર્ટ્સ લીગ બની હતી. હાલમાં વિશ્વની સૌથી મોંઘી સ્પોર્ટ્સ લીગ NFL છે.
IPL 2023થી 2027 માટે ટીવી રાઈટ્સ ડિઝની હોટસ્ટાર દ્વારા અને ડિજિટલ રાઈટ્સ રિલાયન્સ (વાયકૉમ)એ ખરીદ્યા છે. અરુણ ધૂમલે વધુમાં જણાવ્યું કે, IPLમાં માત્ર 10 ટીમો જ રમતી જોવા મળશે. ટીમોની સંખ્યા 10 જ રહેશે કારણ કે જો તેમની સંખ્યા વધારવામાં આવશે તો એકસાથે ટૂર્નામેન્ટનું આયોજન કરવું મુશ્કેલ બનશે. અમે પ્રથમ બે સિઝનમાં 74 મેચો અને પછી 84 મેચોનું આયોજન કરવા પર વિચાર કરી રહ્યા છીએ અને જો આમાં સફળ થયા બાદ પાંચમાં વર્ષ (2027)માં 94 મેચોનું આયોજન કરવામાં આવી શકે છે.

## ભારતીય ખેલાડીઓને આ પરવાનગી મળી ન હતી

સમગ્ર વિશ્વમાં T20 લીગનું આયોજન કરવામાં આવી રહ્યું છે પરંતુ ભારતીય ખેલાડીઓને તેમાં ભાગ લેવાની મંજૂરી નથી. જોકે ભારતીય મહિલા ખેલાડીને મહિલા ટી20 લીગમાં રમવાની પરવાનગી મળેલી છે. ધૂમલે જણાવ્યું કે, આ નિયમમાં BCCI તેના સ્ટેન્ડ પર કાયમ છે અને ભારતીય પુરુષ ટીમના ખેલાડીઓ વિદેશની લીગમાં ભાગ લઈ શકતા નથી. ધુમલે કહ્યું કે, આ નિર્ણય તેમના કલ્યાણ માટે લેવામાં આવ્યો છે અને અમે પણ BCCIના આ નિયમ પર કાયમ છીએ. બિન-કરાર આધારીત ખેલાડીઓ પણ ભારત માટે રમવા માટે ઉત્સુક છે.

### આગામી સિઝનમાં સંભવિત IPL મેચોની સંખ્યા

- IPL 2023- 74 મેચો
- IPL 2024- 74 મેચો
- IPL 2025- 84 મેચો
- IPL 2026- 84 મેચો
- IPL 2027- 94 મેચ*

### આવતા વર્ષે પ્રથમ મહિલા IPL રમાશે

પ્રથમ મહિલા IPL આવતા વર્ષે માર્ચમાં રમાશે, જેમાં પાંચ ટીમો ભાગ લેશે, પરંતુ ટીમોની હરાજી હજુ થઈ શકી નથી. ધૂમલે મહિલા આઈપીએલ વિશે જણાવ્યું કે, નવા પ્રશંસકો જોડાય તે રીતે અમે મહિલા આઈપીએલનું આયોજન કરી રહ્યા છીએ.

# કૂચ બિહાર ટ્રોફીમાં વેદ પટેલે ફટકારી ત્રેવડી સદી...!

■ ગુજરાતે મિઝોરમને હરાવ્યું

ગુજરાત | વંદન

ગુજરાતની ટીમે કૂચ બિહાર ટ્રોફીમાં જીત સાથે પ્રારંભ કર્યો. મિઝોરમના પ્રથમ ઈનિંગ્સમાં 26 રને ઓલઆઉટ થયા બાદ ગુજરાતે પ્રથમ ઈનિંગ્સમાં 4 વિકેટના ભોગે 540 રન કરી ઈનિંગ્સ ડિક્લેર કરી હતી. જેમાં વેદ પટેલે 37 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 300 રનની ઈનિંગ્સ રમી હતી. રુદ્ર પટેલે 112, અને ક્રિષ ગુપ્તાએ 106 રન કર્યા હતા. બીજી ઈનિંગ્સમાં મિઝોરમની ટીમ 62 રન જ કરી શકી હતી. ક્રિષ ગુપ્તા અને પ્રાંશુ બધેકાએ ૩-૩ વિકેટ ઝડપી હતી.

## ઋષિ સુનકે પીએમ તરીકે પોતાના દેશ બ્રિટનનું જ હિત જોવાનું છે, નહીં કે જે તેમનું મૂળ અને કૂળ છે..

# ભારતીય મૂળના લોકોએ 10 દેશોમાં 31 વખત વડાપ્રધાન-રાષ્ટ્રપતિ તરીકે સત્તા સંભાળી...!

**કેટલાક દેશોમાં ભારતીય લોકો શક્તિમાં ટોચ પર હોવા છતાં તે દેશો સાથે આપણા સંબંધો સારા નથી, જેમ કે કેનેડા**

ગુજરાત | વંદન

ઋષિ સુનક બ્રિટનના વડાપ્રધાન બનતા સમગ્ર વિશ્વના ભારતીયોમાં આનંદની લાગણી સર્જાય તે સ્વાભાવિક છે. પરંતુ સૌ ભારતવાસીઓએ ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે વડાપ્રધાન તરીકે તેમણે પોતાના દેશ બ્રિટનના હિત માટે જ કામ કરવાનું છે, નહીં કે જે તેમનું મૂળ અને કૂળ છે એ ભારત ના હિત માટે. બીજું, બ્રિટનના આર્થિક સંકટને કારણે અને તેમની યોગ્યતાને કારણે તેમને સમર્થન મળ્યું છે. જો તેઓ દેશને આર્થિક કટોકટીમાંથી મુક્ત નહીં કરે તો તેઓ પણ લિઝ ટ્રસ અને બોરિસ જોનસન જેવી જ પરિસ્થિતિમાં આવી શકે છે.... તેથી ભારતીયોએ વધારે ઉત્સાહિત થવાની જરૂર નથી.

ભારત સાથે કનેક્ટિવિટી છે પરંતુ તેની સાથે અન્ય ઘણા પાસાઓ છે, જે દૂરગામી દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઋષિ સુનકનો ભારત સાથે સંબંધ છે. તેઓ ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ છે, તેથી તેઓ ભારતની મુલાકાત લેતા રહે છે.

તે બધા તહેવારો આજે પણ તેમના ઘરે ઉજવવામાં આવે છે, જે સામાન્ય ભારતીયો દ્વારા ઉજવવામાં આવે છે. તે મંદિરોમાં દેવી-દેવતાઓ સમક્ષ નમાજ પઢવામાં અને માથું નમાવવામાં અચકાતા નથી. તેઓ છેલ્લે બ્રિટનના એક મંદિરમાં જોવા મળ્યા હતા, જ્યાં તેમણે જન્માષ્ટમીના દિવસે તેમની પત્ની અક્ષતા સાથે ભગવાન કૃષ્ણની પૂજા કરી હતી.

આપણા ઋષિમુનિઓ કે જેઓ ભારત અને ભારતીયતાને ઊંડાણથી સમજતા હતા તેઓ એક રાષ્ટ્ર તરીકે તેની ટોચ પર પહોંચવાની અને ભારતીય સંસ્કૃતિ, ધર્મ, આધ્યાત્મિકતાના આધારે વિશ્વને માર્ગ બતાવવામાં સક્ષમ બનવાની ઈચ્છા ધરાવતા હતા. આમ વિચારીએ તો ઋષિ સુનકના બ્રિટિશ વડાપ્રધાન બનવાનું મહત્વ સમજાય છે. જો તમે વિશ્વભરમાં નજર નાખો, તો સ્પષ્ટ થાય છે કે આ દૃષ્ટિકોણથી ભારત કરતાં વધુ શક્તિશાળી અને ભાગ્યશાળી રાષ્ટ્ર કોઈ હોઈ શકે નહીં.

એક અંદાજ પ્રમાણે, ભારતીય મૂળના લગભગ 313 રાજકારણીઓ વિશ્વના 25 દેશોમાં કોઈને કોઈ હોદ્દા પર છે. જેમાં અમેરિકા જેવા શક્તિશાળી દેશનો પણ સમાવેશ થાય છે...

ભારતીય મૂળના લોકોએ 10 દેશોમાં 31 વખત વડાપ્રધાન અથવા રાષ્ટ્રપતિ તરીકે સત્તા સંભાળી છે. પડોશી દેશ મોરેશિયસે 10 વખત, સુરીનામ 5, ગુયાના 4, સિંગાપોર, ત્રિનિદાદ અને



ટોબેગો 3 વખત, પોર્ટુગલ 2, ફિજી, આયર્લેન્ડ અને સેશેલ્સ 1-1 વખત સેવા આપી છે. કેનેડામાં 19 અગ્રણી નેતાઓ છે જેઓ ભારતીય મૂળના છે. તેમાંથી 8 સરકારમાં સામેલ છે. જેઓ મોટા ભાગે શીખ સમુદાયના છે.

ભારતે થોડા સમય માટે તેની શક્તિને ઓળખી લીધી. નરસિમ્હા રાવ સરકારના કાર્યકાળ દરમિયાન, તેઓ બિન-નિવાસી ભારતીય તરીકે ઓળખાતા હતા, જ્યારે અટલ બિહારી વાજપેયી સરકારે તેમને પ્રવાસી ભારતીય નામ આપ્યું હતું. પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે વિશ્વભરમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કર્યા અને ભારત સાથે જોડાવાનો પ્રયાસ કર્યો, તે પહેલાં બન્યું ન હતું. તેઓ તેમના પ્રથમ કાર્યકાળમાં જ્યાં પણ ગયા ત્યાં તેમણે ભારતીય મૂળનો અસરકારક કાર્યક્રમ રાખ્યો. મોદીએ પ્રાચીન ભારત સાથે અન્ય ઘણા દેશોના નેતાઓ અને રાજવંશો સાથે સંબંધો સ્થાપિત કર્યા. તે ભાવનાઓના આધારે ભારતના પ્રભાવને વિસ્તારવા માટેનો આધાર બની રહ્યો છે. આના અન્ય મહત્વપૂર્ણ પાસાઓ છે.

ભારતીય લોકો જ્યાં પણ છે, તેમણે પોતાની સંસ્કૃતિને કોઈને કોઈ સ્વરૂપે જીવંત રાખી છે અને ત્યાં ધાર્મિક-સાંસ્કૃતિક-સામાજિક તહેવારો ઉજવાય છે.

જો કે, ભારતીય ડાયસ્પોરાનો એક વર્ગ ભારતના એક વર્ગની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને આરએસએસનો વિરોધ કરે છે. કેટલાક દેશોમાં ભારતીય લોકોની શક્તિમાં ટોચ પર હોવા છતાં તે દેશો સાથે આપણા સંબંધો સારા નથી. કેનેડા આનું એક ઉદાહરણ છે, જ્યાં નેતાઓએ ત્યાંના શીખોના એક વર્ગમાં ખાલિસ્તાનની લાગણીઓ જગાડી છે.

આ બધું હોવા છતાં, જે રીતે સમગ્ર વિશ્વમાં ભારતીય નેતાઓ અને સામાન્ય ભારતીયોએ તેમની સંસ્કૃતિ પ્રત્યેની સંકોચની ભાવના ગુમાવી દીધી છે, તેની ઊંડી અસર પડી રહી છે. ભારતે આને સમજવું જોઈએ અને પોતાની તાકાત બનાવવા માટે સારી રીતે વિચારીને નીતિ બનાવવી જોઈએ. તેના બે પાસાં હશે - એક તાત્કાલિક અને બીજું દૂરગામી. સ્વાભાવિક છે કે આ બંનેને ધ્યાનમાં રાખીને આપણે આગળ વધવું પડશે. આવી સંસ્થાઓ અને સંરચનાઓ વિકસાવવી પડશે, જે આ દિશામાં ટકાઉ રીતે કાર્ય કરે.તે જ સમયે, આપણે તમામ પ્રકારના ભારતીય ડાયસ્પોરાને એ રીતે જોડવા જોઈએ કે તે દેશમાં પણ તેમના માટે સમસ્યાઓ ઊભી ન થાય. વર્તમાન આંતરરાષ્ટ્રીય માળખામાં ભારત માટે આ એક મોટી શક્તિ હશે. તેમને દૂરગામી દૃષ્ટિકોણથી વૈચારિક સ્વરૂપ આપવું પડશે. આમાં કોઈ મુશ્કેલી નથી કારણ કે ભારતીય ધર્મ અને સંસ્કૃતિની તમામ શાખાઓ સમગ્ર બ્રહ્માંડના તમામ ચલોના કલ્યાણનો માર્ગ બતાવે છે. યાદ રાખો, કોઈને બદલવાનો માર્ગ તેને હરાવવા માટે નહીં, પરંતુ તેનું હૃદય બદલવા માટે નક્કી કરવામાં આવે છે. તમામ દેવી-દેવતાઓની પૂજા પાછળનો મૂળ વિચાર એ છે કે બધા ભગવાનનું સ્વરૂપ છે, તેથી કોઈ પણ આપણું દુશ્મન નથી.

## કોરોનાની રસીના 5 કરોડ ડોઝ પડી રહ્યાં છે, નથી કોઇ ખરીદનાર

- 2023ના વર્ષના પ્રારંભમાં એક્સપાયરી ડેટ, આ ડોઝ વેડફાઈ જાય તેવી સ્થિતિ




ગુજરાત | વંદન

એક સમય હતો જ્યારે કોરોનાની રસી માટે દુનિયાભરમાં પડાપડી હતી. પણ અત્યારે એવી સ્થિતિ નિર્માણ પામી છે. કે કોરોનાની રસીના કરોડો ડોઝ પડ્યા છે અને તેને ખરીદરનારો કોઈ નથી. જેના કારણ કરોડો ડોઝ વેડફાઈ જાય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. કોરોનાની રસી બનાવતી ભારત બાયોટેક કંપની પાસે કોરાના વેક્સીનના પાંચ કરોડ ડોઝ પડી રહ્યા છે અને 2023ના વર્ષના પ્રારંભમાં તેની એક્સપાયરી ડેટ આવી જશે. તે જોતા આ ડોઝ વેડફાઈ જાય તેવી સ્થિતિ છે. એક સમય એવો હતો કે કોરોનાની રસી માટે પડાપડી હતી. દુનિયાના ઘણા દેશો કોરોનાની રસી માટે ભારત પાસે હાથ લંબાવતા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે બોટલમાં જે રસીના ડોઝ કંપની પાસે છે તેનો ઉપયોગ કરવાની સમય મર્યાદા 2023ના પ્રારંભમાં ખતમ થઈ જવાની છે. જોકે આ ડોઝ બેકાર થઈ જાય તો કંપનીને કેટલુ નુકસાન થશે તેની જાણકારી મળી નથી.

કોરોનાનુ જોર હવે ઘટી ગયુ છે ત્યારે કોરોનાની રસીને જાણે લોકો ભુલી ગયા છે. કોરોનાની રસી બનાવતી ભારત બાયોટેક કંપની પાસે કોરાના વેક્સીનના પાંચ કરોડ ડોઝ પડી રહ્યા છે અને 2023ના વર્ષના પ્રારંભમાં તેની એક્સપાયરી ડેટ આવી જશે. આ ડોઝ વેડફાઈ જાય તેવી સ્થિતિ છે.

કારણ કે, ઓછી માંગના કારણે તેને ખરીદવા વાળુ કોઈ નથી. ભારત બાયોટેકે આ વર્ષના પ્રારંભમાં કોવેક્સીનનુ ઉત્પાદન રોકી દીધુ હતુ. જોકે 2021ના અંત સુધીમાં કંપનીએ આ રસીને એક અબજ ડોઝ બનાવ્યા હતા.

## ક્રિકેટ સટ્ટાબાજો પર ITની મોટી કાર્યવાહી, 100 કરોડથી વધુના કાળા નાણાનો ખુલાસો

- પાંચ દિવસ સુધી ચાલી હતી આઈટી વિભાગની કાર્યવાહી



ગુજરાત | વંદન

રાજસ્થાનમાં આવકવેરા વિભાગે ક્રિકેટના સટ્ટાબાજો સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરીને તેમની કરોડો રૂપિયાની અઘોષિત સંપત્તિનો ખુલાસો કર્યો છે. IT વિભાગે બિકાનેર અને જોધપુરમાં આ કાર્યવાહી કરી છે. આવકવેરા વિભાગે ક્રિકેટ સટ્ટા સાથે સંબંધિત ઘણા જૂથો પર દરોડા પાડીને ગભરાટ ફેલાવ્યો હતો.

આ કાર્યવાહીમાં મોટી માત્રામાં કાળું નાણું બહાર આવ્યું છે. આવકવેરા વિભાગ દ્વારા પાંચ દિવસની કાર્યવાહીમાં, ક્રિકેટ સટ્ટાબાજીના જૂથો પાસેથી 100 કરોડ રૂપિયાથી વધુની અઘોષિત સંપત્તિના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આવકવેરા વિભાગે ક્રિકેટ સટ્ટાબાજીમાં સંડોવાયેલા લોકોની રૂ. 70 કરોડની અઘોષિત આવક સ્વીકારી છે. આ દરોડામાં આવકવેરા વિભાગને 15થી વધુ અઘોષિત લોકર મળી આવ્યા છે. તેમાં ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો સાથે રોકડ અને ઝવેરાત બહાર આવવાની ધારણા છે. બિકાનેર, નોખા અને જોધપુરમાં કરવામાં આવેલી આ કાર્યવાહીમાં રૂ.1.25 કરોડની રોકડ જપ્ત કરવામાં આવી છે.

## ઈસરો ફરીથી મંગળની તપાસ કરશે, ચંદ્રની ડાર્ક સાઈડની માહિતી મેળવશે

ગુજરાત | વંદન


Photo - ANI

ચંદ્ર અને મંગળ પર મિશન પછી ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ની નજર હવે શુક્ર ગ્રહ પર છે. આ સાથે જ જાપાનની મદદથી ચંદ્રની ડાર્ક સાઈડની માહિતી એકત્ર કરવાની યોજના બનાવવામાં આવી છે. દેહરાદૂનમાં આયોજિત આકાશ તત્ત્વ સંમેલનમાં આજે ઈસરોના ભવિષ્યના પ્રોજેક્ટની માહિતી આપતા અમદાવાદ સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડાયરેક્ટર અનિલ ભારદ્વાજે જણાવ્યું હતું કે સ્પેસ એજન્સીએ મંગળ ગ્રહની પણ તપાસ કરવાની યોજના બનાવી છે.

અનિલ ભારદ્વાજે જણાવ્યું હતું કે તે ચંદ્રના સ્થાયી શેડો (છાયા) ક્ષેત્રની માહિતી મેળવવા માટે ચંદ્ર રોવર મોકલવા માટે જાપાની એરોસ્પેસ અક્સપ્લોરેશન એજન્સી (જેએક્સએ)ની સાથે વાતચીત કરી રહ્યું છે.

પ્રાથમિક યોજનાઓ અનુસાર ઈસરો નિર્મિત એક ચંદ્ર લેન્ડર અને રોવરને ચંદ્રના દક્ષિણ ધ્રુવની પાસે નિયોજિત લેન્ડિંગ સાથે એક જાપાની રોકેટ દ્વારા કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. ભારદ્વાજે જણાવ્યું હતું કે રોવર ફરીથી ચંદ્રના સ્થાયી છાયા ક્ષેત્રની યાત્રા કરશે જ્યાં ક્યારેય પણ સૂર્યનો પ્રકાશ દેખાતો નથી.

## વિશ્વની સૌથી ઉંચી મહિલા રુમેસા ગેલ્ગીએ જીવનમાં પ્રથમ વખત વિમાનમાં ઉડાન ભરી

- એરલાઈન્સે તેના માટે ઈકોનોમી ક્લાસની 6 સીટો દૂર કરી

ગુજરાત | વંદન



વિશ્વની સૌથી ઉંચી મહિલા રુમેસા ગેલ્ગીએ તેમના જીવનમાં પ્રથમ વખત વિમાનમાં ઉડાન ભરી. તેથી, તેમની લંબાઈને ધ્યાનમાં રાખીને, ટર્કિશ એરલાઈન્સે તેના ઈકોનોમી ક્લાસમાંથી 6 સીટો દૂર કરવી પડી. 7 ફૂટ ઉંચી રુમેસા ગેલ્ગીનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ છે. તેણે ફ્લાઈટમાં 13 કલાક સુધી મુસાફરી કરી. તે તુર્કીના ઈસ્તાંબુલથી અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો માટે ઉડાન ભરી હતી.

એરલાઈને પ્લેનમાં છ સીટોને સ્ટ્રેચરમાં ફેરવી હતી. 25 વર્ષીય રુમેસા ગેલ્ગી સામાન્ય રીતે તેની વ્હીલચેરનો ઉપયોગ કરે છે. હકીકતમાં, તેને વીવર સિન્ડ્રોમ છે, જે એક દુર્લભ આનુવંશિક વિકાર છે. આ કારણે તેમનું શરીર ઝડપથી વધે છે. ગેલ્ગીએ સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી અને તેમાં તેને તેની સફર વિશે લખ્યું, 'શરૂઆતથી અંત સુધીની સફર સારી રહી છે. આ મારી પહેલી પ્લેન ટ્રીપ હતી. પરંતુ તે ચોક્કસપણે મારી છેલ્લી નહીં હોય... મારી યાત્રાનો ભાગ બનેલા દરેકનો હૃદયપૂર્વક આભાર.'

ગેલ્ગી, જે સોફ્ટવેર ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. તેને કહ્યું કે પોતાની કારકિર્દીને આગળ ધપાવવા અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સાથે સહયોગ કરવા માટે ઓછામાં ઓછા છ મહિના માટે યુએસમાં રહેશે. 2014 માં વિશ્વની સૌથી ઉંચી મહિલા તરીકે ઓળખાતા પહેલા, ગેલ્ગીએ 2014 થી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ રાખ્યો હતો, જ્યારે તે સૌથી ઉંચી કિશોરી બની હતી. તેણે જીવતી સ્ત્રી પર સૌથી લાંબી આંગળી, જીવતી સ્ત્રી પર સૌથી લાંબો હાથ અને જીવતી સ્ત્રી પર સૌથી લાંબી પીઠ રાખવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પણ તોડ્યો છે.

## ઈતિહાસના પાનામાંથી...

**10 નવેમ્બરની મહત્વની ઘટનાઓ..**

1885 ગોટલીએબ ડેમલેરે વિશ્વની પ્રથમ મોટરસાઈકલ રજૂ કરી.
1950 અમેરિકન લેખક વિલિયમ ફોકનરને સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર.
1970 ફ્રાન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ચાર્લ્સ ડી ગૌલનું અવસાન.
1983 બિલ ગેટ્સે વિન્ડોઝ 1.0 રજૂ કર્યું.
1989 જર્મનીમાં બર્લિનની દિવાલ તોડી પાડવાની શરૂઆત થઈ.
1994 પોલીસે શ્રીયંત્ર (શ્રીનગર) ટાપુ પર પહોંચીને તબાહી મચાવી.
1995 ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં કોમનવેલ્થ સમિટ શરૂ થઈ.
1997 ચીન-રશિયા દ્વારા સરહદ વિવાદનો અંત.
2000 ગંગા-મેકોંગ લિંક પ્રોજેક્ટનું કામ શરૂ થયું.
2001 વાજપેયીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કર્યું.
2002 ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડ સામે પ્રથમ એશિઝ ટેસ્ટ જીતી.
2004 ઝેંગઝોઉને ચીનનું આઠમું સૌથી જૂનું શહેર જાહેર કરવામાં આવ્યું.
2005 જોર્ડનની 3 હોટલોમાં થયેલા વિસ્ફોટોમાં 57ના મોત
2006 તમિલ રાજકારણી નાદરાજાહ રવિરાજની કોલંબોમાં હત્યા
2007 ભારતીય ડોકટરોને યુરોપના ડોકટરોની સમાન સારવાર કરવાની મંજૂરી મળી
2008 ભારતે ઓસ્ટ્રેલિયાને 2-0થી હરાવી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી

**10 નવેમ્બરે જન્મેલા લોકો**

1483 માર્ટિન લ્યુથર - ખ્રિસ્તી ધર્મમાં નવા પ્રવાહની શરૂઆત.
1909 જોની માર્ક્સ - અમેરિકન સંગીતકાર અને ગીતકાર.
1848 સુરેન્દ્રનાથ બેનરજી, કોંગ્રેસના સ્થાપકોમાંના એક
1920 દત્તોપંત ઠેંગડી ભારતીય મઝદૂર સંઘના સ્થાપક

**10 નવેમ્બરના રોજ અવસાન થયું..**

1240 ઈબને અરબી - પ્રખ્યાત સૂફી કવિ, અરબીના શોધક
1908 કનૈલાલ દત્ત -આઝાદી માટે ફાંસી પર લટકનાર શહીદોમાંના એક.
2013 વિજયદાન દેથા, રાજસ્થાની ભાષાના પ્રખ્યાત સાહિત્યકાર
1931 ગંગાપ્રસાદ અગ્નિહોત્રી - હિન્દી ભાષાના પ્રખ્યાત સાહિત્યકાર
1995 ફઝલ તાબીશ - ભોપાલના પ્રખ્યાત કવિ

10મી નવેમ્બરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ
- પરિવહન દિવસ

## કોલગેટ કંપનીની સ્થાપના કાંઈ ટુથપેસ્ટ નહીં પણ મીણબતી માટે થઈ હતી..

# નોકિયા એક સમયે વેચતી હતી ટોયલેટ પેપર, અને સોની પ્રેશર કૂકર!

ગુજરાત | વંદન







**ટોયોટાની સ્થાપના લાકડાના રમકડાં બનાવવા માટે કરવામાં આવી હતી....આજે મોંઘી કાર બનાવે છે..**

જો આજે કોઈ તમને કહે કે કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સ બનાવતી ફેમસ કંપની નોકિયાની સ્થાપના ટોઈલેટ પેપર બનાવવા માટે થઈ હતી, તો તમે કદાચ તેના પર વિશ્વાસ નહીં કરો. પરંતુ, આ સત્ય છે. એટલું જ નહીં, પ્રખ્યાત ટૂથપેસ્ટ ઉત્પાદક કોલગેટની સ્થાપના પણ ટૂથપેસ્ટ નહીં પણ મીણબત્તીઓ બનાવવા માટે કરવામાં આવી હતી. એ જ રીતે, સોનીએ પણ ઈલેક્ટ્રિક રાઈસ કૂકર બનાવવાનું શરૂ કર્યું હતું.


એક રિપોર્ટ અનુસાર મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ ટ્વિટર પર એક યાદી શેર કરી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે આજની ઘણી પ્રખ્યાત કંપનીઓની પ્રથમ પ્રોડક્ટ શું છે... મહિન્દ્રાની આ ટ્વીટને ઘણી લાઈક્સ અને શેર્સ મળ્યા છે. એક યુઝરે તો આનંદ મહિન્દ્રાને પૂછ્યું કે મહિન્દ્રા ગ્રુપ શું બનાવવા માટે શરૂ થયું હતું....

પ્રથમ ઉત્પાદનોની યાદી શેર કરતાં આનંદ મહિન્દ્રાએ લખ્યું, "આ એક ખૂબ જ આકર્ષક યાદી છે જે દર્શાવે છે કે જ્યારે તકો ઊભી થાય ત્યારે ઉદ્યોગસાહસિકો કેટલા લવચીક હોય છે." સાથે આનંદ મહિન્દ્રાએ લખ્યું કે આ યાદી આપણને એક મહત્વપૂર્ણ પાઠ પણ આપે છે કે પરિવર્તનથી ડરશો નહીં. તમે મૂળ રૂપે જે કરવાનું શરૂ કર્યું તેના માટે તમારે સમર્પિત થવાની જરૂર નથી. વિકાસ એ જીવન છે!"

આનંદ મહિન્દ્રા દ્વારા શેર કરવામાં આવેલી યાદીમાંથી ખૂબ જ રસપ્રદ માહિતી બહાર આવી છે કે આ જગ વિખ્યાત ટોયોટા કરતી હતી. જાણીને નવાઈ લાગશે કે દુનિયાની સૌથી મોટી ઓટોમોબાઈલ કંપની ટોયોટા શરૂઆતમાં ઓટોમેટિક લૂમ્સ બનાવતી હતી. લેગો, એક મોટી કંપની જે પ્લાસ્ટિક બિલ્ડિંગ બ્લોક્સ બનાવે છે, તેની સ્થાપના લાકડાના રમકડાં બનાવવા માટે કરવામાં આવી હતી. સેમસંગ કંપની શરૂઆતમાં ફળો અને શાકભાજીનો ધંધો કરતી હતી, જ્યારે ડ્યુપોટ ગન પાવડરના ધંધામાં રોકાયેલી હતી.દરમ્યાનમાં, નોકિયાએ હાલમાં જ ભારતમાં પોતાનો ફોલ્ડેબલ નોકિયા 2780 ફ્લિપ ફોન લોન્ચ કર્યો છે. નવા ફોનમાં FM રેડિયો સપોર્ટ, સરસ ક્લેમશેલ ડિઝાઈન અને T9 કીબોર્ડ છે. આ ફોન KaiOS 3.1 પર ચાલે છે. નોકિયા 2780 ફ્લિપનો લુક નોકિયા 2760 ફ્લિપ જેવો જ છે, જેને કંપનીએ આ વર્ષે માર્ચમાં લોન્ચ કર્યો હતો.નોકિયા 2780 ફ્લિપ ફોન સૌથી પહેલા યુએસમાં ઉપલબ્ધ થશે.

કંપનીએ ફોનને રેડ અને બ્લૂ રંગમાં રજૂ કર્યો છે. ફોનની કિંમત $90 (લગભગ 7,450 રૂપિયા) છે અને તેનું વેચાણ 15 નવેમ્બરથી શરૂ થશે. કંપનીએ હજુ ભારતમાં તેની ઉપલબ્ધતાની જાહેરાત કરી નથી. જોકે, એવી ધારણા છે કે ભારતમાં તેની કિંમત 5,000 રૂપિયાથી ઓછી હોઈ શકે છે.નોકિયા 2780 ફ્લિપની વિશિષ્ટતાઓ: એક રિપોર્ટ અનુસાર, નોકિયા 2780 ફ્લિપ ફોનમાં ક્વાલકોમ 215 ચિપસેટ, 1.3 ગીગાહર્ટ્ઝ પર ચાલતું ક્વાડ-કોર CPU અને 150 Mbpsની પીક ડાઉનલિંક સ્પીડ સાથે X5 LTE મોડેમ મળશે. ફોનમાં 1,450 mAh બેટરી છે, જેને દૂર પણ કરી શકાય છે. અગાઉ, કંપનીએ નોકિયા 2660 ફ્લિપ ફોન લોન્ચ કર્યો હતો જે મોટા ડિસ્પ્લે, મોટા બટન્સ, શ્રવણ સહાય સુસંગતતા અને ઈમરજન્સી બટન જેવી સિગ્નેચર સુવિધાઓ સાથે આવે છે. નોકિયા 2660 ફ્લિપ, જેની કિંમત 4,699 રૂપિયા છે, તે બ્લુ અને રેડ કલરમાં ઉપલબ્ધ છે.

# દુર્લભ બીમારી સામે ઝઝૂમી રહ્યો છે વરુણ, વધુ પ્રેશરના કારણે થયા આવા હાલ...



## 25 નવેમ્બરે રીલિઝ થઇ રહી છે ભેડિયા

‘ભેડિયા’ની વાત કરીએ તો, તે અમર કૌશિક દ્વારા ડાયરેક્ટેડ ફિલ્મ છે, જેનું પ્રોડક્શન દિનેશ વિજન દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં કૃતિ સેનન, દીપક ડોબરિયાલ અને અભિષેક બેનર્જી પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ 25 નવેમ્બરે થિયેટરોમાં રિલીઝ થશે.

વરુણ ધવન આ દિવસોમાં પોતાની ફિલ્મ ‘ભેડિયા’ના પ્રમોશનમાં બિઝી છે. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં વરુણે પોતાની મેડિકલ કંડીશનને લઈને મોટો ખુલાસો કર્યો છે. તેમના કહેવા પ્રમાણે, તેઓ વેસ્ટિબુલર હાઈપોફંક્શન નામની દુર્લભ બીમારી સામે લડી રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, કોરોના મહામારી પછી પોતાના પર વધુ પડતુ પ્રેશર આપવાને કારણે આ હાલત થઈ છે. વરુણે કહ્યું કે તેણે તેની છેલ્લી ફિલ્મ ‘જુગ જુગ જિયો’ના શૂટિંગમાં પોતાની જાતને હદથી વધારે બિઝી રાખી હતી. જેના પરિણામો આજે તે ભોગવી રહ્યો છે.

વરુણે કહ્યું, “જે ક્ષણે આપણે દરવાજો ખોલીએ છીએ, શું તમને નથી લાગતું કે આપણે ફરીથી એ જ ઉંદર-બિલાડીની રેસમાં લાગી જઈએ છીએ? અહીં કેટલા લોકો છે જેઓ કહી શકે છે કે તેઓ (મહામારી પછી) બદલાઈ ગયા છે? મે લોકોને તનતોડ મહેનત કરતાં જોયા છે. મે પોતે અમારી ફિલ્મ ‘જુગ જુગ જિયો’ માટે વધુ મહેનત કરવાની શરૂઆત કરી હતી. એવું લાગતું હતું કે જાણે અમે કોઇ ઈલેક્શન ચલાવી રહ્યાં છીએ. હું નથી જાણતો કે શા માટે? પરંતુ મેં મારી જાત પર ખૂબ દબાણ કર્યું હતું.”

વરુણે આગળ કહ્યું, “તાજેતરમાં મેં મારી જાતને રોકી લીધી છે. મને ખબર નથી કે મારી સાથે શું થયું. હું વેસ્ટિબુલર હાયપોફંક્શનથી ઝઝૂમી રહ્યો છું, જેના કારણે તમે સામાન્ય રીતે તમારુ બેલેન્સ ગુમાવી દો છો. પરંતુ મેં મારી જાતને ખરાબ રીતે ઝોકીં દીધી છે. આપણે ફક્ત આ રેસમાં દોડી રહ્યા છીએ. કોઈ નથી પૂછતુ કે શા માટે? મને લાગે છે કે આપણે અહીં એક મોટા કારણ માટે છીએ. હું મારી જાતને શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું અને આશા રાખું છું કે લોકો પોતાની જાતને શોધી કાઢે.”



# ઉર્વશી રૌતેલાને સાઉથની મોટા બજેટની ફિલ્મમાં કામ કરવાની મળી તક, બનશે આઈટમ ક્વીન

ઉર્વશી રૌતેલા આજકાલ ઘણા કારણોસર ચર્ચામાં છે, ખાસ કરીને તેની સોશિયલ મીડિયા પોસ્ટ્સથી તે ચાહકોનું ધ્યાન ખેંચી રહી છે. ઉર્વશી માટે એક પછી એક અફવાઓ અને વિવાદો આકાર લઈ રહ્યં છે. પરંતુ તે હંમેશા આકર્ષક રીતે પોતાને રજુ કરે છે. જો કે, અહીં અમે તમને તેના પ્રોફેશનલ કરીયર બાબતે અપડેટ આપી રહ્યા છીએ.

અભિનેત્રીને સાઉથની ફિલ્મમાં કામ કરવાની તક મળી હોવાનું ચર્ચાય રહ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, ઉર્વશીની સાઉથના ડિરેક્ટર બોબી કોલીની આગામી એક્શન એન્ટરટેઈનર ‘વોલ્ટર વીરૈયા’ માં ખાસ ઝલક જોવા મળશે.

‘વોલ્ટર વીરૈયા’માં મેગાસ્ટાર ચિરંજીવી અને રવિ તેજા મુખ્ય ભૂમિકામાં છે જ્યારે બોલિવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાને ફિલ્મના ખાસ ગીત માટે પસંદ કરવામાં આવી છે. આ ગીત ઉર્વસી અને ચિરંજીવી સાથે શૂટ કરવામાં આવશે. ફિલ્મના ખાસ ગીતના શૂટિંગ માટે મોટો સેટ બનાવવાનું આયોજન છે. રોકસ્ટાર દેવી શ્રી પ્રસાદે ફૂટ-ટેપીંગ આઈટમ નંબર કંપોઝ કર્યું છે. ટોચના કોરિયોગ્રાફર શેખર માસ્ટરે આ ધમાકેદાર ગીતની કોરિયોગ્રાફી કરી છે. આ ફિલ્મમાં શ્રુતિ હાસન મુખ્ય અભિનેત્રી છે અહીં ઉલ્લેખનિય છે કે, વોલ્ટર વીરૈયાની લીડ એક્ટ્રેસ શ્રુતિ હાસન છે. જે ચિરંજીવીની સામે જોવા મળશે. જ્યારે ઉર્વશી માત્ર એક ગીતમાં જ જોવા મળશે. આ પહેલા તે તમિલ ફિલ્મ ધ લિજેન્ડમાં જોવા મળી હતી. જેને ખૂબ જ પ્રમોટ કરવામાં આવી હતી.


# જાન્હવી કપૂરે મુંબઈના બાન્દ્રામાં રૂ.65 કરોડમાં ખરીદ્યુ ડુપ્લેક્સ

યુવા અભિનેત્રી જાન્હવી કપૂરે મુંબઈના બાન્દ્રા વિસ્તારમાં ૬૫ કરોડનું ડુપ્લેક્સ ખરીદ્યું છે. જાન્હવીએ બહૂ ટૂંક સમયમાં જ રિયલ એસ્ટેટમાં આ મોટો સોદો કર્યો છે. તેણે હજુ ગયા માર્ચ મહિનામાં જ પોતાનો જૂહુનો ફ્લેટ રાજ કુમાર રાવને ૪૪ કરોડમાં વેચ્યો હતો.

બાન્દ્રાના પાલી હિલમાં યુનિયન પાર્ક રોડ પર આવેલી બિલ્ડિંગમાં પહેલા અને બીજા માળે આવેલા ડુપ્લેક્સ ફ્લેટની ખરીદી જાન્હવીએ કરી છે. તેની સાથે સહમાલિકો તરીકે પિતા બોની કપૂર અને બહેન ખુશીનાં નામ પણ દર્શાવાયાં છે. હજુ ગત ઓક્ટોબર માસમાં જ આ ડિલ ફાઈનલ થઈ છે.

આ ડુપ્લેક્સનો કાર્પેટ એરિયા ૬૪૨૧ ચોરસ ફૂટ છે જ્યારે સુપરબિલ્ટ અપ ૮૬૬૯ ચોરસ ફૂટ છે. એપાર્ટમેન્ટના ઓપન ગાર્ડન એરિયા તથા સ્વિમિગ પૂલ જેવી સુવિધાઓ પણ જાન્હવીના પરિવારને મળશે. આ ઉપરાંત તેને પાંચ કારનું પાર્કિંગ પણ ફાળવાયું છે.

૧.૦૧ લાખ રુપિયા ચોરસફૂટના ભાવે ખરીદાયેલાં આ ડુપ્લેક્સ માટે ૩,૯૦ કરોડની સ્ટેમ્પ ડયૂટી ચૂકવવામાં આવી છે. જાન્હવીએ અગાઉ ડિસેમ્બર ૨૦૨૦માં જૂહુમાં આર્ય નામની બિલ્ડિંગમાં ૩૯ કરોડમાં ટ્રિપ્લેક્સ ફ્લેટ ખરીદ્યો હતો. માત્ર દોઢ જ વર્ષમાં તેણે પાંચ કરોડના નફા સાથે આ ફ્લેટ રાજકુમાર રાવ તથા પત્રલેખાને વેચી દીધો હતો.



# રેર બીમારીથી પીડિત સામંથાના એક્સ હસબન્ડ ચૈતન્યએ ફોન પર પૂછ્યા ખબર -અંતર

રેર બીમારી માયોસાઈટિસની સારવાર રહી રહેલી સાઉથની પોપ્યુલર હિરોઈન સામંથા રુથ પ્રભુને સમગ્ર સાઉથના ફિલ્મ ઉદ્યોગ તરફથી ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છાઓ મળી રહી છે. તેની ખબર પૂછી રહેલાઓમાં હવે એક્સ હસબન્ડ નાગા ચૈતન્યનો પણ ઉમેરો થયો છે. સામંથા અને નાગા સાઉથના સૌથી સુપરહોટ કપલમાંથી એક મનાતાં હતાં. જોકે, ચાર જ વર્ષના લગ્ન જીવન પછી ૨૦૨૧માં તેમણે છૂટાછેડા લઈ લેતાં સાઉથના ફિલમ ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. આ છૂટાછેડા પછી સામંથાએ વ્યક્તિગત રીતે પોતાને જાતને સંભાળી છે અને કેરિયર આગળ વધારી છે. હવે તે માત્ર સાઉથ જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં કરોડો ચાહકો ધરાવે છે. નાગા ચૈતન્યએ ફોન પર એક્સ વાઈફના ખબરઅંતર પૂછ્યા હતા. સાઉથના વર્તુળોમાં ચર્ચા મુજબ નાગા ચૈતન્ય તથા તેના પિતા નાગાર્જુન બંને સાથે મળીને સામંથાને રુબરુ ખબર પૂછવા જવાના છે. અગાઉ, સામંથાએ પોતાની બીમારીની જાહેરાત કરી ત્યારે તેને સૌથી પહેલો સધિયારો બંધાવનારામાં એક્સ દિયર અખિલ અક્કીનેનીનો પણ સમાવેશ થતો હતો. ફિલ્મ ઉદ્યોગમાં અનેક યુગલ છૂટા થયા પછી પણ મૈત્રીપૂર્ણ સંબંધો ચાલુ રાખે છે. જોકે, સામંથા અને નાગા ચૈતન્ય ભારે કડવાશ વચ્ચે છૂટાં પડયાં હતાં. અગાઉ, સામંથાએ જણાવ્યું પણ હતું કે તેમની વચ્ચેના સંબંધોમાં કોઈ સુમેળ રહ્યો ન હતો.





# શાહરૂખની ‘પઠાણ’માં હોલીવૂડ તથા બોલીવૂડની જૂની ફિલ્મોનાં દ્રશ્યો બેઠ-બેઠા ઉઠાવાયાં

શાહરુખ ખાનની આગામી ફિલ્મ ‘પઠાણ’નું ટીઝર તાજેતરમાં રિલીઝ કરાયું છે. પરંતુ, કેટલાક ચકોર સિનેચાહકોએ આ ટીઝરમાં પણ કેટલીય બોલીવૂડ તથા હોલીવૂડની જૂની ફિલ્મોનાં સીન્સ ફ્રેમ ટૂ ફ્રેમ ઉઠાવાયા હોવાની ચોરી પકડી પાડી છે. જેમકે ટીઝરમાં જ્હોન અબ્રાહમની એન્ટ્રીનો સીન સીધો રુસો બ્રધર્સની ‘કેપ્ટન અમેરિકાઃ દી વિંટર સોલ્જર’માંથી ઉઠાવાયો છે. શાહરુખ-દીપિકાનું એક દ્દશ્ય તથા આગના ગોળા વચ્ચે બાઈક લઈને આવતા શાહરુખનો સીન તો ‘પઠાણ’ના ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદે પોતાની જ ફિલ્મ ‘વોર’માંથી બેઠો ઉઠાવ્યો છે. એક સીનમાં બાઈક પર સવાર શાહરુખ ઊંચે ઊછળીને કાર પર બોમ્બ નાખતો બતાવાયો છે તે તો વર્ષો જૂની હિંદી ફિલ્મ ‘દસ’નાં સીનની બેઠી કોપી છે. શાહરુખ આકાશમાંથી નીચે ઉતરે છે તે સીનમાં પ્રભાસની ‘સાહો’ ફિલ્મની કોપી મારવામાં આવી છે.

આ ચોરીચપાટીનો ખેલ જોઈ શાહરુખની સાથે સાથે યશરાજ બેનરના ચાહકો પણ ભારે નિરાશ થયા છે. શાહરુખ જેવા એક્ટર તથા યશરાજ જેવાં બેનર પાસેથી આવી સસ્તી કોપી પેસ્ટની આશા ન હતી તેવો રોષ ચાહકોએ ઠાલવ્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા જ આજે કોંગ્રેસના નેતા હિમાંશુ વ્યાસે પક્ષમાંથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાશે કે આપમાં તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. જોકે, હિમાંશુ વ્યાસ બપોરે જ કમલમ ખાતે પહોંચી ગયા હતા અને કેસરીયો ધારણ કર્યો હતો. તેમણે આજે જ સવારે કોંગ્રેસમાં તમામ પદ પરથી રાજીનામુ આપી દીધુ હતું. હિમાંશુ વ્યાસ સામ પિત્રોડાના નજીકના મનાય છે. જ્યારે અગાઉ તેઓ બે વખત સુરેન્દ્રનગરની વઢવાણ બેઠક પરથી ચૂંટણી મેદાને ઝંપલાવી ચૂક્યા છે. બન્ને વખત તેમને ભાજપ સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# મોરબીના મામલે હાઈકોર્ટને એમ હતુ કે સરકાર કડક પગલા ભરશે...!



ગુજરાત | વંદન

મોરબીમાં ઝૂલતો પુલ તૂટવાની ઘટનાએ સમગ્ર ગુજરાતમાં હડકંપ મચાવી દીધો હતો. ક્ષમતા કરતા વધારે લોકોને એક સાથે પહેલાં પુલ પર ટિકિટો આપીને જવા દેવામાં આવે છે. અને બાદમાં અચાનક આ પુલ તૂટી પડે છે અને એકબાદ એક ટપોટપ લોકો મચ્છુ નદીમાં ગરકાવ થઈ ગયાં. આ ઘટનાએ નાના ભૂલકાઓથી માંડીને વડીલો સહિત કુલ 135 લોકોનો ભોગ લીધો. ત્યારે મોરબી હોનારત મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે.

ગુજરાત હાઈકોર્ટે મોરબી ઝૂલતા પુલની હોનારતની ઘટનાની ગંભીર નોંધ લઈને આ અંગે સુઓમોટો લીધી છે. આ કેસમાં હાઈકોર્ટે જણાવ્યું છે કે આ મામલે રાજ્ય સરકાર તરફથી કડક કાર્યવાહીની અપેક્ષા છે. સાથે જ ગૃહ વિભાગ, અર્બન હાઉસિંગ, મ્યુનિસિપાલિટી કમિશનર, હ્યુમન રાઈટ્સ સહિતના અધિકારીઓને પણ મોરબી ઝૂલતો પુલ તૂટવાની દુર્ઘટનામાં નોટિસ ફટકારવામાં આવી છે.

એટલું જ નહીં આજે મોરબી હોનારત મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હતી. સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે મોરબી હોનારત મામલે 14 નવેમ્બર સુધીમા જવાબ રજૂ કરવા હુકમ કર્યો છે. મોરબી ઘટનામાં 134 લોકોના મૃત્યુ મામલે પ્રસિદ્ધ સમાચાર અહેવાલો પણ ધ્યાનમાં લેવામાં રજિસ્ટ્રીને સૂચના આપવામાં આવી છે. વેકેશન પછી આજથી હાઈકોર્ટ ફરી શરૂ થઈ છે. કાર્યવાહીની શરૂઆતમાં મોરબી દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

ઉલ્લેખનીય છેકે, મહત્વનું છે કે 30 ઓક્ટોબરના દિવસે સાંજે 6:30 કલાકે મોરબીમાં ઝૂલતો બ્રિજ તૂટી પડ્યો હતો. જેમાં 135 લોકોના મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દુર્ઘટના બાદ તંત્રએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. મચ્છુ નદીમાં ડૂબી ગયેલા લોકોને બહાર કાઢવા માટે આર્મી, નેવી, એનડીઆરએફ, એસડીઆરએફ સહિત અનેક લોકો કામે લાગ્યા હતા. પાંચ દિવસ બાદ મોરબીમાં સર્ચ ઓપરેશન સત્તાવાર રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે.

## અમદાવાદમાં 44 ચોરસ મીટરમાં ફેલાયેલો છે લાંભા વોર્ડ...

# એક એવો વોર્ડ કે જેના મતદારો ચૂંટે છે 5 ધારાસભ્યો અને 4 સંસદ સભ્યોને..

### છતાં મતદારોની પ્રાથમિક સમસ્યાઓ ઠેરની ઠેર, રજૂઆત કોને-કોને કરવી...?

ગુજરાત | વંદન


ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે મુકાબલો છે. 1 અને 5 ડિસેમ્બરે મતદાન થશે. તમને જાણીને નવાઈ લાગશે કે અમદાવાદમાં એક એવો વોર્ડ છે જ્યાં લોકો 5 MLA, 4MPઅને 4 કાઉન્સિલર ચૂંટે છે. વાસ્તવમાં, નગરપાલિકા વોર્ડ લાંભાનું સીમાંકન એવું છે કે અહીંના લોકો વિવિધ વિધાનસભા અને લોકસભામાં વહેંચાયેલા છે. જો કે, આ લોકો માટે એક સમસ્યા છે. આ 44 ચોરસ કિમી વિસ્તારના લોકો પાસે ભલે ધારાસભ્યો, સાંસદો અને કાઉન્સિલરોની ફોજ હોય પરંતુ અહીંના લોકોની સમસ્યાનું નિરાકરણ કરવાવાળું કોઈ નથી. રસ્તા નથી, ગટર નથી, પાણીની વ્યવસ્થા નથી તમામ સાંસદો, ધારાસભ્યો અને કાઉન્સિલરો એકબીજા પર જવાબદારી નાખે છે.

આ વોર્ડ અનેક વિધાનસભા અને સંસદીય મતવિસ્તારોમાં વહેંચાયેલો છે, તેથી મતદારો તેમની ફરિયાદોનું નિરાકરણ મેળવવા માટે કયો દરવાજો ખટખટાવવો તેની મૂંઝવણમાં છે. લોકો સમસ્યાઓ લઈને રખડતા હોય છે પરંતુ તેનો ઉકેલ આવતો નથી.

### આ વિસ્તારો લાંભામાં મળે છે

વેજલપુર, દસ્ક્રોઈ, દાણીલીમડા, વટવા અને મણિનગર વિધાનસભા મતવિસ્તારના ભાગો લાંભામાં જોવા મળે છે. આ ઉપરાંત, ખેડા, ગાંધીનગર, અમદાવાદ પશ્ચિમ અને અમદાવાદ પૂર્વ લોકસભા મતવિસ્તાર લાંભા હેઠળ આવે છે.



### ‘સમસ્યા સાથે ક્યાં જવું, ખબર નથી’

લાંભાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્વતંત્ર કાઉન્સિલર કાલુ ભરવાડે જણાવ્યું હતું કે શહેરમાં આ તેમનો એકમાત્ર વોર્ડ છે જે આ અનેક વિધાનસભા અને લોકસભા મતવિસ્તારોમાં વહેંચાયેલો છે. ભરવાડે જણાવ્યું હતું કે, “આ વિભાગોને કારણે નાગરિકોને ઘણી મુશ્કેલી પડે છે કારણ કે તેઓ જાણતા નથી કે કોઈ સમસ્યા હોય તો કયા ધારાસભ્ય કે સાંસદનો સંપર્ક કરવો.” સત્તાની લાઈનની વિક્ષેપ લોકોને સરકારી યોજનાઓ અને ધારાસભ્ય અને સાંસદ અનુદાનના લાભોથી વંચિત રાખે છે, કારણ કે સામાન્ય રીતે નાના વિસ્તારોને પ્રાથમિકતા મળતી નથી.

### ‘ઔદ્યોગિક ક્ષેત્ર, પરંતુ વિકાસ નહીં’

લાંભામાં જ્યોતિનગર સોસાયટીમાં રહેતા 24 વર્ષીય રાહુલ પરમારે જણાવ્યું હતું કે, “તેને 2007માં AMCના અધિકારક્ષેત્રમાં લાવવામાં આવ્યું ત્યારે અમારો વોર્ડ 58 ચોરસ કિલોમીટરનો હતો. પરંતુ તે વર્ષે, વિધાનસભાની ચૂંટણી પહેલા સીમા સીમાંક નથી તેનો વિસ્તાર ઘટાડીને 44 ચોરસ કિમી થઈ ગયો.’ “એક દાયકાથી વોર્ડમાં રસ્તા, ગટર-પાણીનું નેટવર્ક સહિતની પાયાની સુવિધાઓ યોગ્ય રીતે નાખવામાં આવી નથી. રસ્તાઓનું નિયમિત સમારકામ થતું નથી. અમારી પાસે હજુ પણ સંપૂર્ણ ગટર નેટવર્ક નથી, વોર્ડનો મોટો ભાગ ઔદ્યોગિક વિસ્તાર છે.

### મણિનગર બેઠકનો સૌથી મોટો વિસ્તાર

સૈજપુર, પીપલાજ અને ગણેશનગર સહિત પાંચ મતદાન મથક દાણીલીમડા વિધાનસભા મતવિસ્તારનો ભાગ છે. લાંભાનો મોટો ભાગ 52 મતદાન મથકો સાથે મણિનગર વિધાનસભા બેઠક હેઠળ આવે છે. મતદારો માટે ચિંતાજનક બાબત એ છે કે અમદાવાદ પશ્ચિમ લોકસભા મતવિસ્તાર દાણીલીમડા અને મણિનગર સુધી વિસ્તરેલો છે.

### આ ગામ બન્યું 1989માં

લાંભા વોર્ડ કોંગ્રેસના પ્રમુખ ઘનશ્યામસિંહ પરમારે જણાવ્યું હતું કે, “લાંભા એકમાત્ર એવો વોર્ડ છે જેનું પ્રતિનિધિત્વ એક કરતા વધુ રાજકારણીઓ કરે છે પરંતુ નાગરિક સુવિધાઓની બાબતમાં અમારી પાસે કંઈ નથી. શાહવાડી, રાણીપુર અને નારોલ ગામો શરૂઆતમાં 1989માં ઈસનપુરમાં ભળી ગયા હતા, પરંતુ 2010થી લાંભા વોર્ડમાં છે. આ નવા વિસ્તારોમાં યોગ્ય ગટર નેટવર્ક, પાણી પુરવઠો કે રસ્તા નથી. સ્થાનિક રહેવાસીઓ નિવારણ માટે ક્યાં જાય છે?

સૌથી મોટી સમસ્યા અધિકારક્ષેત્રની છે. ઉદાહરણ તરીકે, લાંભામાં ગ્યાસપુર વેજલપુર વિધાનસભા બેઠક હેઠળ આવે છે. ઈન્દિરા નગર બ્લોક 1 અને 2 અને લક્ષ્મીપુરા ગામ સહિત 22 લાંભા મતદાન મથકો દસ્ક્રોઈ વિધાનસભા બેઠક હેઠળ આવે છે. વધુ ચોંકાવનારી વાત એ છે કે દસ્ક્રોઈ વિધાનસભા મતવિસ્તાર ખેડા લોકસભા મતવિસ્તાર હેઠળ પણ આવે છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

### એક સટોડિયાની અજબ ગણતરી: 1+5+8=14 અને 14 એટલે 1+4= 5 એટલે પંજો આવશે?! ચલ જુઠ્ઠા કહીં કા...

જિસકા મુઝે થા ઈન્તજાર....યસ, ગુજરાતની જનતાને જેનો હતો ઈન્તજાર તે વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે. મતદાનની તારીખ છે-1-12 અને 5-12. પરિણામની તારીખ છે 8-12. આ સટ્ટોડિયાઓ પણ અજબ છે. તેમને સટ્ટા માટે આંકડામાં જ રસ હોય તે સ્વાભાવિક છે. જે આંકડો દેખાય તેની અષ્ટમપષ્ટમ ગણતરી



કરીને સટ્ટો રમે. વાગે તો તીર નહીંતર તુક્કો અને મુક્કો...!

એક સટોડિયાએ આંકડા ગણ્યા. 1 તારીખે મતદાન, 5 તારીખે મતદાન અને 8 તારીખે પરિણામ. એટલે 1 વત્તા5 વત્તા 8 એટલે સરવાળો થયો 14 અને 14 એટલે 1 અને 4. અને 1 અને 4નો સરવાળો કરીએ તો થાય છે 5..પંજો.....એટલે આ વખતે પંજો કહેતા કોંગ્રેસ આવે છે એમ સટોડિયાઓની ગણતરી સાચી પડશે..?કોંગ્રેસવાળાને પણ પોતાના ઉપર વિશ્વાસ નથી કે ખરેખર પંજો આવશે કે કેમ..!

કોઈએ વળી 1-12..5-12ને જમીનના દસ્તાવેજ 7-12ની સાથે જોડીને ચીમકી પણ આપી કે 7-12માં નામ રાખવુ હોય તો 1-12...અને 5-12ના રોજ ભાજપને જ મત આપજો...! ચૂંટણીમાં આંકડાની અજબ છે માયાજાળ. અટકળો...અનુમાનો...આગાહીઓ...આ જીતશે... પેલા હારશે...ની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને કરી છે અપીલ- મારે આ વખતે આંકડાના બધા જ રેકોર્ડ તોડવા છે...! બોલો, ગુજરાત તમે છો તૈયાર...? 7-12ના ઉતારાની નકલની જેમ 8-12ના પરિણામની નકલો કહેશે-અબ કી બાર.....???

### અરે જીતને કે બાદ કોઇ તો પૂછો મતદાતા કા ક્યા હૈ હાલ ઔર કૈસી હૈ ચાલ...?!

ચૂંટણી આવી..શું શું લાવી...મતદારો માટે રેવડી લાવી કે બેવડી મોંઘવારી લાવી..?! લગ્નના ગીતો બને એમ ચૂંટણીમાં ફટાણા બનીને કેટલાક કવિરાજો-નવરારાજો પોતાનો બળાપો કાઢીને આત્મસંતોષ મેતા હોય. છે. ભલે મેળવે. એ બહાને તેમને એમ તો થાય કે મેં સરકારને કહ્યું. સરકારને કહેવુ જોઈએ કે પ્રજાને શું તકલીફ છે. પણ ચૂંટણીમાં હવે સરકાર તમારે દ્વાર...ની જેમ તમારે ત્યાં એટલે કે જે 5 ડિસેમ્બર સુધી જે સિંહાસન વગરના રાજા છે એ મતદારોના દ્વારે દ્વારે ઢુંઢુ રે સાંવરિયા...ની જેમ શોધતા આવીને મંત્રીઓ હાલ-ચાલ પૂછશે...બધુ બરાબર છે ને... કાંઈ તકલીફ તો નથી ને...કંઈક કાઉમ હોય તો કહેજો..અઢદી રાત્રે મારા



ઘરના દરવાજા ખુલ્લા છે...તમારો કિંમતી અને પવિત્ર વોટ મને જ આપજો...! અડધી રાત્રે દરવાજા ખુલ્લા છે એમ કહેનાર જીતીને સરકારમાં મંત્રી બને કે ધારાસભ્ય ત્યારે કેવુ ચિત્ર ઉપસે છે- મંત્રીઓના નિવાસની બહાર છેક દૂર ઝાંપે જ સિક્યુરીટીનો સામનો- કોનુ કામ છે...સાહેબ નથી...પ્રવાસમાં છે...! દરવાજા બંધ અને ખુલશે 5 વર્ષ પછી...વો હી રફતાર..બેઢંગી ચાલ... અરે જીતને કે બાદ કોઈ તો પૂછો મતદાતા કા ક્યા હૈ હાલ ઔર કૈસી હૈ ચાલ...?! (પ્ર.ધ.)

### રાઘવ ચટ્ઠા અને પૂર્વ ક્રિકેટર હરભજનસિંહ ગુજરાતમાં સભાઓ ગજવશે

# ‘આપ’ના ગોપાલ ઈટાલિયા સુરતના કતારગામથી, ઈશુદાન ગઢવી દ્વારકા?

### ‘આપ’ના બે મોટા નેતાઓ ચૂંટણી જંગના મેદાનમાં



ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીએ કુલ 159 ઉમેદવારો જાહેર કરી દીધાં છે. તેમાં આજે પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા ક્યાંથી ચૂંટણી લડશે તેની જાહેરાત કેજરીવાલે ટ્વિટ કરીને કરી છે. ગોપાલ ઈટાલિયા સુરતની કતારગામ બેઠક પરથી તેમજ મનોજ સોરઠિયા કરંજ બેઠક પરથી ચૂંટણી લડશે.

દરમ્યાનમાં, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ચારેય પક્ષો તરફથી પ્રચાર પુર જોશમાં ચાલી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા સ્ટાર પ્રચારકો જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં યુવા નેતા રાઘવ ચઢ્ઢા અને પૂર્વ ક્રિકેટર હરભજનસિંહ ગુજરાતમાં સભાઓ ગજવશે. બીજી બાજુ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પૂર્ણ થઈ ગઈ છે અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે દિલ્હીમાં મીટિંગ પણ કરી લીધી છે. કોંગ્રેસની હજી 43 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાઈ છે. તેમાં પણ અનેક જગ્યાએ વિરોધ શરૂ થઈ ગયો છે. ગઈકાલે 50 વર્ષ સુધી પાર્ટી સાથે જોડાયેલા મોહનસિંહ રાઠવાએ કોંગ્રેસ છોડીને ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. વડોદરામાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું હતું કે, કેજરીવાલ જાદુગર છે લોકોમાં ભ્રમ ઉભો કરે છે. ગુજરાતની પ્રજા તેમની માયાજાળમાં ફસાશે નહીં.

## કોંગ્રેસના પ્રચાર માટે ગુજરાત આવશે ખડગે

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારિખોની જાહેરાત બાદ ચૂંટણી પ્રચાર તેજ થઈ ગયો છે. ભાજપ-કોંગ્રેસ અને AAPના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાત પ્રવાસે છે. આ સાથે જ કોંગ્રેસના નવનિયુક્ત અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગે પણ



કોંગ્રેસના પ્રચાર માટે ગુજરાત આવશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. તેમજ, આમ આદમી પાર્ટીએ તેના સ્ટાર પ્રચારકોની યાદી પણ જાહેર કરી છે. જેમાં એક સમયે ભારતીય ટીમના અનુભવી ખેલાડી હરભજન સિંહનું નામ પણ સામેલ છે.

## Social Media




/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય
ગુજરાત વંદન

## ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ “ગુજરાત વંદન” સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂ.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર + ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર



વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન
Hair & Nails Studio